સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

**વિશ્વ પાટીદાર સમાજ**



વર્ષ ૬ • અંક ૭ • ૧ ફેબ્રુઆરી, ૨૦૨૧


એક વિચાર



## સ્ત્રીઓની ઉન્નતિ અંગેનો સંદેશ

સીતા ભારતનાં સાચાં નારીત્વના પ્રતિનિધિ છે.

## સરદાર સાહેબની રમૂજવૃતિ



## નોબલ પારિતોષિક વિજેતા-૨૦૨૦



ગુજરાતની સૌથી મોટી અર્બન કો-ઓપ. બેંક

કાલુપુર બેંક

ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના : ૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

# સોલર રૂફટોપ સિસ્ટમ માટે ધિરાણ

(For Captive Consumption)




નાણાંની બચત
પર્યાવરણની જાળવણી

# MSME ટેકઓવર સ્કીમ

(ગોલ્ડન જ્યુબીલી વેલકમ સ્કીમ)

- હાલ ચાલુ વ્યાજદર કરતા ૧% ઓછા વ્યાજદરે ધિરાણ
- '૦' પ્રોસેસીંગ ફી -પ્રથમ વર્ષ માટે
- ઝડપી અને સરળ ધિરાણ

વ્યાજદર : 7.50*%

design copper

7378309191 (MISSED CALL) • 1800 233 99999 (TOLL FREE) • www.kalupurbank.com

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

Network 59 Branches 62 ATMs

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬

E-mail : info@kalupurbank.com

## સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

### મિશન-૨૦૨૬ અંતર્ગત

**બિલ્ડિંગ પ્રોજેક્ટ**
(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ માટે પરવડે તેવાં સુવિધાયુક્ત છાત્રાલયનું નિર્માણ કરવું)

**GPSC / UPSC / Defence**
**સિવિલ સર્વિસ સેન્ટર**

**ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS)**
**૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬**

**ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)**

**યુવા તેજ / તેજસ્વિની સંગઠન**

સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ



**તંત્રી**

ગગજી સુતરિયા

**પરામર્શક સમિતિ**

**એચ. એસ. પટેલ** (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

**ટી.જી. ઝાલાવાડિયા**
ઉપપ્રમુખ, સરદારધામ

**સહતંત્રી**

ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

**સંપાદક**

કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :

7575001428

**નોંધ**

આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ



**મુખ્ય કાર્યાલય**

**સરદારધામ**

એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧

ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ



Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**


## તંત્રીલેખ

# એક કદમ સમૃધ્ધિ કી ઓર

**અમારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

સમાજ આર્થિક, સામાજિક અને જાહેર ક્ષેત્રે મજબૂત સ્થિતિમાં હોવો જોઇએ. પાટીદાર સમાજ ખાસ કરીને ગામડાંઓમાં મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યો છે અને તેમાંથી મહદ્ અંશે શહેરોમાં સ્થળાંતર થયેલ છે. તેમાં અમુક વર્ગે ધંધા-ઉદ્યોગ ક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી છે, પણ શહેરોમાં ૨૫ થી ૩૦% વર્ગ ઘણી આર્થિક, સામાજિક મુશ્કેલીઓમાં જીવન વ્યતીત કરી રહ્યો છે. ગામડાંમાં પણ ખેતીના ટુકડા થવાથી ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાં આર્થિક જીવન પસાર કરી રહ્યા છે. સામાજિક સંસ્થાઓએ સામાજિક કામો ઉપરાંત આર્થિક અને જાહેર ક્ષેત્રે સમાજ અને સમાજના યુવાનો આગળ વધી શકે તે માટે પ્લેટફોર્મ તૈયાર કરવું પડશે, જે સમાજનો દરેક વર્ગ આર્થિક રીતે સધ્ધર હશે તે સમાજ જ સામાજિક અને જાહેર ક્ષેત્રે પ્રસ્થાપિત થઈ શકશે. એટલે સમાજે નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા, નાના-મોટા ઉદ્યોગપતિઓને આગળ વધવા માટેનું પ્લેટફોર્મ તૈયાર કરવું, ખાનગી જાહેર સાહસો અને સરકારી સેવાઓમાં મેનેજરથી માંડી IAS, IPS સુધીની ભરતીમાં મોટાભાગના યુવાનો પસંદ થાય તે માટેની કામગીરી પણ મોટા પાયા ઉપર શરૂ કરવી પડશે. એટલે જ સરદારધામે ૨૦૧૮માં ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરેલ તેમજ ૨૦૨૦માં ગાંધીનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડમાં મોટા પાયે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ યોજીને લાખો લોકોને તેનો લાભ અને માર્ગદર્શન પૂરાં પાડ્યા.

મિશન ૨૦૨૬ અંતર્ગત, ૨૦૨૨માં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન સુરત ખાતે, ૨૦૨૪માં રાજકોટ ખાતે અને ૨૦૨૬માં USA ખાતે યોજવાનું નક્કી કરેલ છે. ગુજરાતના મોટાભાગના જિલ્લામાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO) ચેપ્ટર, ઉદ્યોગ સાહસિક કેન્દ્રો, તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સિવિલ સર્વિસ કેન્દ્રો પણ સરદારધામ દ્વારા શરૂ કરવામાં આવ્યા છે અને અન્ય પાટીદાર સંસ્થાઓ સાથે MOU કરીને પણ આવા કેન્દ્રો શરૂ કર્યા છે. જેના પરિપાકરૂપે ૧ લાખ યુવા યુવા તેજ/તેજસ્વિની સરદારધામ સાથે જોડાયા છે તથા ૧૪૦૦૦થી વધારે બિઝનેસમેનોનું GPBOનું ઓર્ગેનાઇઝેશન શરૂ થયેલ છે અને GPBOના ૧૪ ચેપ્ટર્સ દ્વારા પાટીદાર યુવા બિઝનેસમેન અલગ-અલગ શહેરોમાં અલગ-અલગ ધંધામાં સહયોગી બન્યા છે અને તેનો ઉપયોગ આર્થિક ક્ષેત્રે હરણફાળ ભરવામાં શરૂ કરેલ છે. આ જ રીતે સમગ્ર પાટીદાર સમાજ આર્થિક, સામાજિક અને જાહેર ક્ષેત્રના કામોને પ્રાયોરિટી આપે તે સમયની માંગ છે તેમજ આગેવાનોનો ધર્મ પણ છે.

જય સરદાર, જય હિંદ...

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


વલ્લભભાઈની રમૂજવૃત્તિ — રાજમોહન ગાંધી — ૬

લોકોપયોગી માર્ગદર્શન — એચ. એસ. પટેલ — ૨૫

એક શામ યુવાશક્તિ કે નામ — ટીમ સરદારધામ — ૧૦

આરોગ્યની ચાવી — ગાંધીજી — ૨૭

સ્ત્રીઓની ઉન્નતિ — સ્વામી વિવેકાનંદ — ૧૨

નોબલ પારિતોષિક — ટીમ સરદારધામ — ૩૦

વીસ વર્ષનો ડોસો, એંસી વર્ષનો યુવાન ! — પદ્મશ્રી ગુણવંત શાહ — ૧૬

કચરામાંથી સોનું — વૃંદા મનજીત — ૩૫

પર્યાવરણ — સ્વામી સચ્ચિદાનંદ — ૧૯

HUF દ્વારા અનુગામી આયોજન — CA દીપાલી કાનાણી — ૩૯


## નવરચિત ટીમ સરદારધામ

**ઉપપ્રમુખ**
નટુભાઈ એમ. પટેલ
દિલીપભાઈ એમ. પટેલ - ઉત્તર ગુજરાત
(માનદ્ મંત્રી-ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા)
પારૂલભાઈ એલ. પટેલ - મધ્ય ગુજરાત
CA વિષ્ણુભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
જશવંતભાઈ એ. પટેલ
કાંતિભાઈ એલ. ગઢિયા
કાનજીભાઈ કે. પટણી - મુંબઈ ઝોન
દિયાળભાઈ કે. વાઘાણી - દક્ષિણ ગુજરાત
પરેશભાઈ એમ. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન
ટી. જી. ઝાલાવાડિયા (DY.MC-Retd.)
પ્રો. ડો. જાગૃતિબેન જે. પટેલ - કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

**મંત્રી**
CA બી. કે. પટેલ - માનદ્ મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - નાણામંત્રી
રમેશભાઈ એ. પટેલ - મધ્ય ગુજરાત
સંજયભાઈ કે. સવાલિયા - બાંધકામ
ભરતભાઈ એચ. રાદડિયા - સમાજ સુરક્ષા
કાંતિભાઈ એમ. ભાવાણી - મુંબઈ ઝોન
મંગળદાસભાઈ જે. પટેલ - ઉત્તર ગુજરાત
મહેન્દ્રભાઈ એલ. પટેલ - સામાજિક સંકલન
મહેન્દ્રભાઈ કે. ફળદુ - સૌરાષ્ટ્ર ઝોન

**ઔદ્યોગિક સંકલન મંત્રી**
કે. આઈ. પટેલ
વિપુલભાઈ વી. ગજેરા (ભરૂચ-અંકલેશ્વર)
કિશોરભાઈ વી. વિરમગામા
અબજીભાઈ કે. ધોળુ
ઘનશ્યામભાઈ સી. બોરડ - મધ્ય ગુજરાત
કાંતિભાઈ વી. ભુવા
(નડિયાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર)
હર્ષદભાઈ જે. પટેલ - સંગઠન મંત્રી
સહનાણામંત્રી - GPBO - યુથ કન્વીનર
ભાવિનભાઈ આર. પટેલ

**માર્ગદર્શક**
રામજીભાઈ એસ. ઈટાળિયા - દક્ષિણ ગુજરાત
કાંતિભાઈ એન. પટેલ (રામ)
ડો. દશરથભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
છગનભાઈ એચ. આરદેશણા - મધ્ય ગુજરાત
નાથાભાઈ એમ. કાલરિયા - સૌરાષ્ટ્ર ઝોન
મહેન્દ્રભાઈ વી. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના IAS (Retd.)

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ IAS (Retd.)

**એડવાઈઝર - સમાજ સુરક્ષા**
ડી. જે. પટેલ IPS (Retd.)

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર-મધ્ય ગુજરાત**
વી. એમ. સોનાવણે IAS (Retd.)

**માનદ્ સલાહકાર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર - રાજકોટ**
જે. કે. પટેલ

**માનદ્ સલાહકાર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર-રાજકોટ**
શૈલેષભાઈ સગપરિયા

**સંયોજક**
મનોજભાઈ ટી. ડોબરિયા

**પ્રોજેક્ટ ચેરમેન**
એમ. બી. ભાલાળા

**પ્રોજેક્ટ ઈન્ચાર્જ**
રામભાઈ એમ. શેલડિયા

**પ્રમુખ સેવક**
ગગજી જી. સુતરિયા


**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ
અને ગાંધીજીના પૌત્ર

# વલ્લભભાઈની રમૂજવૃત્તિ


ઉંમર થતી હોવા છતાં સરદાર વલ્લભભાઇ પટેલના આત્મવિશ્વાસમાં, તેમની વ્યવહારબુદ્ધિમાં કે તેમની રમૂજવૃત્તિમાં જરા પણ ઘટાડો થયો ન હતો. ખમીર તૂટી રહ્યાનું એક કાર્યકરે લખ્યું, ત્યારે સરદાર વલ્લભભાઇએ જણાવ્યું કે “કદાચ ભગવાન આપણું અભિમાન તોડવા માગતો હશે.” નિરાશ થઈ ગયેલા અનેક પત્રલેખકોને તેમણે વારંવાર યાદ કરાવ્યું કે “રાત પછી સવાર પડ્યા વગર રહેતી નથી.”

નડિયાદના ફૂલચંદ બાપુજી શાહ નામના જૂના સાથીના અવસાનના સમાચાર જાણ્યા, ત્યારે બેળગાંવ જેલમાં રહેલા મણિબહેનને તેમણે ફૂલચંદ ગયાના વિગતવાર સમાચાર મોકલી આપ્યા. અધરાતે મરણ આવ્યું, ત્યારે તેમનાં પત્ની, દીકરો, બીજાં સગાંઓ અને સાથીઓ બધાં ગેરહાજર હતાં. ફૂલચંદની ભલમનસાઇ અને લાંબી સેવાઓ યાદ કરીને સરદારે સગાંઓની વ્યર્થતા દર્શાવતી ગુજરાતી કડી ટાંકી:

**કોનાં છોરુ ને કોનાં વાછરું ?**
**કોનાં મા ને કોના બાપ ?**
**અંતકાળે જાવું એકલા,**
**સાથે પુણ્ય ને પાપ.**

એકલતાનો કંટાળો ટાળવા માટે વલ્લભભાઇ કેટલીક વખત પોતાના પત્રલેખકો અને સેન્સર અધિકારીઓ માટે શબ્દોની રમત લખતા. મુંબઈના આગેવાન નરીમાન નારી માટે માન ધરાવનાર, જમનાદાસનું નામ જમના નદીના દાસ અને જાનકીદેવી બજાજ જાનકી સાથેની દેવીઓ બની જતાં.

સન ૧૯૩૪ના જાન્યુઆરીમાં બિહારમાં ભયંકર ધરતીકંપ થયો.તેને કારણે નવા બોજ ઉપાડવાની સરદાર વલ્લભભાઈની શક્તિ સાબિત થઈ. બિહારમાં અનેક કસબાઓનો વિનાશ થયો. પૂરને કારણે, મોટી તિરાડોને લીધે અને ચૂંથાઈ ગયેલા રેલવે પાટાઓને પરિણામે બિહારની ધરતી વિકૃત બની ગઇ. હજારો લોકો મરી ગયા. બિહાર પહોંચી જઈને રાહતકાર્ય ઉપાડી લેવાની



અદમ્ય ઈચ્છા વલ્લભભાઈના મનમાં જાગી. અનેક કાગળોમાં તેમણે પોતાની ભાવના ઠાલવી છે. “ બે વરસમાં માત્ર આજે જેલ મને કઠે છે.” તેવું તેમણે સ્વામી આનંદને લખ્યું છે. સન ૧૯૨૭માં ગુજરાતમાં આવેલા પૂર સામે પોતે કરેલા પ્રયાસ યાદ કરીને તેમણે જણાવ્યું કે બિહારની આફતની સરખામણીમાં આ તો નગણ્ય કહેવાય. તેમણે આગ્રહ કર્યો કે બીજાં બધાં કામ પડતાં મૂકી દઈને કેવળ બિહાર રાહત માટે વાતો કરવી અને તેને એકમાત્ર પ્રવૃત્તિ બનાવી દેવી. શું કરવું જોઇએ તે હકીકત ચોખ્ખીચટ રીતે સરકારને કહી શકે તેવો કોઈ માણસ આજે બિહારમાં નથી, તે માટે તેમણે બળાપો ઠાલવ્યો. અનાજ, કપડાં અને ધાબળા ભરેલી ખાસ ગાડીઓ મુંબઇથી બિહાર પહોંચે તેવાં સ્વપ્ન સેવ્યાં અને રાહતકાર્ય માટે સરકારે જેલમાંથી છોડેલા રાજેન્દ્રપ્રસાદની નરમાશ માટે અફસોસ દર્શાવ્યો.

જેલમાંથી પોતાની ઉગ્ર અને કડવી ટીકાઓ લખી મોકલનાર વલ્લભભાઇને ધરતીકંપનો ભોગ બનેલા લોકો માટે રાજેન્દ્રપ્રસાદ, બિહાર કૉંગ્રેસ સમિતિ અને સરકારે જ ભગીરથ કામ કર્યું, તેની જાણકારી ક્યાંથી હોય ? તેમની કેટલીક

ટીકાઓ ગેરવાજબી હતી. પોતાના પ્રદેશ કરતાં દૂર પડેલા આ પ્રાંત પર આવી પડેલી મહાભયંકર આફત સાથે બાથ ભીડવાની તક મેળવવા માટે ‘ વૃદ્ધત્વ તરફ ઘસડાતા ‘ વલ્લભભાઇ તલપાપડ થઈ રહ્યા હતા.

ગુજરાતના અને ખાસ કરીને રાસ ગામના ખેડૂતોની વાત તેમના મનમાં સતત રમતી હતી. બધી બાબતો પડતી મૂકીને બિહારને પ્રાધાન્ય આપવાની સલાહ આપ્યા છતાં પણ રાવજીભાઇ ત્યાં મદદ આપવા પહોંચી ગયા છે, તેવું જાણીને તેમણે નારાજી દર્શાવી. રાસ ગામના લોકો માટે બળતણ અને છોકરાઓ માટે સ્કોલરશીપ મેળવવા માટે આશાભાઇ પટેલ ખૂબ મહેનત કરી રહ્યા છે, તે વલ્લભભાઇ જાણતા હતા. સરદારે રાવજીભાઇને લખ્યું કે “તમે બધા ત્યાં (બિહાર) જઈને બેઠા છો, પણ સત્યાગ્રહની પ્રતિજ્ઞા પાળવા માટે બધું ગુમાવી બેઠેલા માણસ તદ્દન એકલા પડી ગયા છે તે મને જરા પણ ગમતું નથી. પણ ભગવાનની જેવી મરજી.” નાસિક ખાતેની જેલમાં સાથે હતા તે છગનલાલ જોશી પર ૧૩-૨-૩૧ના રોજ લખાયેલા કાગળમાં વલ્લભભાઇને પોતાના સાથીઓ અને સહકાર્યકરો કેટલો રસ હતો તે જણાઇ આવે છે. આ કાગળમાં તેમણે ૪૪ વ્યક્તિઓનાં નામ લખ્યાં છે.

ગાંધીજીનો વલ્લભભાઇ પર પત્ર, નવેમ્બર ૧૯૩૩: **તમે મારી બાજુમાં નથી, તે મારી મોટી મુશ્કેલી છે તેથી દ્રોણાચાર્યે નકાર્યા પછી તેમની માટીની મૂર્તિ સમક્ષ રાખીને બાણાવળી બનેલા એકલવ્યનું અનુકરણ કરી રહ્યો છું. હું દરરોજ તમારી માનસમૂર્તિ ઘડું છું અને મારી સમસ્યાઓ તેની પાસે રજૂ કરું છું.**

દર અઠવાડિયે ગાંધીજી અને વલ્લભભાઇ એકબીજાને કાગળો લખતા. સન્ ૧૯૩૩ના વરસનો મોટો ભાગ અને સન ૧૯૩૪ના શરૂઆતના મહિના કસ્તૂરબા જેલમાં હતાં. તેમની સંભાળ રાખવા માટે વલ્લભભાઇ વારંવાર ગાંધીજીને ટકોર કરતા. ગાંધીજી જવાબમાં લખતા કે, “હું બાને પત્રો લખીશ. બાને એક કાગળ દર અઠવાડિયે ચોક્કસ જ મોકલીશ.”

ગાંધીજીના પત્રોમાં વલ્લભભાઇની નાકની અને પેટની બીમારીના ઉલ્લેખો છે અને વલ્લભભાઇના દરેક પત્રમાં ગાંધીજી માટેની ચિંતા દર્શાવાઈ છે. મહાત્મા ગાંધીજીએ એક પત્રમાં લખ્યું છે, “તમે મારા પર સતત નજર રાખી રહ્યા છો તે હું જાણું છું. તેનાથી ઘણાં જોખમોમાંથી મારો ઉગારો થશે. આ કાગળ સવારે પોણા ત્રણ વાગે લખું છું, તે જાણીને તમે ગુસ્સો કરશો નહી ને?”


આગાથા હેરિસન
ગાંધીજી સાથે

કેટલીક વખત જીવંત વ્યક્તિઓ બંને વચ્ચે કડીરૂપ બનતી. આગાથા હેરિસન નામનાં અંગ્રેજ ક્વેકર બાઈ ભારત અને બ્રિટન વચ્ચે સમાધાન કરાવવા મહેનત કરતા હતા. બિહારમાં ગાંધીજી પાસે જવા અગાઉ હેરિસન નાસિક જેલમાં બે વખત વલ્લભભાઇને મળ્યાં. ચૌદ વરસ પછી આ બે મુલાકાતનાં સંભારણાં હેરિસને આલેખ્યાં છે.

હેરિસનનો વલ્લભભાઇ પર પત્ર, : બિહારમાં ગાંધીજીને મળવા ગઇ, ત્યાર પહેલાં નાશિક જેલમાં તમને મળવા આવી હતી, તે તમને યાદ છે ? આને કારણે પટણા પહોંચવામાં મને મોડું થયું, ગાંધીજીએ મોડા પડવાનું કારણ પૂછ્યું, ત્યારે મેં કહ્યું કે “તમારા મિત્રને મળવા ગઇ હતી.” મેં આ કહ્યું ત્યારે ગાંધીજીના ચહેરા પર જે ભાવ ઊમટી આવ્યા તે હું કદી ભૂલીશ નહી.

સન ૧૯૩૩ના ઑક્ટોબરમાં મણિબહેન, ડાહ્યાભાઇનો છોકરો બિપિન (બાબો) અને અંબાલાલ સારાભાઇનાં દીકરી મૃદુલાબહેન વર્ધામાં થોડો વખત ગાંધીજી જોડે રહ્યાં. ગાંધીજીએ વલ્લભભાઇને જણાવ્યું, “ બાબો પૂરેપૂરો તંદુરસ્ત છે.” મણિબહેન અને મૃદુલા બેળગાંવ જેલમાં સાથે હતાં અને બંને વચ્ચે દોસ્તી જામી હતી. થોડાં અઠવાડિયાં છૂટાં રહ્યાં પછી મણિબહેને ફરી ધરપકડ વહોરી લીધી. તે વખતે કસ્તૂરબા સાથે હતાં, પણ કસ્તૂરબાને સાબરમતીમાં રાખ્યાં અને મણિબહેનને ફરી બેળગાંવ મોકલવામાં આવ્યાં.

વલ્લભભાઇનો મણિબહેન પર પત્ર, તમે તમારા ઠેકાણે પહોંચી ગયા છો તેવું મેં છાપામાં વાંચ્યું. બહાર હતાં ત્યારે પણ તમને પૂરી શાંતિ મળી નથી. પણ ડાહ્યાભાઇ અને બાબા સાથે થોડો વખત ગાળી શક્યાં તેનાથી તેમને ઘણું સારું લાગ્યું છે. તમે છોડી ગયાં તે બાબાને જરા પણ ગમ્યું નથી, પણ એ તો બાળક છે, થોડા દિવસમાં ભૂલી જશે.

આ કાગળ લખાયો તે પહેલાં થોડા દિવસ અગાઉ ગોરધનભાઇ પટેલ વલ્લભભાઇને મળ્યા હતા અને વિઠ્ઠલભાઈનું વસિયતનામું તેમને બતાવ્યું હતું. સુભાષને અપાયેલી અસ્કામત ઉપરાંત વિઠ્ઠલભાઇએ રૂ.૧૦,૦૦૦



કાશીભાઈને અને થોડા શેર સોમાભાઈના દીકરા મણિભાઈને આપ્યા હતા. મણિબહેન અથવા ડાહ્યાભાઈ માટે કશું ન હતું. મણિબહેનને આ હકીકતો જણાવીને સરદારે ઉમેર્યું કે " આ ઉપરાંત દોઢ લાખ જેટલી રકમ તેમણે ધર્માદા માટે મૂકી છે તે સારું થયું છે." સન ૧૯૩૩ના નવેમ્બરમાં ગાંધીજીએ હરિજનો માટે પ્રવાસ આદર્યો, અને " ઠેર ઠેર લોકોનાં ટોળાં ઊભરાયાં" તેવું ગાંધીજીએ વલભભાઈને લખ્યું છે. આ પ્રવાસમાં બેળગાંવનો સમાવેશ હતો, તેથી મણિબહેનને મળાશે તેવી આશા ગાંધીજીને હતી. પણ પરવાનગી મળી નહી. ગાંધીજીએ વલ્લભભાઈને લખ્યું કે બેળગાંવમાં બે દિવસ હતો, છતાં મણિને મળાયું નહી તે બહુ કડવું લાગે છે."

નાસિક જેલના કેટલાક રાજકીય કેદીઓએ ભરેલું પગલું વલ્લભભાઈને ગમે તેવું ન હતું. વલ્લભભાઈને તેની ખબર પણ ન હતી. સન ૧૯૩૪ની વસંતઋતુમાં તેમણે કૉંગ્રેસના એક જૂથ તરીકે કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના કરી. થોડા સમય પછી વલ્લભભાઈ તેમને "સૂત્રો, પંડિતચર્ચા અને શબ્દજાળ" માટે વખોડી કાઢવાના હતા. સમાજવાદીઓ પોતાની યોજના ઘડી રહ્યા હતા ત્યારે ગાંધીજી પોતાની યોજના ઘડતા હતા. મર્યાદિત અસહકાર સમાપ્ત થયાની ઘોષણા ગાંધીજીએ ૧૯૩૪ના એપ્રિલમાં કરી ત્યારે વલ્લભભાઈ ચોંકી ઊઠયા. પોતે ગમે ત્યારે કાયદાભંગ કરશે પણ બીજા બધાએ તેનો ત્યાગ કરવો, તેવું ગાંધીજીએ કહ્યું. જે લોકો ધારાસભામાં જવા ઇચ્છતા હોય, તેમને કૉંગ્રેસે પરવાનગી આપવી જોઇએ, તેવી દરખાસ્ત તેમણે રજૂ કરી.

મણિબહેન પર લખેલા પત્રમાં આ જાહેરાતને વલ્લભભાઇએ "બાપુએ ફેંકેલા બૉમ્બ" તરીકે વર્ણવી છે. આ નિર્ણયથી પોતે "ગૂંચવાયા" હોવાનું અને "દુઃખી" થયાનું તેમણે ગાંધીજીને જણાવ્યું. આ જાહેરાત તો સ્વરાજ પક્ષના નવા અવતાર જેવી ગૂંચવનારી હતી. " લોકોને અપાયેલું હથિયાર ગાંધીજીએ છીનવી લીધું છે." ઉત્તર ભારતમાં કારાવાસ ભોગવતા જવાહરલાલનો પ્રતિભાવ પણ આવો જ હતો. પણ જેલની બહાર રહેલા કૉંગ્રેસીઓએ ગાંધીજીને ટેકો આપ્યો. આ લડત મોકૂફીથી "અત્યારે થાકી ગયેલા અસહકારીઓને થોડો આરામ મળશે. તેવી તેમની ગણતરી હતી, અને ફરી વખત ગમે ત્યારે લડત શરૂ થાય, તે માટે સત્યાગ્રહીઓ " વધારે મજબૂત અને વધારે સજ્જ થશે." તેવી તેમની દલીલ હતી. તેમણે સરદાર વલ્લભભાઇનો અજંપો શાંત કરવાની મહેનત કરીઃ

ગાંધીજીનો વલ્લભભાઇ પર પત્ર, તમારા પત્રોમાં તમારી વેદના હું જોઈ શકું છું. ધીરજ રાખજો. છેવટે બધું બરાબર થઈ જશે તેવું તમે જાતે જોઇ શકશો. સ્વરાજ પક્ષ ફરી જીવતો થશે તે સમજવું સહેલું છે. રોજ જલેબીનાં સ્વપ્ન જોનાર માણસ એક વખત જલેબી ખાઇને તેના વાસ્તવિક સ્વાદનો અનુભવ લઈ લે, તો તે સારું થાય, તેવું તમને નથી લાગતું ? જે લોકો રોજ રોજ મનમાં ને મનમાં ધારાસભામાં જતા હોય છે તેમને ત્યાં જવા દેવા જોઇએ. મેં હથિયાર છીનવી લીધું નથી, પણ તેનો પ્રભાવ સાબિત કરવા માટે તેનો ઉપયોગ કરવાનું મોકૂફ રાખ્યું છે.

બેળગાંવમાં મણિબહેન પણ પોતાના પિતાના જેવી જ શંકા સેવતાં હતાં. તેમના પર વલ્લભભાઇએ લખ્યુંઃ આ નિર્ણય સમજવો ઘણો મુશ્કેલ છે, પણ આપણા જેવા જેલમાં બેઠેલા લોકોએ આવા કોયડા ઉકેલવાની મહેનત કરવામાં સમય બગાડવાની જરૂર નથી. જેલની બહાર ગયા પછી જે બનતું હશે, તેમાં આપણે પણ રસ લેવો પડશે...એક બાબત સ્પષ્ટ છે કે અત્યાર સુધી ચાલતું હતું તેમ હવે ચાલવાનું નથી. ભગવાનની જેવી મરજી.

લડત મોકૂફીમાં રહેલી નામોશી સહન કરવાનું આ સ્વમાની પાટીદાર માટે મુશ્કેલ હતું. રાસ જેવા ગામમાં લડતના

ટીકાકારો સત્યાગ્રહીઓને નિષ્ફળ યાતના વેઠવા અંગે મહેણાં મારશે તે નક્કી હતું. પણ યરવડાની વાતચીતો દરમિયાન ધારાસભાઓ કબજે કરવી જરૂરી છે, તે બાબતમાં વલ્લભભાઇ ગાંધીજી જોડે સહમત થયા હતા. સ્વરાજ પક્ષના લોકો હોદ્દાઓ ભોગવે અને સત્યાગ્રહીઓ પાસે કેવળ કડવી યાદગીરી રહી જાય, તેવી સંભાવના તેમને ગમતી ન હતી. નવી ગોઠવણ અનુસાર સત્તા પોતાના હાથમાં આવવાની છે, તેની વલ્લભભાઇને કલ્પના પણ ન હતી. તાજેતરમાં છૂટેલા રાજાજી તથા અન્ય આગેવાનોના આગ્રહને કારણે ગાંધીજીએ કબૂલ કર્યું હતું કે આ વખતે કૉંગ્રેસના વતી સ્વરાજ પક્ષ નહીં પણ ખુદ કૉંગ્રેસ જ ધારાસભામાં પ્રવેશ કરશે. આ હકીકત પણ સરદાર વલ્લભભાઇ જાણતા ન હતા.



પ્રમુખ વલ્લભભાઇ જેલમાં હતા છતાં કૉંગ્રેસ મહાસમિતિની બેઠક મે મહિનાના ત્રીજા અઠવાડિયામાં પટણામાં મળી. આ એક સંસ્થા સરકારી પ્રતિબંધથી બચી ગઈ હતી. મહાસમિતિએ સત્યાગ્રહ મોકૂફીને અનુમોદન આપ્યું અને કૉંગ્રેસ સીધી રીતે ધારાસભામાં પ્રવેશ કરશે, તેવી જાહેરાત કરવામાં આવી. આ નવી વિચારણા રાજાજીએ વ્યક્ત કરી.

આત્મબલિદાનનું આંદોલન પાછું ખેંચી લેવું ક્યારેક જરૂરી થઈ પડે છે અને તેમાં શરમ અનુભવવાનું કારણ નથી. સન ૧૯૨૨માં હતી તેના કરતાં આજે પરિસ્થિતિ જુદી છે. હવે આપણે કૉંગ્રેસ વતી ચૂંટણીઓ લડવી જોઇએ. ભવિષ્યમાં જરૂર પડે તો કૉંગ્રેસને સત્યાગ્રહની લડત ઉપાડતાં કોઇ રોકી શકવાનું નથી.



જૂના સ્વરાજ પક્ષને તુષ્ટ કરવા કરતાં આ નીતિ જુદી છે. વાસ્તવિકતાની જાણ થતી ગઈ તેમ તેમ વ્યૂહરચના બદલવા સામેનો વલ્લભભાઇનો વિરોધ શમી ગયો. મણિબહેનના કાગળોમાં તેમનો વધતો જતો ઉત્સાહ જોઇ શકાય છે. પોતે તાજેતરમાં વાંચેલી એડવિન મોન્ટેગ્યુની ડાયરી વાંચી જવા જેવી હોવાથી, આ પુસ્તક પોતે મણિબહેનને મોકલી આપશે, તેવું તેમણે લખ્યું છે. કૉંગ્રેસ મહાસમિતિના નિર્ણયને પરિણામે સરકારે કૉંગ્રેસ અને કૉંગ્રેસી સંસ્થાઓ પરના પ્રતિબંધ ઉઠાવી લીધા અને કેદીઓને ધીમે ધીમે છોડી મૂકવામાં આવ્યા. યરવડા અને નાશિકની જેલોમાં ત્રીસ મહિના અને દસ દિવસ કારાવાસ ભોગવ્યા પછી ૧૪મી જુલાઈએ વલ્લભભાઇ છૂટ્યા. પણ સન ૧૯૩૩ના ઑગષ્ટમાં છૂટ્યા પછી સન ૧૯૩૪ના ફેબ્રુઆરીમાં ફરી પકડાયેલા જવાહરલાલને સન ૧૯૩૫ના સપ્ટેમ્બર સુધી છોડવામાં આવ્યા નહીં.

મુંબઈ સરકારે સરદારના છુટકારાનો વિરોધ કર્યો હતો, કારણ કે વલ્લભભાઇ ગુજરાતમાં ખેડૂતોની ફરીથી ઉશ્કેરણી કરશે તે લગભગ ચોક્કસ જ હતું. પણ કેન્દ્ર સરકારના ગૃહમંત્રી હાલેટ (ડાબો ફોટો) પર લખાયેલા પત્રમાં મુંબઇ સરકારે કબૂલ કર્યું કે “આ સંભાવના તો વલ્લભભાઇ જીવશે ત્યાં સુધી રહેવાની છે.” વલ્લભભાઇનો છુટકારો મોકૂફ રાખી શકાય તેમ નથી તેવું સ્પષ્ટ રીતે સમજનાર હાલેટ પણ આવું માનતા હતા કે “વલ્લભભાઇ સત્યાગ્રહની લડત ફરી શરૂ કરવાનો ટેકો આપશે અને બીજાઓને પણ તે માટે સમજાવશે.” પણ હાલેટની માન્યતા ભૂલ ભરેલી હતી. ●

# એક શામ...
# યુવાશક્તિ કે નામ



૧૨મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જયંતી, રાષ્ટ્રીય યુવા દિન તેમજ સરદારધામના સ્થાપના દિને સરદારધામના પ્રમુખ સેવકશ્રી ગગજીભાઈ સુતરિયાએ ઓનલાઈન કાર્યક્રમમાં સમસ્ત પાટીદારના સમાજના યુવાનોને આવકાર્યા તેમજ સરદારધામની વૈચારિક યાત્રામાં જોડાવા માટે સૌને આમંત્રણ આપ્યું. આજના રાષ્ટ્રીય યુવા દિને સૌને સંદેશો આપતા જણાવ્યું કે,

આજનો દિવસ સરદારધામ તેમજ રાષ્ટ્ર માટે ખૂબ જ મહત્ત્વનો છે. સમગ્ર એશિયામાં સૌથી વધારે યુવાનો ભારતમાં છે. આ યુવાનો વૈચારિક જોડાણથી મહાન ભારતનું નિર્માણ કરી શકે છે. માત્ર ૩૯ વર્ષની વયે સ્વામી વિવેકાનંદનું અવસાન થયું હતું. તેમણે દેશ અને દુનિયામાં ભારતની એક અલગ ઓળખાણ પ્રસ્થાપિત કરી હતી. માત્ર તેમના વિચારોને જ યાદ કરીને નહી પરંતુ નક્કર કામ કરીને પરિણામ આપવું જોઈએ. યુવા તેજ-તેજસ્વિની, GPBO, GPBSના માધ્યમથી યુવાનોનો વિકાસ કરી સમાજને સરદારધામના માધ્યમથી સુખાકારી તરફ લઈ જઈ શકાય. આ માટે સૌએ બિનજરૂરી રૂઢિરિવાજોમાંથી સમાજને મુક્ત કરવો જોઈએ. આજના દિને સ્વામીજીના તેમજ પોતાના વિચારોથી યુવાનોને કાંઈક નવું પીરસવાનો પ્રયાસ કર્યો.




મુસીબત સે ફૂરસત નહીં મિલનેવાલી,
જિંદગી મેં રાહત નહીં મિલનેવાલી,
અગર દિલ મેં સફલતા કા જોશ નહીં,
તો ઉમ્મીદોં સે ભી કામયાબી નહીં મિલનેવાલી.

હું પ્રથમ રહું તેનું નામ સ્પર્ધા, મારો હરિફ પાછળ રહી જાય, તેનું નામ ઈર્ષા.

મુશ્કેલી માનવીને શિક્ષણ આપતો શ્રેષ્ઠ ગુણ છે. જે માનવી સાહસ સાથે સહન કરે છે તે પોતાના જીવનમાં સફળતા મેળવે છે. આપણે સૌ શરીરે ખડતલ, જ્ઞાનતંતુઓથી પોલાદી મનોબળવાળા શૂરવીર છીએ, સિંહના સંતાન છીએ. આપણો જન્મ મહાન કાર્ય કરવા માટે થયો છે. સેવા કરવા માટે આપણે સૌ કટિબદ્ધ છીએ. સૌની સેવા એ જ રાષ્ટ્ર ભક્તિ છે. મહાન લોકો સુખ દુઃખની પરવા કર્યા વગર રાષ્ટ્રની સેવા કરતા હોય છે.

સુખ-દુઃખ નામની કોઈ બેડી નથી,
આભ કે દરિયામાં કોઈ કેડી નથી...
એનો અર્થ એ નથી કે એની કોઈએ સફર ખેડી નથી,
એ તો હું ને તમે ભોગ-ઉપભોગમાં ડૂબી ગયા છીએ
એટલે આ મહાન દેશની વિરાસતની આપણને પડી નથી.

આપણે સૌએ સાથે મળી રાષ્ટ્રની સુખાકારીની જવાબદારી ઉઠાવવી જોઈએ. આવા કામ સૌને સાથે રાખીને કુનેહપૂર્વક કરવા જોઈએ. આપણા કરોડો ભાઈ-બહેનોનાં આંખોનાં સપનાં સાકાર કરવા માટે હિંમતપૂર્વક આવાં કામ કરવાં જોઈએ. તે માટે સમર્પિત લોકોની ફોજ ઊભી કરવી પડશે. આવા લોકોને સેવા કાર્યમાં જોડવા પડશે. ત્યાગ, સમર્પણ અને સેવાને કેન્દ્રસ્થાને રાખીને સૌએ સાથે મળી રાષ્ટ્રવાદ, વિકાસવાદ તથા માનવતાવાદ રાખવો જોઈએ. આ પ્રકારના કામો માટે યુવાનો

આત્મવિશ્વાસથી ભરેલા હોવા જોઈએ. ભારતીય સંસ્કૃતિથી વિમુખ ન થઈ જવાય તે માટે ધ્યાન રાખવું પડશે. એ માટે આપણી જાતને પ્રવિત્ર બનાવવી જોઈએ.

જ્ઞાન, વિજ્ઞાન, ટેકનોલોજીની સદીમાં સાથે મળી દેશને નવી દિશા આપવા માટે આપણે આપણા કામમાં જ ધ્યાન રાખવું જોઈએ. આવા કાર્યો કરવા માટે પરમેશ્વરની દિવ્ય શક્તિ આપણને મળતી રહેશે. કાર્ય કરતાં થતી ભૂલોમાંથી શીખીને આગળ વધતા રહેવું પડે તે માટે સૌએ સાથે મળીને સામુહિક સેવાનું અભિયાન શરૂ કરવું પડશે. આ માટે નવી કેડી કંડારવી પડશે અને તે માટે પરમ પુરૂષાર્થ કરવો પડશે તથા સૌએ સાથે મળીને ચાલવું પડશે. પરમ લક્ષ તરફ આગળ વધીને દુનિયામાં ભારતનું નામ રોશન કરી શકાય. આપણે જ આપણાં ભાગ્યનાં ઘડવૈયા છીએ. નવી વૈચારિક ક્રાંતિથી દેશને નવી દિશા તરફ આગળ લઈ જવા માટે આપણે સૌ સંકલ્પ લઈને સૌને પરમ સુખની અનુભૂતિ કરાવીએ.



આ કાર્યો કરવા માટે આપણા દેશમાં ઘણી જવાબદારીઓ પડી છે. આપણે જેટલા સંયમિત, નિયમિત અને નિયંત્રિત હોઈશું તેટલું જ આપણું મન નિયંત્રિત રહેશે. આ રીતે આપણે આપણા શરીરને સાધન બનાવીને તેની પાસેથી ઉત્તમ કામ લઈ શકીશું. તે માટે શારીરિક, આંતરિક અને માનસિક શક્તિઓનો ત્રિવેણી સંગમ કરીને સમયનો સદઉપયોગ કરી લઈએ. સમયની આવશ્યકતા મુજબ આપણું રોજિંદુ સમયપ્રત્રક બનાવીએ. આમ આપણે પ્રાર્થના, પ્રાણાયામ અને પરિશ્રમ દ્વારા આગળ વધીએ. આ રીતે આપણે સૌ દેશ માટે કાંઈક કરી શકીશું. સૌને કામ દ્વારા સહકાર આપી સૌનું જતન કરીએ. જે આદેશ પાળી શકે છે તે જ આદેશ આપી શકે છે. માફ કરો, ભૂલી જાઓ અને આગળ વધો. તે નીતિને આપણે અખત્યાર કરવાની છે.

સંઘભાવનાથી સૌને સાથે રાખીને આગળ વધી શકાય છે અને સફળતા મેળવી શકાય છે. આ રીતે નિઃસ્વાર્થ સેવા કરવાનું અભિયાન ઉપાડી લઈએ. જે દિવસે આપણને લાગે કે આપણે ઘણું કામ કર્યું છે, તે દિવસે આપણો વિકાસ અટકી જશે. પ્રતિદિન વિકાસ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે તથા નવું-અવનવું શીખવું પડશે. આ પ્રકારે કાર્ય કરતા યુવાનોને ઈશ્વર અમૂલ્ય તક પૂરી પાડે છે. હૃદયપૂર્વક કરેલાં કામ માટે ખૂબ આનંદ મળે છે. આગળ વધવા માટે ૩ વ્યક્તિના આદર્શ માનીને આગળ વધીશું તો મેનેજમેન્ટના પાઠ ભણવાની જરૂર નથી.

(૧) સ્વામી વિવેકાનંદ (૨) મહાત્મા ગાંધીજી (૩) સરદાર વલ્લભભાઈ પટેલ. આ ૩ મહાન યુગપુરૂષોએ જીવન જીવવાની આપણને ખૂબ સરસ જડીબુટ્ટી આપી છે. આ રીતે આપણે સૌએ હસતાં-હસતાં પરિશ્રમ કરીને આપણા દીનબંધુ-દ્રરિદનારાયણની સેવા કરવાની છે. આ સાથે ગાંધીજીના સાત વિચારોને રજૂ કરી સૌને તેના અર્થ સમજાવી અમલમાં મૂકવા માટે જણાવ્યું. ધનની રક્ષા આપણે કરવી પડે છે જ્યારે જ્ઞાન આપણી રક્ષા કરે છે. તેથી ધન કરતા જ્ઞાન ઉત્તમ છે. જીવનની સમસ્યાઓ પણ શાંતિ, શ્રદ્ધા અને જ્ઞાનથી ઉકેલી શકાય છે. ગયેલી તકો મળતી નથી પણ નવી તકોને ઝડપી લઈએ. નવી તૈયારી સાથે યુધ્ધના મેદાનમાં ઝંપલાવી દઈએ તો જરૂર સફળતા મળે છે.

આ સાથે સરદારધામના પાંચ લક્ષ્યબિંદુઓ સવિસ્તર સમજાવ્યા. સરદારધામ એક વિચાર છે. સરદારધામ એક વૈચારિક યાત્રા છે. દેશ અને દુનિયામાંથી સરદારધામમાં સૌ ટ્રસ્ટી મિત્રો જોડાયા છે ત્યારે સરદારધામ એવું ચોક્કસપણે માને છે કે એક વ્યક્તિથી દેશ મહાન નથી બનવાનો. સરદારધામ માને છે કે સરકાર, સંસ્થા અને ઉદ્યોગપતિઓના ત્રિવેણી સંગમથી દેશને મહાન બનાવી શકાય છે તથા તેને નવી દિશા તરફ લઈ જઈ શકાય છે. સરદારધામ સૌને સાથે રાખીને યુવાનોના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબધ્ધ અને કટિબધ્ધ છે. તેનાથી યુવાનોના તકદીર, તસવીર અને તાસીર બદલાઈ જશે. આ માટે ૧૦ વર્ષ યુવા શક્તિમાં રોકાણ કરવા માટે સૌને અપીલ કરી. આ રીતે આપણે મહાન ભારતના નિર્માણ તરફ ચોક્કસ આગળ વધી શકીશું. ●

# સ્ત્રીઓની ઉન્નતિ

સીતા ભારતનાં સાચાં નારીત્વના પ્રતિનિધિ છે, કારણ કે ભારતના પૂર્ણ નારીત્વના આદર્શો સીતાના જીવનમાંથી જ ઘડાયા છે. આર્યાવર્તની ભૂમિને આવરી લઇને એ પૂજ્યા જનકતનયા હજારો વર્ષોથી નરનારી, અબાલવૃધ્ધ, સૌ કોઈના પૂજનની અધિકારિણી બનીને હજુએ ઊભેલી દેખાય છે.



સ્વામી વિવેકાનંદ

## ભારતીય નારીનાં આદર્શ - સીતા

એ ભવ્યોજ્જવલા, પવિત્રતાથીયે પવિત્ર, ધૈર્ય અને તિતિક્ષાનો જ જાણે અવતાર એવી સીતા સદાકાળ એ જ રીતે ભારતવર્ષમાં પ્રતિષ્ઠિત થઇને રહેશે. જીવનભરનાં દુઃખોને મોઢામાંથી એક અક્ષર સરખો પણ ઉચ્ચાર્યા વિના સહી લેનારી, અભ્રષ્ટશીલા અને સદા પવિત્ર એવી પત્ની, લોકોના અને દેવોના પણ આદર્શરૂપ એવી મહાન સીતા, - એ



આપણા રાષ્ટ્રમાં તો સદા રાષ્ટ્રદેવીને સ્થાને પ્રતિષ્ઠિત થઇને જ રહેશે. આપણાં બધાં પુરાણોનો ભલે નાશ થાય, અરે, આપણા વેદો પણ ભલે ન રહે ને સંસ્કૃત ભાષાનો પણ ભલેને સદાને માટે નાશ થઈ જાય, પણ જ્યાં સુધી માત્ર પાંચ હિંદુઓ પણ અહીં જીવતા હશે — પછી ભલેને તેઓ તદ્દન ગ્રામ્ય ભાષામાં વાતો કરતા હોય — ત્યાં સુધી સીતાની કથા અમર રહેશે ; આ મારા શબ્દો ભૂલશો નહીં. સીતા તો આપણા જીવનના મર્મમાં એકરૂપ થઈને સમાઈ ગઈ છે. દરેક ભારતીય નર નારીના લોહીના બિંદુમાં એ ભળી ગઈ છે ; આપણે સૌ સીતાનાં જ સંતાનો છીએ.

ભારતના અને પશ્ચિમના આદર્શ વચ્ચે કેટલું અંતર છે ! પશ્ચિમ કહે છે, ‘ કાર્ય કરો . કાર્ય કરીને તમારી શક્તિનો પરચો બતાવો.’ ભારત કહે છે, ‘ સહીને તમારી શક્તિનો પરિચય કરાવો.’ મનુષ્ય પાસે વધારેમાં વધારે કેટલું હોવું જોઇએ એ કોયડાનો ઉકેલ પશ્ચિમે લાવી દીધો છે. ભારતે માણસ પાસે ઓછામાં ઓછું કેટલું હોઈ શકે એનો નિર્ણય કરી નાંખ્યો છે. બંને સામસામા છેડાની વસ્તુઓ છે. સીતા ભારતના નારીત્વનું લાક્ષણિક પ્રતીક છે — સીતા જાણે ભારતવર્ષનું આદર્શરૂપ જ છે. સીતા ખરેખર જીવી ગઈ છે કે નહી, એ વાત ઈતિહાસમાં મળી આવે છે કે નહી, એ પ્રશ્નો પૂછવાના જ નથી. આપણે તો એટલું જાણીએ છીએ કે ભારતમાં નારીત્વનો આવો આદર્શ જરૂર છે. બીજી કોઈ એવી પૌરાણિક આખ્યાયિકા સીતાના આ આદર્શની જેમ દેશને ખૂણે ખૂણે વ્યાપી જઈ શકી નથી, પ્રજાના જીવન સાથે તદ્રૂપ થઈ શકી નથી, પ્રજાના લોહીના બિન્દુમાં ભળી જઈ શકી નથી.

સીતા એટલે સાક્ષાત્ શીલનો જ અવતાર, પોતાના પતિના શરીર સિવાય બીજા કોઈ જ શરીરને એણે સ્પર્શ્યું નથી. ભારતમાં સીતાનું નામ સર્વ શુભ, પવિત્ર, પુણ્યમય

અને સાચા સ્ત્રીત્વના પર્યાયરૂપ બની ગયું છે. કોઈ ધર્મગુરુને એકાદી સ્ત્રીને આશીર્વાદ આપવાનો હોય તો કહેશે : ‘ સીતા જેવાં થજો !’ આપણે બધાં સીતાનાં જ સંતાનો છીએ ને ધૈર્યશીલ, સહનશીલ, પવિત્ર અને પતિવ્રતા સીતા થવા માટે જ મથી રહ્યાં છીએ. આટલું બધું દુઃખ સહેવા છતાં રામને માટે એણે એક પણ કડવું વેણ ઉચ્ચાર્યું નથી, એણે તો બધું પોતાના કર્તવ્ય તરીકે જ સ્વીકારી લીધું છે અને પોતાને ભાગે આવેલાં કર્તવ્યમાંથી એ ચ્યુત થઈ નથી. એને વનમાં નિર્વાસિત કરીને જે ભયંકર અન્યાય કરવામાં કરવામાં આવ્યો તેનો તો વિચાર કરો ! અને તે છતાં કટુતાનું નામ સીતા જાણતી જ નહોતી. આ પણ ભારતવર્ષનો જ આદર્શ છે. સીતા પ્રકૃતિથી જ સાચી ભારતીય નારી હતી ; એણે આઘાતનો કદી પ્રતિઘાત બદલો વાળ્યો નથી.

હું જાણું છું કે જે જાતિએ સીતા જેવી નારીને જન્મ આપ્યો છે – ભલેને એણે સીતા જેવી નારીનું માત્ર સ્વપ્નું જ સેવ્યું હોય – તેને સ્ત્રી માટે એવો પૂજ્યભાવ છે, જેનો જગતમાં બીજે ક્યાંય જોટો મળવો મુશ્કેલ છે. આપણી સ્ત્રીઓ અને તદ્દન અજાણ્યાં એવાં કેટલાંય કાયદાનાં ચુસ્ત બંધનોથી અમેરિકાની સ્ત્રીઓ જકડાએલી છે. આપણામાં પણ અનિષ્ટો અને અપવાદો છે પણ એ તો તેમનામાં પણ છે. આખી પૃથ્વી મુખ્યત્વે તો પ્રેમ, માર્દવ, પ્રામાણિકતાને પ્રકટ કરવાને માટે જ પ્રયત્નો થતા હોય છે ; રાષ્ટ્રના રીતરિવાજો એને પ્રકટ કરનારાં નિકટતમ માધ્યમો છે એ ભૂલવું ન જોઇએ. ગૃહવ્યવસ્થાના ગુણો પરત્વે મને કહેતાં જરા પણ સંકોચ થતો નથી કે એ સંબંધમાં તો ભારતીય પદ્ધતિ બીજી અનેક પદ્ધતિઓ કરતાં અનેક દરજ્જે સારી છે.

હજુ પણ આ સીતા અને સાવિત્રીની પુણ્યભૂમિ ભારતમાં સુશીલ, સેવા પરાયણ, સ્નેહમયી, અનુકમ્પાપૂર્ણ, સંતોષી અને પૂજ્ય ભાવ ધરાવનારી નારીઓ મળી રહે, જે તેમને જગતમાં બીજે ક્યાંય શોધી નહિ જડે ! પશ્ચિમની સ્ત્રીઓ તો મને ઘણીવાર સ્ત્રીઓ નહીં પણ જાણે પુરુષોની અનુકૃતિ હોય એવી લાગે છે ! તેઓ વાહનો હાંકે છે, કચેરીઓમાં વૈતરું કરે છે, શાળાઓમાં જાય છે અને ધંધાનાં અનેક કામો કરે છે ! કેવળ ભારતમાં જ નારીની નમ્રતા ને મર્યાદા જોઇને આંખો ઠરે છે !

સીતાના નારીજીવનના આદર્શમાંથી ચ્યુત કરીને આપણી સ્ત્રીઓને આધુનિક બનાવવાનો થતો કોઈ પણ પ્રયત્ન તરત જ નિષ્ફળ નીવડે છે એ તો આપણે દરરોજ જોઇએ છીએ. ભારતની નારીએ સીતાને પગલે ચાલીને જ વિકસવાનું છે, એમને માટે તો આ એક જ માર્ગ છે. ●

## એમનું સામાજિક સ્થાન - ભૂતકાળમાં અને અર્વાચીનકાળમાં

યુરોપથી એકાએક ધસી આવેલાં નિંદાનાં પૂર અને એને પરિણામે આપણામાં ઉદ્ભવેલી વિરોધ જોવાની વૃત્તિઓને કારણે આપણે સ્ત્રીઓની અસમાનતાના વિચારને જલદી શરણે થવું જોઇએ નહિ. સૈકાઓથી સંયોગો એવા ઊભા થયા છે કે આપણા પર સ્ત્રીઓના સંરક્ષણની જવાબદારી આવી પડી છે. સાચી દષ્ટીએ જોનારને આપણી રૂઢિઓમાં આ જાતનાં સંરક્ષણનું જ મહત્ત્વ દેખાશે, સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે એવું નહીં જ દેખાય. આપણી પ્રાચીનકાળની તપોવનની વિદ્યાપીઠોમાં કિશોર-કિશોરીઓને સમાન કોટિનાં લેખવામાં આવતાં, એથી બીજું સમાનતાનું દ્રષ્ટાંત શું આપી શકાય ? આપણાં સંસ્કૃત નાટકો વાંચો – શાકુન્તલ વાંચો ને પછી કહો કે ટેનિસનનાં ‘પ્રિન્સેસ’માંથી આપણને કાંઇ શીખવાની જરૂર રહે છે ખરી ?

મલબારમાં તો દરેક વાતમાં સ્ત્રીઓ જ અગ્રસ્થાને છે. સર્વત્ર અસામાન્ય સુઘડતા ને ચોકસાઇ નજરે ચઢે છે ને ત્યાં શિક્ષણ માટેનો ઉત્સાહ પણ ઘણો છે. જ્યારે હું પોતે એ દેશમાં હતો ત્યારે સંસ્કૃત બહુ જ સરસ રીતે બોલતી ઘણી સ્ત્રીઓને હું મળ્યો હતો. ભારતના બીજા ભાગમાં તો લાખમાંથી એક સ્ત્રી પણ સંસ્કૃત બોલનારી મળવી મુશ્કેલ છે. સ્વતંત્રતાથી ઉન્નતિ થાય છે, પરાધીનતાથી અધોગતિ જ થાય છે. મલબાર પાર્ટુગીઝ કે મુસલમાનોથી કદી જિતાયું નથી.

પરબ્રહ્મના આત્યન્તિક સત્યમાં કશો લિંગભેદ છે જ નહિ. એ ભેદ તો સાપેક્ષ ભૂમિકા ઉપર જ રહેલો જણાય છે. જેમ જેમ ચિત્ત વધુ ને વધુ અન્તર્મુખ થતું જાય તેમ તેમ એ



ભેદ પણ નષ્ટ થતો જાય છે. આખરે જ્યારે ચિત્ત નિર્વિશિષ્ટ ને એકમેવાદ્વિતીય એવા બ્રહ્મમાં લીન થઈ જાય છે ત્યારે આ સ્ત્રી છે ને આ પુરુષ છે એવા વિચારો લેશમાત્ર રહેતા નથી. આ તો આપણે શ્રીરામકૃષ્ણના જીવનમાં ખરેખર જોયું જ છે. તેથી જ હું કહું છું બાહ્ય દૃષ્ટિએ સ્ત્રી અને પુરુષમાં ભેદ દેખાય છે પણ એમનો સાચો સ્વભાવ તો એકબીજાથી વિભિન્ન નથી. તેથી જો પુરુષ બ્રહ્મવિદ્ બની શકે તો સ્ત્રી પણ શા માટે ન બની શકે?

**સ્વતંત્રતાથી ઉન્નતિ થાય છે, પરાધીનતાથી અધોગતિ જ થાય છે.**

તમે એવું કયા શાસ્ત્રમાં વાંચ્યું કે સ્ત્રી જ્ઞાન, ભક્તિને માટે અસમર્થ છે ? અધોગતિના સમય દરમિયાન જ્યારે ગોરમહારાજાઓએ બીજા વર્ણોને વેદાભ્યાસ માટે અનધિકારી ઠરાવ્યા ત્યારે સ્ત્રીઓના બધા અધિકાર પણ તેમણે ઝૂંટવી લીધા. વેદમાં પારંગત એવા હજારો બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ પ્રગલ્ભતાથી યાજ્ઞવલ્કયને બ્રહ્મ સંબંધમાં ચર્ચા કરવાને આહ્‌વાન આપ્યું હતું.

સીતાના નારીજીવનના આદર્શમાંથી ચ્યુત કરીને આપણી સ્ત્રીઓને આધુનિક બનાવવાનો થતો કોઈ પણ પ્રયત્ન તરત જ નિષ્ફળ નીવડે છે એ તો આપણે દરરોજ જોઈએ છીએ. ભારતની નારીએ સીતાને પગલે ચાલીને જ વિકસવાનું છે, એમને માટે તો આ એક જ માર્ગ છે. ●

## એમની ઉન્નતિ : અનિવાર્ય આવશ્યકતા

એવી આદર્શ સ્ત્રીઓને જો બ્રહ્મજ્ઞાનની અધિકારિણી ગણી હોય તો આજની સ્ત્રીઓને પણ એ અધિકારથી શા માટે વંચિત રાખવી ? જે એક વાર સાંભળ્યું છે તે ફરી શા માટે નહિ સંભવી શકે ? ઇતિહાસનું પુનરાવર્તન થતું જ આવ્યું છે.

સ્ત્રીઓની નિંદા કરવા તમે હંમેશાં તત્પર રહો છો, પણ કહો તો ખરા કે એમની ઉન્નતિ માટે તમે શું કર્યું છે ? સ્મૃતિઓ વગેરે લખી એમને ચુસ્ત નિયમોમાં જકડીને પુરુષે સ્ત્રીને કેવળ



પ્રજનન યંત્ર જ બનાવી દીધી છે ! આટલા બધા સમય સુધી સ્ત્રીઓને લાચાર અને પરાશ્રયી બનીને રહેવાની જ કેળવણી મળી છે અને તેથી જ સહેજ સરખા અનિષ્ટનો કે ભયનો પડછાયો દેખાય કે તરત જ એમની આંખમાં આંસુ આવી જાય છે. બસ સ્ત્રીઓ આથી વિશેષ કશું કરી શકતી નથી.

પોતાની નારીઓનું ઉચિત સન્માન કરીને બધાં રાષ્ટ્રોએ મહત્તા પ્રાપ્ત કરી છે. જે દેશે કે રાષ્ટ્રે પોતાની નારીઓની અવગણના કરી છે તે દેશ કે રાષ્ટ્ર કદી મહાન થઈ શક્યા નથી ને ભવિષ્યમાં થઈ શકવાના પણ નથી. આપણી પ્રજાની આટલી બધી અધોગતિ થઈ છે, એનું મુખ્ય કારણ એ છે કે શક્તિની જીવંત મૂર્તિરૂપ નારીઓ માટે આપણા ચિત્તમાં માન નહોતું. મનુ કહે છે : યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા:, જ્યાં નારીઓ પૂજાય છે, ત્યાં દેવો આનંદે છે. જ્યાં તેઓ પૂજાતી નથી ત્યાં બધાં કાર્યો ને પ્રયત્નો નિષ્ફળ જાય છે. જે કુટુંબમાં કે દેશમાં સ્ત્રીઓ નગણ્ય બનીને શોકમાં રહે છે તે કુટુંબ કે દેશના ઉદ્ધારની આશા રાખવી જ નહિ.

સાચો શક્તિપૂજક કોણ છે તે તમે જાણો છો ? ઈશ્વરને વિશ્વની સર્વવ્યાપી શક્તિ તરીકે ઓળખનાર અને સ્ત્રીમાં એ શક્તિના આવિષ્કારને જોનાર જ સાચો શક્તિપૂજક છે. તમે તમારી સ્ત્રીઓની સ્થિતિને કંઈક અંશે સુધારી શકો એમ છો ? જો એટલું તમારાથી થઈ શકશે તો જ તમારી સ્થિતિ સુધારવાની પણ કશી આશા રહેશે, નહિ તો તમે આજે છો તેટલા જ પછાત રહેવાના છો. સ્ત્રીઓની ઉન્નતિ, સાધારણ જનસમૂહની જાગૃતિ — આ બધું પહેલાં થવું જોઈએ. પછી જ ભારતમાં જેને ખરેખર સાચું કહી શકાય એવું કંઈક થઈ શકશે. ને સ્ત્રીઓની ઉન્નતિ થશે તો તેમનાં સંતાનો પણ પોતાનાં ઉદાત્ત કાર્યોથી દેશના નામને દીપાવશે અને ત્યારે જ સંસ્કાર, જ્ઞાન, સામર્થ્ય અને ભક્તિનો દેશમાં ઉદય થશે. ●



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)

**જાહેરાતના દર**
(તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)

બીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૧,૦૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ
GST INCL.

ત્રીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૭૫,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.




મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ
GST INCL.

ચોથું ટાઇટલ (બહારનું)
રૂા. ૬૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે
રૂા.૫૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham



**પદ્મશ્રી ગુણવંત શાહ**
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# વીસ વર્ષનો ડોસો, એંસી વર્ષનો યુવાન !

આલ્ડસ હક્સ્લીએ ૧૯૨૦ ના અરસામાં એક નવલકથા લખેલી, જેનું મથાળું હતું : ‘ બ્રેવ ન્યુ વર્લ્ડ ‘ લગભગ બાર વર્ષ બાદ એના નિબંધસંગ્રહનું મથાળું હતું : ‘ બ્રેવ ન્યુ વર્લ્ડ રીવિઝિટેડ ‘ નવલકથામાં હક્સ્લીએ લેબોરેટરીમાં પેદા કરેલાં ટેસ્ટટ્યુબ શિશુઓની કલ્પનાની રંગોળી પૂરેલી. જોઇએ તેવી આંખોવાળાં, જોઇએ તેવા વાળવાળાં, જોઇએ તેવા રંગની ચામડીવાળાં, જોઇએ તેટલી ઊંચાઇવાળાં અને જોઇએ તેવાં રૂપાળાં મેઇડ-ટુ-ઓર્ડર બાળકોની વાત આજથી ઘણાં વર્ષો પહેલાં હક્સ્લીએ નવલકથામાં કરેલી. બાર વર્ષ બાદ પ્રગટ થયેલાં નિબંધસંગ્રહમાં લેખકે વિધાન કરેલું : ‘ એક જમાનામાં અમેરિકાના એન્ગ્રી યંગ મેનનું સૂત્ર હતું : ગીવ મી લિબર્ટી ઓર ગીવ મી ડેથ. મને મુક્તિ આપો કે પછી મોત !’ લેખકે અફસોસ પ્રગટ કરીને આગળ લખેલું : ‘ આજના અમેરિકન યુવાનનું સૂત્ર છે : ‘ ગીવ મી હેમ્બર્ગર એન્ડ ટીવી એન્ડ ડૉન્ટ બોધર મી વિથ ધ રીસ્પોન્સિબિલિટીઝ ઑફ લિબર્ટી. મને હેમ્બર્ગર આપો અને ટીવી આપી દો અને સ્વતંત્રતાની પળોજણથી મને પજવશો નહીં.’ આજનો ભારતીય યુવાન કહેશે : મને પિટ્ઝા આપો અને ઇન્ટરનેટ આપી દો, પણ પછી મને કોઇ પણ જાતનાં બંધનોથી દૂર રાખશો. આજના યુવાનને સમજવો સહેલો નથી.



યુવાનની વ્યાખ્યા શું ? યુવાન તે છે, જેની વાહિયાત બાબતોને સહન કરવાની શક્તિ અત્યંત મર્યાદિત છે. વાહિયાત બાબતોનાં ત્રણ ઉદાહરણો ટૂંકમાં પ્રસ્તુત છે. દહેજના આધારે લગ્ન થાય એ ઘણી વાહિયાત ગણાય કારણ કે એમાં કન્યા એક ચીજ બની જાય છે. સ્ત્રીનું આવું વસ્તુકરણ (ઑબ્જેક્ટિફિકેશન) એકવીસમી સદીમાં ચાલી શકે ખરું ? દહેજ લઇને કે દઇને પરણવું એ તો યુવાનીનું અપમાન છે. યુવાનીને ઉંમર સાથે શી લેવા-દેવા ? વીસ વર્ષના ડોસાઓ જોવા મળે તે સાથે એંશી વર્ષના યુવાનો પણ જોવા મળે છે. દહેજ લઈને પરણે તેને ‘ યુવાન ‘ કહેવાની કુટેવ છોડવા જેવી છે.

સ્ત્રી-પુરુષ વચ્ચેના સહજ આકર્ષણની નિંદાકૂથલી થાય એ બીજી વાહિયાત બાબત ગણાય. એ આકર્ષણ પ્રકૃતિદત્ત છે અને પવિત્ર છે. યુવાનો એમાં આવતા અવરોધને સહન ન કરી શકે. કહે છે કે દસમાંથી નવ પુરુષોને સ્ત્રીઓ પ્રત્યે આકર્ષણ હોય છે અને દસમો પુરુષ જૂઠું બોલતો હોય છે. આવા દંભને આજનાં યુવક-યુવતીઓ સહન નહીં કરે. કોમી હુલ્લડ થાય ત્યારે સાવ અજાણ્યા નિર્દોષ માણસને માત્ર એ બીજી કોમનો છે

તે કારણે મારી નાખવો, એ ત્રીજી વાહિયાત બાબત ગણાય. યુવાન આવી વાહિયાત બાબતો ન સ્વીકારે તેમાં જ યૌવનની ખરી શોભા છે. યૌવનમ્ રાષ્ટ્રધનમ્ પરમમ્ ! એવા રાષ્ટ્રીય ધનની માવજત થવી જોઈએ.

આજના યુવાનો સામે ત્રણ મોટા જોખમો ઊભાં થયાં છે :

૧. જીવનનું બજારીકરણ યાને ઉપભોક્તાવાદ

૨. મનોરંજનનાં માધ્યમોમાં સેક્સનો અતિરેક

૩. સંસ્કૃતિ સાથે સંબંધ-વિચ્છેદ

આજનો દુકાનવાદ આકર્ષક અને આક્રમક જાહેરખબરો દ્વારા આપણી વિચારશક્તિને ખતમ કરીને આપણને મનુષ્યને બદલે કેવળ ગ્રાહક બનાવી મૂકે છે. સમાજમાં એવી આબોહવા પેદા થઈ છે કે પૈસા દ્વારા ગમે તે બાબત ખરીદી શકાય છે. રૂપ ખરીદી શકાય છે. કળા ખરીદી શકાય છે. મતદાર ખરીદી શકાય છે. નેતા ખરીદી શકાય છે. સેવક, સર્જક અને સાધુ પણ ખરીદી શકાય છે. માર્કેટ સામે મર્કટ બની રહેલો માણસ કશીય ચીજ ખરીદતાં પહેલાં થોભીને વિચારતો નથી કારણ કે જાહેરખબરો એને બિનજરૂરી ચીજ ખરીદવાની મનોવૈજ્ઞાનિક ફરજ પાડે છે. એની ભીતર બેઠેલો ગુપ્ત મનાવનારો (હિડન પર્સ્યુએડર) એની પાસે અમુક બ્રાન્ડનો સાબૂ લેવડાવે છે.

બીજું જોખમ અમેરિકા તરફથી દુનિયાના બધા દેશોમાં પહોંચાડવામાં આવ્યું છે. અમેરિકન કલ્ચરે આપણી સ્ત્રીઓ પાસેથી લજ્જા ઝૂંટવી લીધી છે. અખબારોમાં, સામાયિકોમાં, ટીવી સિરિયલોમાં અને ફિલ્મોમાં સ્ત્રીની નગ્નતા લગભગ વેચાય છે. અંગ્રેજી અખબારો રોજ રોજ ભારતીય માનસમાં એંગ્લો-ઈન્ડિયન કલ્ચર ઠાલવતાં રહે છે. પ્રૉફેસર રામલાલ પરીખ આવા ગુલામી માનસ માટે ' કોલોનિયમ માઈન્ડ ' શબ્દો પ્રયોજતા. ૧૯૬૭-૬૮માં અમેરિકામાં ' બોની એન્ડ ક્લાઈડ ' ફિલ્મમાં વંઠેલાં યુગલો બૅન્ક લૂંટે છે. બસ ત્યારથી દુનિયાના બધા દેશોની ફિલ્મોમાં કલ્ચર ઑફ સેક્સ એન્ડ વાયોલન્સ વધતું જ ગયું છે. ફિલ્મી ઈતિહાસમાં પહેલી વાર 'શોલે' ફિલ્મમાં ખલનાયક અત્યંત લોકપ્રિય બન્યો. ગબ્બરસિંગના સંવાદો ફળિયે ફળિયે બોલાયા. અમેરિકન બાળકનું પ્રિય રમકડું રિવૉલ્વર છે. ત્યાંની નિશાળોમાં સીક્યુરિટી ચેક રોજ થાય છે. આપણા દેશનું યૌવન અમેરિકા જવા માટે તલપાપડ છે. અમેરિકાનાં સઘળાં અનિષ્ટોની આયાત સતત એશિયાના બધા દેશોમાં થતી જ રહે છે.

ત્રીજું જોખમ ધીમું અને શાંત છે, પણ રોકડું છે. રાલ્ફ વાલ્ડો ઈમર્સન સાચું કહે છે કે કલ્ચરનું પતન ભાષાના પતન પછી થાય છે. માતૃભાષાનું સ્થાન માતાના ધાવણ પછીના ક્રમે હોય છે. નરસિંહ મહેતાના ' વૈષ્ણવજન ' ભજનનો અનુવાદ કોણ કરી શકશે ? ગુજરાતનો જે યુવાન કલાપી, મેઘાણી કે ઉમાશંકરથી અપરિચિત રહી જાય તે ' અનાથ ' ગણાય. આપણો યુવાન નરસિંહ મહેતાને ભૂલી ગયો, પરંતુ વર્ડ્ઝવર્થને પામ્યો નહીં. એ કલાપીને ગુમાવી બેઠો, પણ રોબર્ટ ફ્રોસ્ટને પામ્યો નહીં. એણે મેઘાણીને પણ ગુમાવ્યા પણ એ તો વોલ્ટ વ્હીટમેનને પણ ન પામ્યો. આમ એ બંને બાજુથી રવડી ગયો. એવા માણસ માટે કૃષ્ણે ગીતામાં શબ્દ પ્રયોજ્યો છે : '



ઉભયવિભ્રષ્ટ'. યુ.જી.સી.ના અધ્યક્ષ અને અવકાશ વિજ્ઞાની ડૉ. યશપાલે કહેલું કે આપણા શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિનું સ્થાન કયાંય નથી. રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો અજાણ્યાં રહી જાય તે રીતે શિક્ષણ ચાલતું રહ્યું છે અને તે પણ સેક્યુલરિઝમના નામે ! સંસ્કૃતિ સાથેનો આવો સંબંધ-વિચ્છેદ યુવાનોને પારકા-પરાયા બનાવી દે છે અને કયારેક પરિવારજીવન ખોરવાય છે અને ખોટકાય



છે. કોઇ પણ રાષ્ટ્ર એની સ્વ-ઓળખ (આઈડેન્ટિટી) વિના ટકી ન શકે. ગુજરાતની અસ્મિતા ગુજરાતી ભાષા વિના નહીં ટકી શકે.

યુનિવર્સિટી આખરે શું છે ? યુનિવર્સિટી એટલે સારા સારા વિચારોની પ્રયોગશાળા. આજની યુનિવર્સિટીનાં કેમ્પસ પર વિચારોની આબોહવા નથી. યૌવન વ્યસનોમાં ડૂબેલું હોય ત્યારે સડે છે. એવું યૌવન પરમ ધન નહીં, પરમ આપત્તિ બની રહે છે. કેટલાંક વર્ષોથી દુનિયામાં આંતરરાષ્ટ્રીય યુવા-સંસ્કૃતિ (ઇન્ટરનેશનલ યૂથ કલ્ચર) નો ઉદય થતો રહ્યો છે. એનું ખરબચડું પ્રતીક જીન્સનું પાટલૂન છે. જાડાં, ખરબચડાં અને મેલખાઉ પાટલૂનોને કારણે હજૂર અને મજૂર વચ્ચેના, ગામડાં અને શહેરો વચ્ચેના, સ્ત્રી અને પુરુષ વચ્ચેના તથા શેઠિયા અને વેઠિયા વચ્ચેના મનોવૈજ્ઞાનિક તફાવતો અદ્રશ્ય થતા રહ્યા છે. બિલ ક્લિન્ટન પહેરે તેવું જ પાટલૂન એનો ડ્રાઈવર પહેરે, તે ઘટના નાનીસૂની નથી. આવી આંતરરાષ્ટ્રીય યુવાસંસ્કૃતિનું સામૈયું કરવાનું છે અને સાથોસાથ ભારતીય સંસ્કૃતિની માવજત કરવાની છે. આપણાં સામેનું આ જ ખરું આહ્‌વાન છે.

એવા આદર્શ પિતાની હું કલ્પના કરું છું, જે પોતાના પુત્રને કહી શકે :' બેટા ! હું દહેજ લઈને પરણેલો, પણ તને એ પાપમાં નહી નાખું. તું તારી મનગમતી છોકરી પામે તેમાં જ હું રાજી છું ' એવી આદર્શ માતાની કલ્પના કરું છું. જે પોતાની દીકરીને વહાલપૂર્વક નિખાલસ વાત કરશે : ' બેટા ! તારા બાપુજી મને પસંદ ન હતા, છતાંય સ્વજનોના દબાણને કારણે મને પરણાવી દીધેલી. મારું તને વચન છે કે એવું પાપ તારી સાથે નહીં થાય .' જૂની પેઢી નવી પેઢી સાથે આવો નિખાલસ સંવાદ કરતી થશે ત્યારે ભારત આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ ગરીબ નહીં હોય. આદિ શંકરાચાર્યના ચાર મઠની માફક પંડિત નેહરુએ ચાર આઇ.આઇ.ટી ની સ્થાપના કરેલી. આજે એમાં ભણેલા યુવાનો દુનિયામાં મોટી ધાડ મારી રહ્યા છે. ઉપનિષદના ઋષિએ શ્રેષ્ઠ આચરણવાળા યુવાનનાં ત્રણ લક્ષણો ગણાવેલાં. યુવાન તે છે, જે આશાવાન(અશિષ્ઠઃ) હોય, દ્રઢનિશ્ચયવાન (દ્રઢિષ્ઠઃ) હોય અને બળવાન (બલિષ્ઠઃ) હોય. આજે પણ ઋષિની આ વાત પ્રસ્તુત છે.

આજ યુવાનો સમક્ષ એક આહ્‌વાન સામે આવીને ઊભું છે. એક બાજુ રાષ્ટ્રીય અસ્મિતાની જાળવણી છે અને બીજી બાજુ આંતરરાષ્ટ્રીય પરિબળોનો પ્રભાવ છે. સ્વ-ઓળખ ગુમાવ્યા વિના વૈશ્વિક મનોવૃતિ કેળવી શકાય ખરી ? ગાંધીજીની ખૂબી યાદ આવે છે. રામનાથ, ગોરક્ષા, સ્વદેશી અને માતૃભાષાનો આગ્રહ રાખ્યો તોય ગાંધીજીના વિશ્વપ્રેમ કે માનવપ્રેમને આંચ નહોતી આવી. રાષ્ટ્રની અસ્મિતા વિશ્વવાત્સલ્ય માટે અવરોધક નથી એ વાત આપણને ગાંધીજીએ શીખવી હતી. ●


સ્વામી સચ્ચિદાનંદ
દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# પર્યાવરણ



બ્રાઝિલની રાજધાનીમાં વિશ્વભરનાં રાષ્ટ્રો એકત્રિત થઇને પર્યાવરણ સંતુલન વિશે ચર્ચા કરી રહ્યાં છે. વિશ્વના ઔદ્યોગિક વિકાસની સાથે કેટલાક પર્યાવરણ સંબંધી પ્રશ્નો પણ ઊભા થયા છે. વિશ્વની રચનામાં કેટલાક વાયુઓની રચના અત્યંત મહત્ત્વની છે. આ વાયુઓનું વજન તથા પરિમાણ એવી રીતે બનાવાયું છે કે, અનંતકાળ સુધી તેમની સ્થિરતા રહી શકે. માનો કે વિશ્વમાંથી ઘઉંનો સંપૂર્ણ નાશ થઈ જાય તો વિશ્વની શી દશા થાય ? ખાસ કાંઇ દુર્દશા ન થાય. પ્રજા બીજું અનાજ ખાવા લાગે અને જીવન ચાલતું રહે. પણ જો વિશ્વમાંથી સંપૂર્ણ પ્રાણવાયુ સમાપ્ત થઇ જાય. કોઇ પણ જીવધારી પ્રાણીનું જીવન પ્રાણવાયુ વિના શક્ય જ નથી. એટલા માટે પ્રાણવાયુનો વિશાળ જથ્થો કુદરતે પૃથ્વીની ચારે તરફ ખડકી દીધો છે.

અન્ય વાયુઓની તુલનામાં તેનું વજન વધારે છે, એટલે તે ઉપર અંતરિક્ષમાં જતો રહેતો નથી. જેમ-જેમ આપણે વધુ ઊંચાઈ ઉપર જઇએ તેમ તેમ પ્રાણવાયુનું પ્રમાણ ઘટતું જાય છે. કુદરતી પ્રક્રિયા પ્રમાણે વિશુદ્ધ પ્રાણવાયુ અલગથી રખાયો નથી. બીજા અનેક વાયુઓ સાથે મિશ્રિત થઈને તે રહે છે. સૃષ્ટિ ઉપરના જીવો જે વાયુ શ્વાસોચ્છ્વાસ દ્વારા ગ્રહણ કરે છે તેમાં પ્રાણવાયુની સાથે બીજા વાયુઓ પણ હોય છે. કુદરતે પ્રાણીઓની એવી વ્યવસ્થા કરી છે કે બાહ્ય વાયુનું આકર્ષણ સતત થયા જ કરે. વાયુ વિના તે ગૂંગળાવા લાગે. પણ કુદરતની કરામત અહીં જ સમાપ્ત થતી નથી. લીધેલા વાયુમાંથી પ્રાણવાયુને રાખી લઇને બીજો હાનિકારક વાયુ (કાર્બન ડાયોક્સાઇડ વગેરે) તરત જ બહાર ફેંકી દે.

પૃથ્વી ઉપરનાં અબજો પ્રાણીઓ સતત આ પ્રક્રિયાથી જીવી રહ્યાં છે. બહાર નીકળેલો ઝેરી વાયુ પ્રમાણમાં હલકો હોવાથી ઉપરના સ્તર તરફ જતાં જતાં બાહ્ય વાયુમાં ભળતો જાય. જો આવી પ્રક્રિયા સતત ચાલતી રહે તો બાહ્ય વાયુમાંથી પ્રાણવાયુ પ્રાણીઓ દ્વારા ચુસાતો રહે અને ઝેરી વાયુનું ઉત્સર્જન થવાથી બાહ્ય વાયુમાં ઝેરી વાયુનું પ્રમાણ વધતું રહે. આ પ્રમાણ વધતું વધતું એટલું વધી જાય કે પૃથ્વી ઉપર માત્ર ઝેરી વાયુઓ જ રહી જાય. આવું ન થાય એટલા માટે કુદરતે ઝેરી વાયુને વૃક્ષો માટે પ્રાણવાયુ બનાવી દીધો. વૃક્ષો આ ઝેરી વાયુનું ગ્રહણ કરીને પ્રાણવાયુનું ઉત્સર્જન કરે છે. જેમ પ્રાણીઓ લીધેલી હવામાંથી પ્રાણવાયુ ચૂસી લે છે તેમ વૃક્ષો પોતાના જીવન માટે બાહ્ય હવામાંથી ઝેરી વાયુને ચૂસી લે છે અને તેનું રૂપાંતર પ્રાણવાયુમાં કરીને બહાર કાઢી નાખે છે. આ રીતે પૃથ્વી ઉપર પ્રાણવાયુનું પ્રમાણ જળવાઇ રહે છે.

## આજે જંગલ થોડાં અને મનુષ્યો વધુ

આજથી સેંકડો હજારો વર્ષ ઉપર પૃથ્વી ઉપર માત્ર લાખ્ખો અથવા થોડાક કરોડો માણસો જ હતાં. ત્યારે માણસને જે અને જેવો પ્રાણવાયુ મળતો હતો તેવો આજે નહિ મળતો હોય, કારણ કે



ત્યારે જંગલો પ્રચુર અને માણસો થોડાં હતાં. હવે જંગલો થોડાં અને માણસો (પ્રાણીઓ) પ્રચુર થયાં છે. જરા જુદી રીતે પણ વિચારી શકાય. જો ધરતી ઉપર જંગલોનું પ્રમાણ વધી જાય અને પ્રાણીઓની સંખ્યા ઘટી જાય તો વૃક્ષો બધો ઝેરી વાયુ ચૂસી લે અને ધરતી ઉપર માત્ર પ્રાણવાયુ જ રહી જાય. જોકે આવું કદી બનવાનું નથી. કારણ કે કુદરતે બંને પક્ષોની સંતુલિત વ્યવસ્થા કરી છે. તો પણ આવું થઈ શકે ખરું ? બીજો વિચાર : પૃથ્વીના ત્રણ ભાગમાં પથરાયેલો સમુદ્ર (વૃક્ષોના અભાવે) પ્રાણવાયુ નથી આપતો કે નથી તે ઝેરી વાયુ ચૂસવાનું કામ કરતો. એટલે સમુદ્ર ઉપરની હવા અને ગાઢ વનરાજીવાળાં જંગલો ઉપરની હવામાં કોઈ અત્યંત મહત્ત્વનો ફરક છે ખરો ? આવું જ વિસ્તૃત રણપ્રદેશ ઉપરની હવા વિશે પણ વિચારી શકાય. એવું કહી શકાય કે હવા વહેતી રહે છે એટલે જંગલોની હવા સમુદ્ર ઉપર અને સમુદ્રની હવા જંગલો ઉપર ફરતી રહે છે. કદાચ આ કારણે સમુદ્ર, રણ અને જંગલો ઉપરની હવામાં પ્રાણવાયુનું તત્ત્વ લગભગ સરખું રહેતું હશે.

## પ્રાણવાયુનો વધેલો વપરાશ

માનવે સુખસગવડો વધારવા યંત્રોની શોધ કરી તથા ઘણા દેશોમાં મોટા પ્રમાણમાં યંત્રીકરણથી એક તરફ બહુ મોટા પ્રમાણમાં હવામાંથી પ્રાણવાયુનું શોષણ થવા લાગ્યું તો બીજી તરફ તેથી પણ બહુ મોટા પ્રમાણમાં ઝેરી વાયુઓનું બહાર વિસર્જન થવા લાગ્યું. કેટલાંક સમૃધ્ધ રાષ્ટ્રો પ્રતિવર્ષ કરોડો નહિ, અબજો ટન ઝેરી વાયુનો કચરો પૃથ્વીના વાતાવરણમાં ઉમેરી રહ્યા છે. આ રીતે બાહ્ય હવા બહુ ઝડપથી દૂષિત થઈ રહી છે. તો બીજી તરફ જુદાં જુદાં યંત્રોને ચલાવવા માટે પણ બહુ મોટા પ્રમાણમાં પ્રાણવાયુ વપરાય છે. એવું મનાય છે કે એક માણસ એંસી વર્ષની ઉંમર સુધી જેટલો પ્રાણવાયુ લે છે તેટલો એક મોટરકાર માત્ર એક કલાકમાં વાપરી નાખે છે.



આ રીતે પ્રાણવાયુનો વપરાશ ઘણો વધી ગયો છે. તો બીજી તરફ વૃક્ષોની સંખ્યા ઘટવાથી નવો પ્રાણવાયુ ઉત્પન્ન થવાની પ્રક્રિયા પણ ઘટી ગઈ છે. ત્રીજી તરફ હજારો કારખાનાં હવામાં કરોડો ટન કચરો ઠાલવી રહ્યાં છે. તેમાં પણ હવામાં જ્યારે


સી.એફ.સી. મોટા પ્રમાણમાં ઠલવાય છે ત્યારે ઓઝોન વાયુમાં ગાબડાં પડે છે. ઓઝોનની નબળાઈથી સૂર્યનાં હાનિકારક કિરણો ગળાતાં નથી અને છેક પૃથ્વી સુધી પહોંચવા લાગ્યાં છે. આ કિરણો પ્રાણીઓ માટે ભયંકર વિનાશ કરી શકે છે. હવે શું કરવું ?



એક અંદાજ પ્રમાણે આજથી હજારો વર્ષ ઉપર પૃથ્વીના વાતાવરણની હવામાં ૨૨ થી ૨૩ ટકા પ્રાણવાયુ હતો તે હવે ૧૮ થી ૧૯ ટકા જેટલો થઈ ગયો છે. નાઈટ્રોજન લગભગ ૮૦ ટકા છે અને બાકીના ૧-૨ ટકામાં ઘણા વાયુઓ આવી જાય છે, તેમાં કાર્બનનું પ્રમાણ અડધા ટકાથી પણ ઓછું છે. બાકીના અડધા ટકામાં ચાર-પાંચ વાયુઓ રહે છે. આ કાર્બન ડાયોક્સાઈડ જે હજારો વર્ષ પહેલાં લગભગ શૂન્ય જેવો હતો તે અત્યારે પર્યાવરણનાં દૂષણો પછી આટલો વધ્યો છે. જો તેનું પ્રમાણ એક ટકા જેટલું જાય તો પ્રાણીઓનું જીવન લગભગ સમાપ્ત થઈ જાય. લગભગ શબ્દ એટલા માટે લખ્યો છે કે કુદરતી પ્રક્રિયા પ્રમાણે જો વાતાવરણ બહુ ધીમી ગતિએ બદલાય તો પ્રાણીઓની જીવનપ્રણાલીમાં પણ એવા ફેરફાર થતા રહે છે કે તે બદલાતા વાતાવરણને અનુકૂળ થઈ જાય. પહેલી વાર ડી.ડી.ટી. છંટાયું તો બધી જીવાત મરી ગઈ, પણ પછી ધીરેધીરે હવે એ જ જીવાત ડી.ડી.ટી. ના પ્રભાવથી ઘણા પ્રમાણમાં સુરક્ષિત થઈ ગઈ છે. ઉત્તરધ્રુવના બરફીલા પ્રદેશમાં વસતા પ્રાણીને રણમાં મૂકવામાં આવે તો મરી જાય, પણ જો આ પ્રક્રિયા સેંકડો પેઢીઓના લાંબા સમયમાં કરવામાં આવે તો રણમાં તે પ્રાણીઓ રહેતાં થઈ જાય. આવી રીતે પ્રાણીઓ પણ ધીમી ગતિએ બદલાતા વાતાવરણની સાથે પોતે પણ બદલાતાં રહીને નવા વાતાવરણને અનુકૂળ થઈ જાય છે.

## વર્ષાઋતુમાં સ્વચ્છ થતું વાતાવરણ

કુદરતે કાર્બન ડાયોક્સાઈડનું પ્રાણવાયુમાં રૂપાંતર કરવા વનસ્પતિની જીવન-પ્રક્રિયા જુદી બનાવી છે તે ખરું પણ માત્ર તેટલાથી કુદરત અટકી નથી. હલકો કાર્બન વાતાવરણમાં ભેગો થયો હોય છે ત્યારે વરસાદ દ્વારા પણ તે શોષાઈ જાય છે. વરસાદની સાથે કાર્બન પણ શોષાઈને રૂપાંતરિત થઈ પૃથ્વી ઉપર આવીને ઘન વસ્તુના નિર્માણમાં સહયોગી થઈ જાય છે. આ રીતે વાતાવરણ પ્રત્યેક વર્ષાઋતુમાં સ્વચ્છ થતું રહે છે. સમુદ્ર, નદી, તળાવ, બંધ કે નહેરો વગેરે જે કોઈ જગ્યાએ પાણી એકત્ર થતું હોય અને જ્યાં ભેજ રહેતો હોય ત્યાં કાર્બનનું શોષણ થતું રહે છે. વહેતી નદીના કિનારે અથવા સ્વચ્છ તળાવ વગેરેના કિનારે સંધ્યા ઉપાસના કરવાનું મહત્ત્વ એ છે કે ત્યાં કાર્બનનું પ્રમાણ અપેક્ષાકૃત ઓછું રહેવાનું, વાતાવરણમાં ૮૦ ટકા નાઈટ્રોજન છે, જે લગભગ ન્યૂટ્રલ છે. જીવન માટેનો પ્રાણવાયુ, કાર્બન વગેરે મહત્ત્વના વાયુ છે. જો પ્રાણવાયુનું પ્રમાણ ઘટતું જાય અને કાર્બનનું પ્રમાણ વધતું જાય તો પૃથ્વી રહેવાને – જીવવાને લાયક રહે નહીં. હજી આજે તો તત્કાળ આ ગંભીર ચિંતા નથી. પણ આવનારી પેઢીઓ માટે આ ગંભીર ચિંતાનો વિષય છે. પૃથ્વીનું વાતાવરણ કેવી રીતે શુદ્ધ રાખવું તેની ચિંતા, તેની ચર્ચા અને તેના ઉપાયો કરવા બ્રાઝિલના રિયો નગરમાં રાષ્ટ્રો મળી રહ્યાં છે.



## વાતાવરણશુદ્ધિ માટેના વિકલ્પો

વાતાવરણને શુદ્ધ રાખવા આટલા વિકલ્પો છે :

૧. વિશ્વભરમાં નવાં થતાં બધાં જ કારખાનાં અટકાવી દેવાં તથા જૂનાં કારખાનાં સમાપ્ત કરી નાખવાં.

૨. જૂનાં કારખાનાં તો ચાલુ રાખવાં પણ નવાં કારખાનાં ન થવા દેવાં.
૩. નવાં કારખાનાં થવા દેવાં પણ કડક નિયંત્રણમાં વાતાવરણશુદ્ધિની વ્યવસ્થા સાથે થવા દેવાં.
૪. વિશ્વભરનાં વર્તમાન જંગલોને વિશ્વની માલિકી માનીને તેને કપાતાં અટકાવવાં
૫. નવાં વૃક્ષો વધુ ને વધુ પ્રમાણમાં વાવવાં.
૬. વાતાવરણની જેમ પાણી તથા ખોરાકના પ્રદૂષણને પણ અટકાવવા પ્રયત્ન કરવો.

ટૂંકમાં વિશ્વમાં હવા, પાણી અને ખોરાકની શુદ્ધિ કરવા જે કાંઇ જરૂરી હોય તે બધું મજિયારા પ્રયત્નોથી કરવું.

## વિજ્ઞાનજન્ય દોષોને વિજ્ઞાનથી દૂર કરાય, પણ વિજ્ઞાનને મારી ન નંખાય

ઉપર જે વિકલ્પો બતાવ્યા છે, તેમાં કેટલાક વ્યાવહારિક છે, તો કેટલાક વ્યાવહારિક નથી. વળી કેટલાક ભારે અન્યાય કરનારા પણ છે. દાખલા તરીકે જે કારખાનાં થઈ ગયાં તે થઇ ગયાં. પણ હવે નવાં કરખાનાં ન થવા જોઇએ. જો આ વાત માની લેવામાં આવે તો વિકસિત રાષ્ટ્રો જી-૭ લાભમાં રહી જાય અને વિકાસશીલ રાષ્ટ્રો સદાસદાના માટે ગરીબ થઈ જાય. વિશ્વનાં કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૭૫ ટકા ઉત્પાદન જી-૭ રાષ્ટ્રો કરે છે, જ્યારે બાકીનું વિશ્વ માત્ર ૨૫ ટકા જ ઉત્પાદન કરે છે. તેમાં પણ કોરિયા જેવાં ઔદ્યોગિક રાષ્ટ્રોને બાદ કરીએ તો વિશ્વના ગરીબ




દેશો બહુ જ ઓછું ઉત્પાદન કરે છે. ભારત વિશ્વના ઔદ્યોગિક ઉત્પાદનમાં માત્ર ૦.૭ ટકા જ ઉત્પાદન કરે છે અર્થાત્ એક ટકો પણ નહીં. જી-૭ અત્યારે જેટ વિમાનના યુગમાં છે અને આપણે હજી હમણાં જ માંડ સાઇકલ યુગમાં પ્રવેશ્યા છીએ. હવે જો, જે જ્યાં છે ત્યાં જ અટકી જવાનું નક્કી કરાય તો પેલા કાયમ માટે જેટ વિમાનમાં રહે અને આપણે કાયમ માટે સાઇકલ ઉપર જ રહીએ. આપણી ગરીબાઈ અને લાચારીનો પાર ન રહે. એટલે વિકાસનાં કામો પડતાં મૂકીને પર્યાવરણને બચાવવાની વાત આત્મહત્યા કરતાં પણ ભૂંડી  છે. ત્યારે વિકાસ ચાલુ રાખીને પર્યાવરણનો વિનાશ કરવો એ પણ હાનિકારક છે. યોગ્ય તો એ છે કે વિકાસ અને પર્યાવરણની રક્ષા બંને સાથે સાથે ચાલે. આ શક્ય છે.

પહેલાં હવાને લઈએ ! ધુમાડાને ઉપર ફેંકવા માટે ચીમનીઓ બનાવાઇ હતી, હવે નવી ટેક્નોલોજીથી  આ ચીમનીઓમાંથી નીકળતા ધુમાડા કે જે બીજા વાયુઓને પણ રિફાઈન કરીને ગાળીને વાતાવરણમાં છોડી શકાય છે. ઊર્જાના ક્ષેત્રમાં પ્રદૂષણમુક્ત દહનપ્રક્રિયા વિનાની ઊર્જા

વધારી શકાય છે. જળ, વાયુ, સૂર્ય વગેરે અનેક કુદરતી સ્રોત છે, જે કોલસા, ડીઝલ, ગેસ જેવી દહનક્રિયા વિના ઊર્જા ઉત્પન્ન કરી શકે છે. આવનારાં વર્ષોમાં નાનાં વાહનોથી માંડીને મોટાં કારખાનાંઓ સુધી આ ઊર્જા ક્રાંતિ સર્જવાની છે. આપણું ચિંતન નકારાત્મક ન હોવું જોઇએ. એ વિકાસને અટકાવીને પ્રજાને વિનાશના મોઢામાં ધકેલી દેશે, વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલ દોષોને વિજ્ઞાનથી દૂર કરવાના હોય. વિજ્ઞાનને જ મારી નાખવાનું ન હોય. એક વિચાર એ પણ કરવા જેવો છે કે, જે લોકો હોમ-હવન-યજ્ઞોથી વાતાવરણને શુદ્ધ કરવાનો દાવો કરે છે, તેમના હોમ-હવનોને વિશુદ્ધ વૈજ્ઞાનિક રીતે ચકાસવા જોઇએ. શું ખરેખર હવન વગેરેથી કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ રૂપાંતર પ્રાણવાયુમાં થાય છે ? કે પછી વાતાવરણમાં વધુ કાર્બન ડાયોક્સાઇડ ઉમેરાય છે ? રિયો પરિસંવાદમાં એકાદ યજ્ઞવેત્તાએ પણ ભાગ લઈને પોતાના પ્રયોગો કરી બતાવવા જેવા હતા. હજી પણ વૈજ્ઞાનિકો આ પ્રયોગો કરી જુએ. પણ મને તો પાકી ખાતરી છે કે, જો વૃક્ષો કાર્બનને પ્રાણવાયુમાં રૂપાંતરિત કરી શકતાં હોય તો તે જ સિદ્ધાંત આધારે માણસ પણ એવાં યંત્રો બનાવશે જે વાતાવરણના કાર્બનને ચૂસીને તેમાંથી પ્રાણવાયુ બનાવશે.

## અક્ષમ્ય દૂષણ સમા ધુમાડા તો તરત અટકાવી શકાય

પાંચ હજાર વર્ષ ઉપર ઘરમાં પાણીના નળની કલ્પના કરવી હાસ્યાસ્પદ હતી, પણ આજે આ વ્યવસ્થા વિશ્વવ્યાપી થઇ ગઈ છે. તેવું જ પ્રત્યેક ઘરમાં શુદ્ધ પ્રાણવાયુની વ્યવસ્થા કરવી આજે હાસ્યાસ્પદ લાગશે. પણ વારિગૃહની માફક પ્રત્યેક ગામમાં શુદ્ધ પ્રાણવાયુની નાની-મોટી વ્યવસ્થા થશે એ સંભવ છે. ખોબે ખોબે પાણી પીનારો માણસ આજે રેફ્રિજરેટરનું ઠંડું પાણી પીતો થયો છે. આવું જ એકાદ એવું મશીન નીકળશે જે આખા ઘરને ચોખ્ખો પ્રાણવાયુ આપતું હશે. નિરાશ કે હતાશ થઈને નકારાત્મક ચિંતન કરવાની જરૂર નથી. પૃથ્વી ઉપર પ્રાણવાયુનો અમાપ જથ્થો છે. પૂરો સમુદ્ર પ્રાણવાયુનો ખજાનો છે. જો સમુદ્રના પાણીને મીઠું પાણી બનાવી શકાય તો તે જ સમુદ્રના પાણીમાંથી પ્રાણવાયુ પણ પ્રાપ્ત કરી શકાય.. પણ આ તો ભવિષ્યની કલ્પના છે. અત્યારે નજીકના ભવિષ્યમાં તો આવી કોઇ ચિંતા નથી. જરૂર છે, કારાખાનાંઓ ઉપર કડક નિયંત્રણની. માત્ર કારખાનાંઓ ઉપર જ આક્રોશ ઠાલવવાથી પર્યાવરણ સુધરી જવાનું નથી. આપણે ઘણીવાર માર્ગ-બાંધકામ કરનારાઓ દ્વારા ડામરના પીપને બળતણ તરીકે વપરાતું જોઈએ છીએ. રિક્ષા, કાર વગેરેના ધુમાડા પણ જોઇએ છીએ. આ બધું અક્ષમ્ય પ્રદૂષણ છે. આ બધું તો અબઘડી અટકાવી શકાય છે. પરદેશોમાં લાખ્ખો કારો ચાલે છે પણ ધુમાડો જોવા ન મળે. આપણે અંધાધૂંધ ધુમાડા કાઢતાં વાહનો ગૌરવભેર ચલાવીએ છીએ. આ તો તરત જ અટકાવી શકાય.

## સુવેજની વ્યવસ્થા નથી

હવાની માફક પાણીનું પર્યાવરણ પણ કમળા સુધી ફેલાઈ ગયું છે. આખા ગુજરાતમાં જેટલાં કારખાનાં છે તેથી વધારે એકલા લંડનમાં કે જર્સી સિટીમાં છે, તો પણ ત્યાં કમળો નથી થતો, કારણ કે સુવેજ વ્યવસ્થા ઉત્તમ છે. કારખાનાંઓનું ટીપેટીપું પાણી સુવેજ દ્વારા નિશ્ચિત જગ્યાએ ભેગું થાય છે, પછી એ પાણીમાંથી તમામ રસાયણો, ક્ષારો વગેરે દૂર કરીને તદ્દન ચોખ્ખું પીવાલાયક બનાવીને ફરીથી તેનો ઉપયોગ થાય છે. આપણે ત્યાં આવી વ્યવસ્થા હજી થઈ જ નથી. કારખાનાંઓનું બધું રાસાયણિક પાણી કાં તો આડેધડ વહેતું કરીને નદી-સમુદ્રમાં



ઠાલવવામાં આવે છે. આ ભયંકર વિનાશ છે. વહેલામાં વહેલી તકે ઉત્તમ કોટિની સુવેજ વ્યવસ્થા ચાલુ કરાવવી જોઈએ.

## જી-૭નો કાર્બન ચૂસવા આપનાં જંગલો

બ્રાઝિલના રિયો નગરનું આ સંમેલન પૃથ્વીના વાતાવરણને શુદ્ધ કરવામાં, શુદ્ધ રાખવામાં સફળ થાય તથા સાથોસાથ જી-૭ રાષ્ટ્રો પોતાનો ઔદ્યોગિક વિકાસ પણ ચાલુ રાખે તેવી બંને અપેક્ષાઓ પૂરી થાય એ દિશામાં સૌ વિચારે તથા આચરે. એવું ન થાય કે આપણા જંગલો એટલા માટે સચવાય કે તે જી-૭નો કાર્બન ચૂસ્યા કરે.

જી-૭ રાષ્ટ્રો મેઘા પાટકર જેવા પ્રતિક્રિયાવાદીઓને એવોર્ડ આપીને આડકતરી રીતે આપણાં વિકાસકામોને અટકાવવામાં હાથો બનાવે, આપણા કેટલાક ભોળા ભાઇઓ જી-૭ની આ ચાલને ન સમજીને હાથો બનતા રહે અને આપણો વિકાસ અટકી પડે. આપણે કાયમ માટે જી-૭ના ઓશિયાળા થઈ જઇએ. તેવું ન થાય તેની કાળજી સૌએ રાખવાની છે. ●



**એચ. એસ. પટેલ IAS (Retd.)**
સી.ઈ.ઓ. સરદારધામ

# લોકોપયોગી માર્ગદર્શન

## મહેસૂલી રેકર્ડનું કમ્પ્યૂટરાઈઝેશન કરવાથી થયેલ ભૂલો / ક્ષતિઓ સ્વમેળે સુધારવા મામલતદાર દ્વારા અનુસરવાની કાર્યપદ્ધતિ

જમીન વ્યવસ્થાપનનો મૂળ આધાર સર્વે સેટલમેન્ટ થયા બાદ તે આધારિત રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલ તેમજ જમીન મહેસૂલ અધિનિયમમાં હક્કપત્રક (Record of Rights)ની જોગવાઈઓ આધારિત મહેસૂલી રેકર્ડની નિભાવણી તે અગત્યની છે અને જમીન / મિલ્કતના કબજેદાર માલિકી હક્કે પુરવાર કરવા માટે એક માત્ર દસ્તાવેજી આધારભૂત રેકર્ડ ગણાય છે જેથી તેનું મહત્ત્વ ધરાવે છે. સામાન્ય જનમાનસમાં મહેસૂલી



ગામના અગત્યના નમૂનામાં ૭/૧૨ અને ૬ નંબર એટલે કે હક્કપત્રકની નોંધોનો સમાવેશ થાય છે તે પ્રચલિત સ્વરૂપે છે. સર્વે સેટલમેન્ટ થયા બાદ ગામના નમૂના નં.૧ જે કાયમી ખરડો ઓળખાય છે તે આધારિત મહેસૂલી રેકર્ડ લખાયેલ છે અને આ રેકર્ડની જાળવણીની જવાબદારી મહેસૂલી રેકર્ડનું કમ્પ્યૂટરાઈઝેશન થયું ત્યાં સુધી સંબંધિત ગામના મહેસૂલી તલાટીની હતી અને રેકર્ડ હસ્તલિખિત સ્વરૂપે નિભાવવાની તેમજ જે પણ ફેરફાર થાય તે હક્કપત્રકમાં ફેરફારની નોંધ પાડવાની જવાબદારી તલાટીની હતી. મહેસૂલી રેકર્ડ તલાટીની કસ્ટડીમાં હોવાથી તેમજ અમુક તલાટી સ્વમેળે રેકર્ડમાં ફેરફાર કરી દેતા જેથી બિનજરૂરી વિવાદો પણ થતા અને પક્ષકારોને લીટીગેશનમાં ઉતરવું પડતું હતું. એક તબક્કે એવી પણ ફરીયાદો હતી કે તલાટી ગામના લોકોના કામ માટે મળતા ન હતા.

બદલાતા જતા સંજોગોમાં ટેક્નોલોજી અને કમ્પ્યૂટરના ઉપયોગનો વ્યાપ વધવાથી રાજ્ય સરકારે મહેસૂલી રેકર્ડનું આધુનિકરણ કરવાના ભાગરૂપે ૨૦૦૪માં રાજયના મહેસૂલ વહીવટને કમ્પ્યૂટર નિયંત્રિત, સલામત, સુરક્ષિત, ચેડામુક્ત, ઝડપી અને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે હસ્તલિખિત મહેસૂલી રેકર્ડને કમ્પ્યૂટરાઝડ કરી ઓનલાઈન કરવામાં આવેલ છે અને અગાઉ જે હક્કપત્રકની નોંધ તલાટી દ્વારા ગામે પાડવામાં આવતી તેના બદલે તાલુકા કચેરીમાં ઈ-ધરા કેન્દ્રમાં પાડવાનું શરૂ કરવામાં આવ્યું. આમ તો જમીન / મિલ્કતના જે વ્યવહારો છે, જેમાં વેચાણ, ભેટ, વસીયતનામું, ભાડાપટ્ટા, વારસાઈ, વહેંચણી, બોજાની નોંધ વિગેરે મુખ્ય વ્યવહારો છે. પરંતુ આવા ૪૩ પ્રકારના સ્ટાન્ડર્ડ વ્યવહારોના ફોર્મેટ બનાવવામાં આવ્યા અને તે મુજબ જમીનોના હક્ક સંબંધિત માધ્યમથી ઈ-ધરા કેન્દ્રમાં તબદિલ કરી શકાય છે.

જ્યારે હસ્તલિખિત રેકર્ડ કમ્પ્યૂટરાઝડ કરવામાં આવ્યું તેમાં ડેટા એન્ટ્રી કરતી વખતે ક્લેરીકલ ભૂલના કારણે ક્ષતિ રહી ગયેલ હોય તેવા કિસ્સામાં તેમજ જમીનના વિવિધ વ્યવહારોની


ફેરફાર નોંધો ઓનલાઈન ઈ-ધરા વ્યવસ્થાપનમાં દાખલ કરતી વખતે ડેટા એન્ટ્રી કરનાર કર્મચારી દ્વારા ભૂલ રહી જવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનેલ, જેમાં ખાતેદારના નામ, અટકમાં ભૂલ, સત્તા પ્રકાર, જમીનનો ઉપયોગ, ક્ષેત્રફળ, આકાર, હુકમ આધાર કરેલ નોંધની વિગત, બીજા હક્કોની નોંધ, બોજાની વિગતો, વારસાઈ થયેલ હોય તો અગાઉના કબજેદારોના નામ વિગેરે અને આ બાબત અગાઉના ૭/૧૨ જે હતા, તેમાં નવીન કમ્પ્યૂટરાઝ ૭/૧૨ના પ્રમોલગેશનમાં પણ ઘણી ભૂલો થયેલ અને આવી ભૂલો / ક્ષતિઓ ધ્યાનમાં આવે ત્યારે સંબંધિત પક્ષકારને અપીલ / રીવીઝન દાખલ કરવાનું જણાવવામાં આવતું તેમજ એફિડેવીટ સ્વરૂપે જણાવવાનું કહેવામાં આવતું અને આવા કિસ્સાઓ સરકાર દ્વારા રી સર્વે થયા બાદ લખાયેલ રેકર્ડમાં પણ સંખ્યાબંધ કેસો ધ્યાનમાં આવતાં, સ્વમેળે કાર્યવાહી કરી ભૂલ / ક્ષતિઓ સુધારવા માટે જણાવવામાં આવેલ છે.



મહેસૂલ વિભાગના તા.૧૦-૩-૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક : સીએમપી / ૧૦૨૦૦૯ / ૨૪ હ-૨ અન્વયે કમ્પ્યૂટરાઝેશન કરવાથી મહેસૂલી રેકર્ડમાં જે ક્ષતિઓ / ભૂલો કરવામાં આવી છે તે અરજદારને રીવીઝન / અપીલ ફાઈલ કરવાનું જણાવવાને બદલે સ્વમેળે (Suomoto) સુધારવા માટે સબંધિત તાલુકાના મામલતદારશ્રીને સત્તાઓ આપવામાં આવેલ છે અને તે અંતર્ગત સંબંધિત પક્ષકારે મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્રમાં / એટીવીટીના જનસેવા કેન્દ્રમાં અથવા ગ્રામ કક્ષાએ પણ ઈ-ગ્રામ કેન્દ્રમાં અરજી આપવાની છે અને તે અંગેની સબંધિત કચેરી પાસેથી અરજી મળ્યા બદલની પહોંચ આપવાની છે. આમ તો જે ભૂલ થઈ હોય તેના પુરાવા તરીકેનું રેકર્ડ આપવાનું છે, પરંતુ જે રેકર્ડ સંબંધિત મહેસૂલી કચેરીમાં હોય તે રેકર્ડ આપવાનો આગ્રહ રાખવાનો નથી. આમ તો આ બાબતો રેકર્ડ આધારિત હોવાથી અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં સંબંધિત મામલતદારે ક્ષતિ સુધારવાનો હુકમ કરી ઈ-ધરામાં મહેસૂલી રેકર્ડમાં હુકમી નોંધ પાડવાની છે અને આ અંગેની જાણ સબંધિત અરજદારને અને જરૂર જણાયે ફેરફાર કરવાના ભાગરૂપે ડીઆઈએલઆરને પણ કરવાની રહેશે. આ હુકમી નોંધ પ્રમાણિત થયા બાદ સંબંધિત અરજદારને સુધારેલ ૭/૧૨ તેમજ હક્કપત્રકની નોંધ નં. ૬ની નકલ દિવસ-૩માં અરજદારને આપવાની છે. આવા પ્રકારની અરજીઓ સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે ઈ-ધરા કેન્દ્રમાં આ અંગેનું ખાસ કંટ્રોલ રજિસ્ટર નિભાવવાનું છે અને તેમાં તેની નોંધ કરવાની છે. જેથી પ્રાન્ત અધિકારી અને કલેક્ટર દ્વારા જ્યારે ઈ-ધરા કેન્દ્રની મુલાકાત લેવામાં આવે ત્યારે તપાસણી કરવાની છે અને ક્ષતિ સુધારણા બાબતમાં કોઈની ભૂલ અથવા નિષ્કાળજી સેવવામાં આવે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. કોઈ સંજોગોમાં ડેટા એન્ટ્રી કરનાર કર્મચારીની ભૂલ થઈ હોય તો વેરીફીકેશન કરનાર અમલદાર પણ નિયત નોંધ જનરેટ થાય તે પહેલાં સુધારા કરી શકે તેવી જોગવાઈ કરેલ છે.

આ જોગવાઈઓ જાહેર જનતાના ધ્યાન ઉપર લાવવી એટલે જરૂર લાગી કે, આજે પણ કમ્પ્યૂટરાઝેશન થયા બાદ મહેસૂલી રેકર્ડમાં ઘણી ભૂલો થવા પામેલ છે અને સંબંધિત પક્ષકારો અને કબજેદારોની અજ્ઞાનતાને કારણે અને જ્યારે મહેસૂલી રેકર્ડ જોવામાં આવે ત્યારે જ ધ્યાન ઉપર આવે છે. જેથી કોઈપણ જમીન / મિલ્કતના કબજેદારને તેઓ ધારણકર્તા જમીનમાં કમ્પ્યૂટરાઝેશન બાદ જો કોઈ ભૂલ થયેલ હોય અને ખાસ કરીને ખાતેદારના નામો / ક્ષેત્રફળ વિગેરે જે અગત્યની બાબત છે તેમાં ભૂલ જણાય તો – અપીલ / રીવીઝન અરજી કર્યા વગર ઉક્ત જણાવેલ સંબંધિત મામલતદાર / એટીવીટી તેમજ ગ્રામ કક્ષાએ રજૂઆત કરવાથી કમ્પ્યૂટરાઝેશનમાં થયેલ ભૂલો / ક્ષતિઓને સુધારી શકાય છે. ●

**"કમ્પ્યૂટરાઝેશનને કારણે થયેલ ક્ષતિ સુધારવા માટે અપીલ / રીવીઝન અરજી કરવાની જરૂરત નથી."**



# આરોગ્યની ચાવી

# પૃથ્વી એટલે માટી

**- ગાંધીજી**

આ પ્રકરણો લખવાનો હેતુ નૈસર્ગિક ઉપચારોનું મહત્ત્વ બતાવવાનો અને તેનો ઉપયોગ મેં કેવી રીતે કર્યો છે એ બતાવવાનો છે. એ વિશે થોડું તો ગત પ્રકરણોમાં કહેવાઈ ગયું છે. અહીં કંઈક વિસ્તારથી કહેવું છે. જે તત્ત્વોનું મનુષ્યરૂપી પૂતળું બન્યું છે, તે જ નૈસર્ગિક ઉપચારનાં સાધન છે. પૃથ્વી (માટી), પાણી, આકાશ (અવકાશ), તેજ (સૂર્ય) ને વાયુનું આ શરીર છે. તે સાધનોનો ક્રમપૂર્વક ઉપયોગ સૂચવવાનો આ પ્રયત્ન છે.

સન ૧૯૦૧ની સાલ લગી મને કંઇ વ્યાધિ થાય તો હું દાક્તરોની પાસે તો ન દોડતો, પણ તેઓની દવાનો થોડો ઉપયોગ કરતો. એકબે વસ્તુ સ્વ. દાક્તર પ્રાણજીવન મહેતાએ બતાવી હતી. થોડો અનુભવ નાનકડી ઇસ્પિતાલમાં કામ કરતો ત્યાં મળેલો. બીજું વાચનથી પામેલો તે. મને મુખ્ય પજવણી બંધકોષની હતી. તેને સારુ વખતોવખત ફ્રૂટ સૉલ્ટ લેતો. તેથી કંઈક આરામ મળતો, પણ નબળો થતો. માથું દુઃખે. બીજા પણ નાના ઉપદ્રવો થાય, એટલે દાક્તર પ્રાણજીવન મહેતાએ બતાવેલી દવા લોહ (ડાયલાઇઝ્ડ) અને નક્સવામિકા લેતો. દવાઓ ઉપર વિશ્વાસ ઘણો ઓછો હતો. એટલે એ ન ચાલતાં જ લેતો. તેથી સંતોષ ન થતો.

આ અરસામાં ખોરાકના મારા પ્રયોગો તો ચાલતા જ હતા. નૈસર્ગિક ઉપચારોમાં મને સારી પેઠે વિશ્વાસ હતો, પણ કોઈની મદદ ન હતી. છૂટુંછવાયું વાંચેલું તે ઉપરથી મુખ્યત્વે ખોરાકના ફેરફાર ઉપર નભતો. પુષ્કળ ફરવાનું રાખતો તેથી કોઈ દિવસ ખાટલો સેવવો નહોતો પડ્યો. આમ મારું રગશિયું ગાડું ચાલતું હતું. તેવામાં જુસ્ટનું રિટર્ન ટુ નેચર નામનું પુસ્તક ભાઇ પોલાકે મારા હાથમાં મૂક્યું. તે પોતે તેના ઉપચારો નહોતા કરતા. ખોરાક જુસ્ટે બતાવેલો કંઈક અંશે લેતા. પણ મારી ટેવો જાણે તેથી તેણે મારી પાસે મજકૂર પુસ્તક મૂક્યું. તેમાં મુખ્યત્વે ભાર માટી ઉપર મૂક્યો છે. મને લાગ્યું કે એનો ઉપયોગ મારે કરી લેવો જોઇએ. બંધકોષમાં સાફ માટીને ઠંડા પાણીમાં પલાળી તે પેડુ ઉપર મૂકવી. જુસ્ટની ભલામણ માટી કંઈ કપડા વિના પેડુ ઉપર મૂકવાની છે, પણ મેં તો ઝીણા કપડામાં જેમ પોલ્ટીસ મૂકીએ તેમ પોલ્ટીસ બનાવીને આખી રાતભર પેડુ ઉપર રાખી. સવારે ઊઠ્યો, તો દસ્તની હાજત હતી ને જતાં તુરત દસ્ત બંધાયેલો ને સંતોષકારક આવ્યો. તે દિવસથી તે લગી એમ કહી શકાય કે હું ફ્રૂટ સૉલ્ટને ભાગ્યે જ અડ્યો હોઈશ. જરૂર જણાયે કોઇક વાર એરંડિયું તેલ નાનો ચમચો પોણો સવારના લઉં છું ખરો. આ માટીની લોપરી ત્રણ ઇંચ પહોળી અને છ ઇંચ લાંબી હોય છે. બાજરાના રોટલાથી બમણી જાડી અથવા અડધો ઇંચ કહો. જુસ્ટનો દાવો છે કે, જેને ઝેરી સાપ ડંખ્યો હોય તેને જો માટીનો ખાડો કરી (માટીથી ઢાંકીને) તેમાં સુવાડવામાં આવે તો તે ઝેર ઊતરે છે. એવો દાવો સાબિત થાઓ કે ન થાઓ, પણ મેં જાતે જે ઉપયોગ કર્યો છે તે તો કહી જાઉં. માથું દુખતું હોય તો માટીની લોપરી મૂકવાથી ઘણે અંશે ફાયદો થયેલો મેં અનુભવ્યો છે. સેંકડોની ઉપર આ પ્રયોગ કર્યો છે. માથું દુખવાનાં અનેક કારણો હોય છે એ જાણું છું. સામાન્યપણે એમ કહી શકાય કે, ગમે તે કારણથી માથું દુખતું હોય છતાં માટીની લોપરી તાત્કાલિક લાભ તો આપે જ છે. સામાન્ય ફોડા થયા હોય તેને પણ માટી મટાડે છે. વહેતા ફોડા ઉપર પણ મેં તો માટી



મૂકેલી છે. એવા ફોડા ઉપર મૂકવાને સારુ સાફ કપડું લઈ તેને હું પરમેન્ગેનેટના ગુલાબી પાણીમાં બોળું છું, ને ફોડાને સાફ કરીને ત્યાં માટીની લોપરી મૂકું છું. ઘણે ભાગે ફોડા મટે જ છે. જેને સારુ મેં એ અજમાવેલ છે તેમાં કોઈ નિષ્ફળ ગયેલો કેસ મને યાદ નથી આવતો. ભમરી વગેરેના ડંખમાં માટી તુરત જવાબ આપે છે. વીંછીના ડંખમાં મેં માટીનો ખૂબ ઉપયોગ કર્યો છે. સેવાગ્રામમાં વીંછીનો ઉપદ્રવ હંમેશની ચીજ થઈ પડેલ છે. જાણીતા બધા ઈલાજો ત્યાં રાખ્યા છે. કોઇને વિશે એમ ન કહી શકું કે તે તો અચૂક ફાયદો કરે જ છે. કોઈ ઇલાજોથી માટી ઊતરતી નથી એટલું કહી શકાય.

સખત તાવમાં માટીનો ઉપયોગ પેડુ ને માથા ઉપર, જો માથું દુખતું હોય તો કર્યો છે. તેથી હંમેશાં તાવ ગયો છે એમ ન કહી શકાય, પણ દરદીને તેથી શાંતિ તો થઈ જ છે. ટાઇફૉઇડમાં મેં માટીનો બહોળો ઉપયોગ કર્યો છે. તે તાવ તો તેની મુદતે જ જાય છે પણ માટીએ હંમેશાં દરદીને શાંતિ આપી છે, ને બધા દરદીએ માટી માગી લીધી છે. સેવાગ્રામમાં દસેક કેસ ટાઇફૉઇડના થઈ ગયા. એક પણ કેસ ખોટો નથી થયો. ટાઇફૉઇડનો ભય સેવાગ્રામમાં નથી રહ્યો. એકેય કેસમાં દવાનો ઉપયોગ નથી કર્યો એમ કહી શકું. માટી ઉપરાંત બીજા નૈસર્ગિક ઉપચારો કર્યા છે ખરા. તે એને સ્થળે આપવા ધારું છું.

માટીનો ઉપયોગ છૂટથી એન્ટિફ્લોજિસ્ટીનને બદલે સેવાગ્રામમાં કર્યો છે. તેમાં થોડું તેલ (સરસિયું) ભેળવવામાં આવે છે. એ માટીને સારી પેઠે ગરમ કરવી પડે છે એટલે તે બિલકુલ નિર્દોષ બની જાય છે.

માટી કેવી હોવી જોઇએ એ કહેવાનું રહે છે. મારો પ્રથમ પરિચય તો ચોખ્ખી લાલ માટીનો હતો. પાણી મેળવવાથી એમાંથી સુગંધ છૂટે છે. આવી માટી સહેજે મળતી નથી. મુંબઈ જેવા શહેરમાં તો કોઈ પણ પ્રકારની માટી મેળવવી મને તો મુશ્કેલ પડ્યું છે. માટી ચીકણી ન હોવી જોઇએ. છેક રેતાળ પણ નહીં. માટી ખાતરવાળી ન જ હોવી જોઇએ. સુવાળી રેશમ જેવી હોવી જોઇએ. તેમાં કાંકરી ન હોવી જોઇએ તેથી એ છેક ઝીણી ચાળણીમાં ચાળવી જોઇએ. તદ્દન સાફ ન લાગે તો માટીને શેકવી. માટી છેક સૂકી હોવી જોઇએ. ભીની હોય તો તેને તડકે કે અંગાર ઉપર સૂકવવી. સાફ ભાગ ઉપર વાપરેલી માટી સૂકવી નાખ્યા પછી વારંવાર વાપરી શકાય છે. આમ વાપરવાથી માટીનો કોઈ ગુણ ઓછો થતો હોય તો હું જાણતો નથી. મેં આમ વાપરી છે ને તેનો ગુણ ઓછો થયો હોય એવું અનુભવ્યું નથી. માટીનો ઉપયોગ કરનારાઓ તરફથી સાંભળ્યું છે કે, જમનાને કિનારે પીળી માટી મળે છે તે બહુ ગુણકારી છે.

સાફ ઝીણી દરિયાઈ રેતી એક બરની ખાવાનો પ્રયોગ દસ્ત લાવવાને સારુ કરાય છે, એમ ક્યુનેએ લખેલું છે. માટીનું વર્તન આમ બતાવવામાં આવ્યું છેઃ માટી કંઈ પચતી નથી. એને તો કચરાની જેમ બહાર નીકળવાનું જ છે. તે નીકળતા મળને પણ બહાર લાવે છે. આ વસ્તુ મારા અનુભવની બહાર છે, એટલે જે પ્રયોગો કરવા ધારે તેણે વિચારપૂર્વક પ્રયોગ કરવો. એકબે વેળા અજમાવી જોવાથી કંઇ નુકસાન થવાનો સંભવ નથી. ●







## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેકનોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



**૧૦ લાખ**
**બિઝનેસમેનનું જોડાણ**



સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજિત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર**
**બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

www.gpbo.org GPBO



# નોબલ પારિતોષિક



અત્યાર સુધી આપણે અલગ અલગ ક્ષેત્રમાં અલગ અલગ કાર્યો માટે અપાતા ઘણા બધા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો વિશે જાણીએ છીએ. તો આજે આપણે એવા જ એક આંતરરાષ્ટ્રીય પારિતોષિકની વાત કરીશું કે જે માનવ કલ્યાણ માટે કરાયેલ ઉમદા કાર્ય માટે આપવામાં આવે છે અને તે છે નોબલ પારિતોષિક કે જે સ્વિડિસ વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબલની યાદમાં આપવામાં આવે છે. આ પારિતોષિક અલગ-અલગ પ્રકારની છ કેટેગરીમાં આપવામાં આવે છે અને પોત-પોતાના ક્ષેત્રમાં આ એક ખૂબ સન્માનનીય પારિતોષિક ગણાય છે. આ પારિતોષિક બે કે ત્રણ વ્યક્તિઓને સંયુક્ત રીતે પણ આપવામાં આવે છે તેમજ સંયુક્ત રીતે માનવ કલ્યાણ માટે કાર્ય કરતી સંસ્થાઓને પણ આપવામાં આવે છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સાહિત્ય, મેડિસિન/ફિઝિયોલોજી, અર્થશાસ્ત્ર અને શાંતિ એમ અલગ અલગ ક્ષેત્રમાં છ પ્રકારના પારિતોષિક આપવામાં આવે છે.

અહીં આપણે વર્ષ ૨૦૨૦માં અપાયેલ નોબલ પારિતોષિક વિશે વાત કરીશું.

**૧. ભૌતિકશાસ્ત્રનો નોબલ પારિતોષિક :** વર્ષ ૨૦૨૦નો ભૌતિકશાસ્ત્રનો નોબલ પારિતોષિક રોજર પેનરોઝ, રેનહાર્ડ ગેન્જેલ અને એન્ડ્રીયા ગેઝને સંયુક્તરૂપે આપવામાં આવ્યો છે. આ પારિતોષિક દ્વારા ઇતિહાસમાં સૌથી નાના પાર્ટિકલ્સથી લઈને અંતરિક્ષના રહસ્યો સુધીની શોધ માટે વૈજ્ઞાનિકોને નવાજવામાં આવ્યા છે. બ્લેક હોલ ફોર્મેશનથી જનરલ થિયરી ઑફ રિલેટિવિટીને પ્રિડિક્ટ કરી શકાય છે. રેનહાર્ટ અને એન્ડ્રિયાએ આપણી ગેલેક્સીના કેન્દ્રમાં રહેલ વિશાળ દ્રવ્યમાન (Super massive) ના કૉમ્પેક્ટ ઑબ્જેક્ટની શોધ કરી હતી. આ પારિતોષિક તેમને બ્લેક હોલને સમજવા માટે કરવામાં આવેલ તેમના ગહન અધ્યયનો માટે આપવામાં આવ્યો છે. આ પારિતોષિકની અડધી રકમ વૈજ્ઞાનિક રોજર પેનરોસ અને બાકીની અડધી રકમ સંયુક્ત પણે રેનહાર્ડ જેનજેલ અને એન્ડ્રિયા ગેઝને આપવામાં આવેલ છે.





**૨. રસાયણવિજ્ઞાનનો નોબલ પારિતોષિક:** વર્ષ ૨૦૨૦નો રસાયણવિજ્ઞાનનો નોબલ પારિતોષિક ઈમેન્યુઅલ શાર્પેચી અને જેનિફર ડાઉડને જીનોમ એડિટિંગની રીત શોધવા માટે આપવામાં આવ્યો છે. પ્રથમ વાર એવું બન્યું છે કે આ પારિતોષિક ફક્ત સ્ત્રીઓની ભાગીદારીને મળ્યો છે. આ પારિતોષિક દ્વારા તે કાર્યોને સન્માનિત કરવામાં આવ્યા છે, જેનો આજ વ્યવહારિક રૂપે વિસ્તૃત ઉપયોગ થઈ રહ્યો છે.

**૩. મેડિસિનનો નોબલ પારિતોષિક :** વર્ષ ૨૦૨૦નો મેડિસિનનો નોબલ પારિતોષિક હાર્વે અલ્ટર, માઈકલ હોફટન અને ચાર્લ્સ રાઈસને હેપેટાઈટિસ સી વાયરસની શોધ માટે આપવામાં આવ્યો છે, જેનાથી દર વર્ષે એક લાખ લોકો મૃત્યુ પામે છે. હેપેટાઈટિસ સી વિશ્વની ત્રીજી સૌથી ઘાતક બીમારી છે. આ એક મુખ્ય વૈશ્વિક સ્વાસ્થ્ય સમસ્યા છે જે દુનિયાભરના લોકોમાં સિરોસર અને લિવર કેન્સરનું કારણ બને છે. આ ત્રણેય વૈજ્ઞાનિકોએ લાભદાયક શોધ કરી છે જેનાથી હેપેટાઈટીસ સી ની ઓળખ થઈ શકી છે. ત્રણેય વૈજ્ઞાનિકોએ નોવલ વાયરસની શોધમાં મૂળભૂત શોધ કરી જેમાં હેપેટાઈટીસ સી ની ઓળખ થઈ શકી.



**૪. સાહિત્યનો નોબલ પારિતોષિક :** વર્ષ ૨૦૨૦નો સાહિત્યનો નોબલ પારિતોષિક અમેરિકન કવયિત્રી લુઈસ ગ્લુકને પોતાના અનોખા કાવ્યાત્મક સ્વર માટે એનાયત થયો છે. જે સુંદરતાની સાથે વ્યક્તિગત અસ્તિત્વને સાર્વભૌમિક બનાવે છે. સાહિત્યમાં નોબલ પારિતોષિક મેળવનાર લુઈસ ગ્લુક ફક્ત ૧૬મી મહિલા છે. કવિયત્રી લુઈસ ગ્લુક યેલ યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રૉફેસર છે. ૧૯૬૮માં 'ફર્સ્ટબોર્ન' નામે તેમનો પહેલો કવિતાસંગ્રહ પ્રકાશિત થયો હતો. ત્યાર બાદ ટૂંક સમયમાં અમેરિકન સમકાલીન સાહિત્યના સૌથી પ્રખ્યાત કવિ તરીકે તેમની પ્રશંસા થઈ હતી. તેમને પુલિત્ઝર પ્રાઈઝ અને નેશનલ બુલ એવોર્ડ જેવા અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા છે. લુઈસ ગ્લુકની કવિતાઓ મોટેભાગે માનવજીવનની વાસ્તવિકતા પર આધારિત હોય છે, જેમકે, મૃત્યુ, બાળપણ અને પારિવારિક જીવન પર આધારિત.




**૫. શાંતિનો નોબલ પારિતોષિક :** વર્ષ ૨૦૨૦નો શાંતિનો નોબલ પારિતોષિક વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ નામની સંસ્થાને ભૂખમરા સામે લડવા તથા શાંતિ સ્થાપવાની કામગીરી માટે આપવામાં આવ્યો છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ નામની સંસ્થાએ અસરગ્રસ્ત વિસ્તારોમાં ભૂખમરા સામે લડવા અને શાંતિ સ્થાપવા સાથે જોડાયેલા સરાહનીય કાર્યો કર્યા છે. આ બદલ નોબલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યો છે. આ પારિતોષિક માટે ૩૧૮ ઉમેદવાર હતા જેમાંથી ૨૧૧ વ્યક્તિઓ અને ૧૦૭ સંગઠનો સામેલ હતા.






**૬. અર્થશાસ્ત્રનો નોબલ પારિતોષિક :** વર્ષ ૨૦૨૦નો અર્થશાસ્ત્રનો નોબલ પારિતોષિક પોલ આર મિલ્ગ્રોમ અને રોર્બટ બી વિલ્સનને હરાજીના સિધ્ધાંતો અને નવા હરાજી ફોર્મેટ્સની શોધમાં સુધારા માટે મળ્યો છે. તેમણે આ વસ્તુઓ અને સેવાઓ માટે નવા હરાજી સ્વરૂપોને ડિઝાઇન કરવામાં પોતાની અંતઃદૃષ્ટીનો ઉપયોગ કર્યો છે. આ શોધથી ખરીદકર્તા, વેચાણકર્તા અને કરદાતાઓને ફાયદો થશે અને આનાથી વસ્તુઓની હરાજીમાં સરળતાની સાથે સાથે એવી સેવાઓ કે જેને પરંપરાગત રીતે વેચવી મુશ્કેલ છે, જેમ કે રેડિયો ફ્રીકવન્સી તેમાં સરળતા રહેશે.




- અત્યાર સુધીમાં ૬૦૩ વખત આ પારિતોષિક આપવામાં આવ્યો છે. જેમાં ૨૮ સંસ્થાઓ અને ૯૩૪ વ્યક્તિઓ સંયુક્તપણે કે એકલા આ પારિતોષિક મેળવી ચૂકેલ છે. જેમાં ૫૭ વખત મહિલાઓએ આ પારિતોષિક મેળવેલ છે. જયારે ૯ ભારતીયએ આ પારિતોષિક મેળવેલ છે.
- આ પારિતોષિક મેળવનાર પ્રથમ ભારતીય અને નોન-યુરોપિયન રવીન્દ્રનાથ ટાગોર હતા. તેમણે ૧૯૧૩માં સાહિત્યમાં નોબલ પારિતોષિક મેળવ્યો હતો. જયારે ફક્ત એક જ ભારતીય મહિલા, મધર ટેરેસા--જે એક કેથલિક નન હતા તેમને ૧૯૭૯માં શાંતિ માટે આ પારિતોષિક મેળવેલ છે.



- ભારતીય મૂળના અમેરિકન અભિજિત બેનરજીને ૨૦૧૯નો અર્થશાસ્ત્રનો નોબલ પારિતોષિક એસ્થર ડફલો (ફ્રાંસ અમેરિકન), માઇકલ ક્રેમર (અમેરિકન) સાથે સંયુક્ત રીતે વૈશ્વિક ગરીબીને દૂર કરવા માટેના પ્રયોગાત્મક સંશોધન બદલ આપવામાં આવ્યો હતો. વર્તમાનમાં તેઓ માસાશ્યુસેટ ઇન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજીમાં અર્થશાસ્ત્રનાં પ્રૉફેસર છે.

અભિજિત બેનરજી અને તેમના પત્નિ એસ્થર ડફ્લો અબ્દુલ લતીફ જમીલ પોવર્ટી એકશન લેબના સહસ્થાપક પણ છે. આ સંસ્થા પ્રદૂષણ નિયંત્રણ તથા આર્થિક સધ્ધરતા બંને માટે કામ કરે છે. પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે તેમના દ્વારા એક 'એમિશન ટ્રેડિંગ સ્કિમ' વિકસાવવામાં આવી છે. જેનો વિશ્વમાં સૌ પ્રથમ અમલ સુરતમાં કરવામાં આવ્યો હતો. સાથે સાથે એસ્થર ડફ્લો આ ક્ષેત્રમાં એવોર્ડ મેળવનારમાં સૌથી નાની વયે એવોર્ડ મેળવનાર છે અને માઇકલ ક્રેમર આ ક્ષેત્રમાં એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા છે.



● ફક્ત ૧૭ વર્ષની વયમાં ૨૦૧૪માં શાંતિ માટેનો નોબલ પારિતોષિક મેળવનાર મલાલા યુસુફ સૌથી નાની વયમાં નોબલ પારિતોષિક મેળવનાર છે. તેને આ પારિતોષિક ભારતીય કાર્યકર્તા કૈલાશ સત્યાર્થી સાથે સંયુક્ત રીતે આપવામાં આવ્યો હતો.

નોબલ પારિતોષિક જેની યાદમાં આપવામાં આવે છે તે આલ્ફ્રેડ નોબલ સ્વિડિસ વૈજ્ઞાનિક હતો. જે તેની ડાયનામાઇટની શોધ માટે જાણીતો હતો. તેણે પથ્થરો તોડવા માટે ડાયનામાઈટની શોધ કરી પણ પાછળથી તેનો ઉપયોગ માનવસંહાર માટે થવા લાગ્યો, જેથી તે "મોતના સોદાગર" તરીકે જાણીતો થયો. જેના પશ્ચાતાપરૂપે તેણે પોતાની વસિયતમાં પોતાની સંપત્તિનો મોટો હિસ્સો માનવ કલ્યાણ માટે ઉમદા કાર્ય કરનારને ઈનામ રૂપે આપવા માટે વાપરવાનું કહ્યું હતું કે જે નોબલ પ્રાઈઝ તરીકે ઓળખાય છે. ૧૯૦૧માં પ્રથમ વખત આલ્ફ્રેડ નોબલની ૫મી પુણ્યતિથિએ સ્વિડનના સ્ટોકહોમ ખાતે પાંચ પ્રકારનાં નોબલ પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૯૬૮માં અર્થશાસ્ત્રનાં ક્ષેત્રમાં છઠ્ઠા પ્રકારનું પ્રાઈઝ આપવામાં આવ્યું કે જે નોબલ પ્રાઈઝ તરીકે નહી પણ "નોબલ મેમોરિયલ પ્રાઈઝ" તરીકે પ્રસ્થાપિત થયું. આ એવોર્ડ સમારોહ દર વર્ષે ૧૦ ડિસેમ્બરે આલ્ફ્રેડ નોબલની પુણ્યતિથિએ રાખવામાં આવે છે.

ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્રનો એવોર્ડ રૉયલ સ્વિડિશ એકેડેમી ઑફ સાયન્સિસ, સ્ટોકહોમ, સ્વિડન દ્વારા, મેડિસિનનો એવોર્ડ કેરોલિન્સકા ઇન્સ્ટીટ્યુટ, સ્ટોકહોમ, સ્વીડન દ્વારા તથા શાંતિનો પારિતોષિક નોર્વેની સંસદ દ્વારા ચૂટાંયેલા સભ્યોની સમિતિ, ઓસ્લો દ્વારા આપવામાં આવે છે. ●





## સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

## વિશ્વ પાટીદાર સમાજ

### મિશન-૨૦૨૬ અંતર્ગત

## સમસ્ત પાટીદાર સમાજના ભાઈ-બહેનો માટે મહેસૂલી, કાનૂની, સમાજસુરક્ષાને સંલગ્ન પ્રશ્નોના ઉકેલ માટે સરદારધામની આગવી પહેલ (initiative)

**સમસ્ત પાટીદાર સમાજના ખેડૂત મિત્રો, રીઅલ એસ્ટેટ સાથે સંકળાયેલ ડેવલપર્સ, વ્યાપારી/ઔદ્યોગિક મિત્રો તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નો અંગે તમામ ભાઈ-બહેનોને જણાવવાનું કે મહેસૂલી, કાનૂની તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નોના ઉકેલ અને જરૂરી માર્ગદર્શન અર્થે નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરેલ છે, જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓ, મહેસૂલી વિભાગના અનુભવી નિવૃત્ત અધિકારીઓ, નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારીઓ, પોલીસ વિભાગના નિવૃત્ત અધિકારીઓ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તેમજ કાયદાના તજજ્ઞોની સેવાઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે સેવા આપવાનો નિર્ધાર કરેલ છે.**

**www.sardardham.org ઉપર ઉપલબ્ધ નિયત અરજી ફોર્મમાં અથવા સાદી અરજીમાં વિગતો દર્શાવી નીચેના સરનામે મોકલી આપવા વિનંતી. આપના પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત ક્ષેત્રની ટીમ સમક્ષ આપને રૂબરૂ બોલાવવામાં આવશે, જેની સૌ સંબંધકર્તાએ નોંધ લેવા વિનંતી.**

**ગગજી સુતરિયા**
પ્રમુખ સેવક

**સી. એલ. મીના IAS (Retd)**
ડાયરેક્ટર, સિવિલ સર્વિસ

**એચ. એસ. પટેલ IAS (Retd)**
સી.ઈ.ઓ.

**ડી. જે. પટેલ IPS (Retd)**
એડવાઈઝર – સમાજ સુરક્ષા

**સરદારધામ**
વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧
www.sardardham.org • info.sardardham@gmail.com • 91 7575001428



વૃંદા મનજીત

# કચરામાંથી સોનું?

સ્વચ્છતા વિશે લોકોને જાગૃત કરવા માટે ટીવી પર એક વિજ્ઞાપન આવતી હતી. તેમાં એક વિદેશી શહેરની સુંદરતા માણી રહ્યો હોય છે ત્યારે ત્યાંથી પસાર થતી બસમાંથી કોઈ કેળું ખાઈને તેનું છોંતરું બહાર ફેંકે છે જે વિદેશીના મોંઢા પર જઈને પડે છે.

આની આગળ હું તમને મારો અનુભવ જણાવું. સુંદર મોટી અલ્ટ્રા સફેદ ચમચમાતી કારમાં સફેદ કપડાં, સફેદ શૂઝ અને કાંડા પર અફલાતૂન મોંઘી ઘડિયાળ પહેરેલી વ્યક્તિને મેં દરવાજો ખોલીને પાનની પિચકારી મારતા જોયા છે. આ જોઈને મારી એમને માટે એક જ પ્રતિક્રિયા હતી, 'મેરા ભારત મહાન'

દરઅસલ, વાત એમ છે કે ભણેલા હોય કે અભણ, લોકોમાં પોતાના દેશ માટે દેશદાઝ ન હોય તો આવું થાય. વિદેશથી આવીને લોકો મોટી મોટી વાતો કરતા જણાવતા હોય છે કે ત્યાં તો રસ્તામાં જરાય કચરો ન દેખાય, રસ્તામાં જ નહીં અન્ય કોઈ જગ્યાએ કોઈ ઉકરડો જ નથી હોતો. પણ આ જ લોકો પોતાના દેશમાં આવીને તો પાછા એવાં જ થઈ જાય છે 'દેશી'.

રસ્તા પર થૂંકનારા ઘણા લોકો સાથે તો ઘણી વાર મારો ઝઘડો પણ થયો છે. હું તેમને એમ કરવા ના કહું ત્યારે તેમનું તરત રીએક્શન એવું જ હોય, 'આ રસ્તો શું તારા 'પિતા'(ઠઠ)નો છે?' ત્યારે હું મગજ શાંત રાખીને ચહેરા પર સ્મિત રાખીને જવાબ આપતી કે, 'ના, આ રસ્તો મારા અને તમારા બંનેના પિતાનો જ છે કારણ કે આપણા બંનેના ઘેરથી રોડ ટેક્સ ભરાય છે. જો તમે એમ માનતા હો કે આ રસ્તો મારો નથી તો હું તો ટેક્સ ભરું છું પણ તમારી મને ખબર નથી.' આ સાંભળીને સામી વ્યક્તિનો ગુસ્સો શાંત થઈ જતો અને ધીમેથી 'સોરી' કહીને જતા રહેતા.

સૌ જાણો જ છો કે કચરાની કે ઉકરડાની સમસ્યા કે પછી ડમ્પયાર્ડની સમસ્યા કોઈ પણ શહેરની સુંદરતામાં 'ડાઘ' સમાન છે અને આ ડાઘ પેલા વિજ્ઞાપનવાળા સાબુથી ન નીકળી શકે એટલે 'દાગ અચ્છા હૈ' એવું ન કહેવાય. ઉપરાંત તે શહેરના પાણી, હવાના પ્રદૂષણમાં વધારો જ કરે છે. સ્વચ્છતા સાથે સ્વાસ્થ્યનો સીધો સંબંધ છે.

જ્યારે સ્વચ્છતા અભિયાનની શરૂઆત થઈ ત્યારે ફોટોગ્રાફરોની ચાંદી થઈ ગઈ હતી. જે કોઈ સેલિબ્રિટી કે નેતા નવી નક્કોર સાવરણી લઈને રસ્તા પર સફાઈ કરતા હોય (નજીકમાં જ તેમની મોંઘી કાર પાર્ક થઈ હોય) તેવા ફોટા પાડી અખબારો અને મેગેઝિનોમાં છપાતા. પરંતુ એક્ચ્યુલી મોટા પાયે સ્વચ્છતા અભિયાન તીવ્રતાથી શરૂ કર્યું હોય તો કેટલાંક એવાં સ્થાનો ઊડીને આંખે બાઝે અને એવું કહેવાની ઈચ્છા થાય કે 'હા આ સુંદર અને સ્વચ્છ છે.' પરંતુ સરકારે કચરો જુદો રાખવાની અને જુદા જુદા ડબામાં નાખવા માટે બનાવેલી વ્યવસ્થા અમુક સ્થાનોએ સારી રીતે ચાલી પરંતુ દરેક સ્થાને ન ચાલી.



સૌ જાણતા જ હશો કે થોડા જ સમય પહેલા દરેક રાજ્યની સરકારોએ એવું નક્કી કર્યું હતું કે જ્યાંથી કચરો નીકળે છે, જ્યાં તેનું મૂળ છે એટલે કે પ્રત્યેક ઘરમાંથી બહાર આવતા કચરાને શરૂઆતથી

જ સૂકો કચરો, ભીનો કચરો એમ જુદા રાખવા. પરંતુ 'એવી માથાકૂટ કોણ કરે?' એવું વિચારીને કોઈએ એ શરૂ કર્યું નહીં. પછી મ્યુનિસિપલ કોર્પોરેશનો પણ ક્યાં સુધી લોકોની પાછળ પડી રહે! તેથી એ કાર્યક્રમ લગભગ ઠપ થઈ ગયો.

સૂકો કચરો અને ભીનો કચરો છૂટો પાડવાનું શા માટે કહ્યું હતું એ વિશે વિચારીએ તો તેનું મહત્ત્વ ચોક્કસ સમજાય. સૂકા કચરામાં કાગળ, પેન, લાકડું, લોખંડ, એલ્યુમિનિયમ, કપડાં, તૂટેલું રમકડું, પ્લાસ્ટિકના ડબા કે બોટલ્સ, ઈલેક્ટ્રોનિક આઈટેમ્સ જેવાં કે ખરાબ થયેલું કેલ્ક્યુલેટર, બગડેલું માઉસ-કીબોર્ડ કે કમ્પ્યૂટરની અંદરનો કોઈ ભાગ સામેલ ગણી શકાય. જ્યારે એલઈડી મોનિટર અને ટીવી આવ્યાં ત્યારે પેલાં ડબ્બા જેવા મોનિટર અને ટીવીનો પણ ડુંગર ખડકાઈ ગયો હતો, યાદ છે ને?

ભીના કચરામાં શાકના છોતરાં, વધેલું ભોજન, ચા-પત્તી, પૂજાના ફૂલ-પાંદડાં, બાગ-બગીચામાંથી નીકળેલો કચરો વગેરે સામેલ ગણી શકાય.

સૂકા કચરામાં ગણાવેલી દરેક વસ્તુને રીસાઈકલ કરી શકાય છે અને તેના મશીનો પણ આવે છે. કાગળમાંથી કાગળ, પ્લાસ્ટિકમાંથી પ્લાસ્ટિકની વિવિધ આઈટેમો બની શકે છે. જોકે, ભીનો કચરો પણ રીસાઈકલ કરી શકાય છે.

આપણે એ જાણવું અત્યંત જરૂરી છે કે વિવિધ પ્રકારના કચરાને સડવામાં કેટલો સમય લાગે છે. આપણે ખાસ કરીને એવા ઉત્પાદનોના વપરાશને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેને સડવામાં અને માટી સાથે ભળી જવામાં વધુ સમય લાગે છે.

લેન્ડફિલ એટલે કે આપણા ઘરની આસપાસના મોટા ઉકરડામાંથી કોર્પોરેશન દ્વારા ભેગા થયેલા કચરાને એક મોટા સ્થાન પર ડમ્પ કરવામાં આવે. આ લેન્ડફિલમાં સૂકો અને ભીનો કચરો એક સાથે જ હોય છે. તેમાંથી રીસતા ભીના કચરાનો સ્રાવ સ્વાસ્થ્ય માટે ખૂબ હાનિકારક હોય છે. તે નજીકના કોઈ જળાશયમાં ભળે છે, નહિ તો આસપાસની જમીનમાં શોષાય છે જે જમીનની નીચેના પાણીને પ્રદૂષિત કરે છે.

પ્લાસ્ટિક વેસ્ટ – આજે આપણા સૌના ઘરોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ સૌથી વધુ જોવા મળે છે. અનુમાન મુજબ ઝડપી શહેરીકરણ સાથે કચરા પ્રબંધનના અનેક પડકારોનો સામનો કરવો પડે છે. અંદાજે જોઈએ તો ૮૦૦૦થી વધુ શહેરો અને નગરોમાં રહેનારા ૩૭૭ મિલિયન લોકો દર વર્ષે ૬૨ મિલિયન ટન સોલિડ કચરો ઉત્પન્ન કરે છે. પ્લાસ્ટિક એક એવો કચરો છે જેને સડવામાં સૌથી વધુ સમય લાગે છે. સામાન્ય રીતે લેન્ડફિલમાં વિઘટન કરતાં માલૂમ પડ્યું છે કે પ્લાસ્ટિકની કડક વસ્તુઓને સડવામાં લગભગ ૧૦૦૦ વર્ષનો સમય લાગી શકે છે. પ્લાસ્ટિકની થેલીઓને વિઘટન થવામાં લગભગ ૧૦થી ૧૦૦૦ વર્ષ લાગી શકે છે. પ્લાસ્ટિકની પાતળી બોટલને ડી-કમ્પોઝ થવામાં અંદાજે ૪૫૦ જેટલા વર્ષ લાગી શકે છે.

કચરા ભેગાં શાક કે ફળ – તમને ખબર નહીં હોય, નારંગીની છાલને સડતાં છ મહિના લાગે, સફરજનનો કચરો કે કેળાની છાલ એક મહિનામાં સડી જાય અને કોબીજ જેવાં શાકના કચરાને મોટા ઉકરડામાં સડતાં લગભગ ૨૫ વર્ષ પણ લાગી શકે છે.

કાગળ સૌથી ઝડપથી સડી જાય છે તેથી તેને રીસાઈકલ કરવાનું સહેલું પડે છે.

એલ્યુમિનિયમ – એલ્યુમિનિયમના કેન જેમાં આપણે જ્યૂસ વગેરે પીતાં હોઈએ છીએ કે અનેક બેક્ડ વસ્તુઓ લાવતાં હોઈએ છીએ તેને સડતાં લગભગ ૨૫૦ વર્ષ લાગી શકે છે.

ભેગા થયેલા કચરામાં બેટરી, સેનિટરી નેપ્કિન, દૂધના ડબ્બા, સિગારેટના ઠૂંઠાં, કપડાં, કાર્ડબોર્ડ, પગરખાં વગેરે હોય છે. તેમાંના કેટલાંક તરત ગળી જાય છે જ્યારે કેટલાંકને ૧૦૦થી ૮૦૦ વર્ષ લાગી શકે છે.

આ સિવાય નાયલોનના કપડાંને સડવામાં ૩૦-૪૦ વર્ષ, ટીનના કેનને ૮૦ વર્ષ, દોરડાને ૩થી ૧૪ મહિના, એલ્યુમિનિયમ કેનને ૨૦૦-૨૫૦ વર્ષ, ટ્રેન ટિકિટને ૨ અઠવાડિયા, કેનવાસના ઉત્પાદનોને ૧ વર્ષ બેટરીને ૧૦૦ વર્ષ, સેનિટરી પેડ્સને ૫૦૦-૮૦૦ વર્ષ, ઊનના વસ્ત્રોને ૧થી ૫ વર્ષ જેટલો સમય લાગી શકે છે.

આટલું વાંચવામાં કંટાળી ગયાં છો ને? પણ જોજો, આગળ વાંચવાનું બંધ ન કરતા. હવે એક બે એવા નૂસ્ખા જણાવું જે જાણીને તમને જોશ આવી જશે કે આવું કંઈક આપણે પણ કરીએ.

કચરાનો વધતો જથ્થો માનવ અને પર્યાવરણ બંનેના સ્વાસ્થ્ય માટે મોટી ચિંતા બન્યો છે. આપણે અનેક વર્ષથી સાંભળતાં આવ્યાં છે કે જીવનમાં ત્રણ 'આર'ને ઉતારો તો આ સમસ્યાથી નિજાત પામી શકાશે. રિડ્યૂસ, રિયૂઝ અને રિસાઈકલ.

રિડ્યૂસ એટલે એવી વસ્તુઓનો ઉપયોગ ઓછો કરવો જેને સડતાં વર્ષો લાગી જાય છે. રિયૂઝ એટલે એ વસ્તુઓ જે રિસાઈકલ થઈ શકતી હોય અથવા રિસાઈકલ કર્યા વગર ફરીથી પોતાને માટે કે અન્યને માટે ઉપયોગી થઈ શકતી હોય તો તેને ફરીથી ઉપયોગમાં લાવવી. રિસાઈકલ એટલે પ્લાસ્ટિક કે કાગળના કચરાને એક સ્થાને એકઠો કરી તેને રિસાઈકલ કરતા મશીનો લગાવી તેમાંથી અન્ય વસ્તુઓ બનાવવી. ભીના કચરાને એકઠો કરીને તેમાંથી કોમ્પોસ્ટ ખાતર બનાવી શકાય છે જે સોસાયટી, એપાર્ટમેન્ટ કે રો-હાઉસના ગાર્ડનમાં ઉપયોગી થઈ શકે છે અથવા તેને વેચી પણ શકાય છે.

એક બહુ જૂની વાત યાદ આવે છે. સત્યમેવ જયતે નામના કાર્યક્રમમાં તામિલનાડુના એક વેલ્લોર નામના જિલ્લામાં ચંદ્રશેખરન શ્રીનિવાસન કંઈક યુનિક કાર્ય કરે છે. તેમણે જે કાર્યક્રમ કર્યો છે તે

ખરેખર પ્રશંસાને પાત્ર છે ઉપરાંત તેને દરેક રાજ્યમાં શરૂ કરવો જ જોઈએ. જે બીમાર, રસ્તામાં રખડતી ગાયો હોય તેમને તેમણે એક સ્થાને ભેગી કરી. શાકભાજીના માર્કેટમાં કે મોટી હોટલોમાંથી વધી ગયેલું શાકભાજી કે ફળફળાદી અથવા તેના છોતરાનો બધો કચરો ભેગો કરી તેને વ્યવસ્થિત કાપીને નિયમિત એ ગાયોને ખવડાવી અને તેમને પૌષ્ટિક આહાર પૂરો પાડ્યો. આથી ગાયો સ્વસ્થ થઈ અને રોજ છાણ દેતી અને તેમનું રિટાયર્ડ જીવન જીવતી. ગાયોના છાણમાંથી તેમને બાયોગેસ બનાવીને આસપાસના લોકો સુધી પહોંચાડ્યો અને બાકી રહેલા કૂચાને પણ વર્મીકમ્પોસ્ટ ખાતરમાં રુપાંતરિત કર્યું. કેટલું સરસ કામ થયું? ગાયોને શેલ્ટર મળ્યું, રસ્તામાં રઝળતી ગાયો એક સ્થાને જવાથી ટ્રાફિકમાં આવતી અડચણ દૂર થઈ, લોકોને ગેસ મળ્યો અને જેને જરૂર હતી તેને દેશી ખાતર પણ મળ્યું.

આ વિશે ઈન્ટરનેટ પર તપાસ કરતાં એક બીજી વાત સામે આવી કે તેલંગાણાના વારંગળ જિલ્લામાં પણ આ પ્રકારનો કાર્યક્રમ ચાલે છે. જેમાં મ્યુનિસિપાલિટીના અધિકારીઓએ મળીને મોટા ઉકરડા એટલે કે ડમ્પયાર્ડને ઉદ્યાનમાં પરિવર્તિત કરવાની યોજના બનાવેલ છે.



આ તો આપણે બીજા રાજ્યોની વાત કરી પરંતુ હવે આપણા રાજ્ય ગુજરાતના અમદાવાદની વાત કરીએ. અહીં સૌ જાણતાં હશો કે પીરાણા નામની લેન્ડફિલ સાઈટ ખૂબ જ જાણીતી છે. અહીંથી સખત પોલ્યુશન ફેલાય છે. તે લગભગ ૮૪ એકર જગ્યામાં ફેલાયેલી છે. અહીં શહેરનો એક દિવસનો ૧૧૦૦થી ૧૨૦૦ ટન કચરો એકઠો થાય છે. (જુઓ, ઉપરનો ફોટો). આટલા બધા કચરામાંથી માત્ર ૨૦-૩૦ ટકા કચરામાંથી ખાતર બનાવવા માટે માત્ર બે કંપનીઓને કાર્યભાર સોંપાયો છે.

એક હજુ રસપ્રદ વાત કરું. લખનઉના પપ્રા મઉ ગામની મહિલાઓએ સેનિટરી નેપ્કિનનો યોગ્ય રીતે નાશ કરવા માટે એક નવી તરકીબ બનાવી છે. તેમણે એક માટીનું વાસણ લીધું તેમાં થોડાં સૂકાં પાંદડાં પાથર્યાં. તેને ઉપરથી ઢાંકી દીધું પરંતુ તે ઢાંકણા પર બીજું ઢાંકણું મૂક્યું. જેના દ્વારા તેઓ સેનિટરી નેપ્કિનને અખબારના કાગળમાં લપેટીને અંદર નાખી શકે. ૧૨-૧૫ નેપ્કિન ભેગા થતા તેને આગને હવાલે કરવાથી તે રાખમાં ફેરવાઈ જાય છે. આમ સેનિટરી નેપ્કિનનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે છે. એક પ્રકારનું ઈન્સીનરેટર (બાળવા માટેની ભઠ્ઠી) કે અશુદ્ધિનાશક કહી શકાય. જાણકારી માટે એક આંકડો કહું, ભારતભરમાં લગભગ ૩૫૩ મિલિયન મહિલાઓ અને કિશોર વયની છોકરીઓ સેનિટરી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. તો આ રીતે વધુ થોડું વિચારીએ તો મેડિકલ વેસ્ટને પણ આ રીતે બાળીને શહેરની અંદર, હૉસ્પિટલની આસપાસના પ્રદૂષણને ફેલાતું રોકી શકાય છે ઉપરાંત આ પ્રકારનો કચરો એકઠો થાય છે ત્યાં કૂતરાં અને કાગડા ખૂબ મંડરાતા રહે છે તે પણ ઓછા થઈ જશે અને શહેરનું વાતાવરણ શુદ્ધ થશે.

આ સરકાર લેવલની વાત તો થઈ, પરંતુ હવે આપણા પોતાના લેવલ પરની વાત કરીએ. આટલા મોટા ઉકરડા ઉત્પન્ન થાય અને શહેરના શહેર પ્રદૂષિત થાય તે પહેલા આપણે સૌ મળીને કચરો ઓછો કરવાનો પ્રયત્ન કરીએ તો કદાચ આપણું જીવન વધુ ખુશનુમા થઈ શકશે.

૧. જરૂરિયાતથી વધુ સામાન ભેગો ન કરો.
૨. છ મહિના સુધી કોઈ સામાન વાપર્યો ન હોય અને તે વાપરી શકાય તેવો હોય તો તે કોઈ જરૂરિયાતમંદને આપી દો.
૩. પ્લાસ્ટિકની થેલીમાં સામાન લાવવા કરતાં પોતાને ઘેરથી થેલી લઈ જાવ.
૪. ઘરમાં ડબા કે બરણી કાચ કે સ્ટીલના વાપરવા, પ્લાસ્ટિક નહીં.
૫. મંજન કરવા લીમડા કે બાવળના દાતણનો ઉપયોગ શરૂ કરો.
૬. જો ટુથબ્રશ ફેંકવાનું આવે તો તેનો કોઈ બીજો ઉપયોગ શોધો.
૭. કાગળનો ઉપયોગ જેટલો બને તેટલો ઓછો કરો, જેથી જંગલો બચી શકે.
૮. ઑફિસ જેવા સ્થાને ચા માટે કાચના કે માટીના કુલ્લડનો ઉપયોગ કરવો.
૯. કોઈપણ ખાવાની વસ્તુને પ્લાસ્ટિકમાં લાવવાનું ટાળો.
૧૦. ઈલેક્ટ્રોનિક વસ્તુઓ લાવો એટલે વાપરવાનું શરૂ કરો. તે ખરાબ થાય તો તેને બાયબેકમાં અન્ય વસ્તુ લેવી અથવા તેનો કોઈ સુરક્ષિત જગ્યાએ ડિસ્પોઝ ઑફ કરવી. કચરાના ડબામાં ન ફેંકવી.
૧૧. ઘરમાં ભીનો કચરો ભેગો થાય તેને આખી સોસાયટી કે એપાર્ટમેન્ટના સભ્યોએ મળીને કોમ્પોસ્ટ ખાતર બનાવવાનો પ્રયત્ન કરવો.
૧૨. બનાવેલું ભોજન ફેંકવું પડે તે ટાળવા જરૂર જેટલું જ બનાવવું, જો વધી જાય તો કોઈ જરૂરિયાતમંદને આપી દેવું. ●

સામાન્ય રીતે ગામડાનું ચિત્રણ કરવાનું આવે ત્યારે તમારા મગજમાં ચારેય કોર લીલોતરી, વાંસ અને કાદવના બનેલા ઘરો અને તમારા સ્વસ્થ ફેફસાં માટે તાજી હવાવાળું ખુલ્લું ક્ષેત્ર એવું ચિત્ર ઊભું થાય.

આજકાલ વાસ્તવિકતા કંઈક જુદી હોય છે. આરોગ્યપ્રદ ટેવો, જાહેર સફાઈ અને કચરાના નિકાલ માટેની જાગૃતિના અભાવના કારણે મોટા ભાગના ઘરોમાં સ્વાસ્થ્યની સમસ્યા ઊભી થયેલી જણાય છે.



ગુજરાતમાં ગાંધીનગરથી ૧૦ કિલોમીટર દૂર આવેલા અંબાપુર ગામની વાર્તા કંઈક અલગ છે પણ રસપ્રદ છે. વર્ષ ૨૦૧૮ દરમિયાન તળાવો અપશિષ્ટથી છલકતા હતા, કુદરતી હવાને ધૂમ્મસથી ભરેલી ઝેરી હવાએ ગૂંગળાવી નાખી હતી, બાળકો વારંવાર બીમારીમાં પટકાતાં હતાં, ઉકરડામાંથી પ્લાસ્ટિકનું ભોજન કરીને પશુઓનો શ્વાસ રુંધાઈ જતો હતો.

કચરા વ્યવસ્થાપનની કોઈ સિસ્ટમેટિક વ્યવસ્થા ન હોવાથી ૫૦૦થી વધુ પરિવારો ધરાવતું ગામ ધીરે ધીરે તેની ગંદકીમાં ડૂબવા લાગ્યું હતું. સદ્ભાગ્યે, ગાંધીનગરની એલડીઆરપી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ રીસર્ચના વિદ્યાર્થીઓના જૂથે ગામની દુર્દશા જોઈને ક્લિન-અપ ડ્રાઈવ માટે ગામની મુલાકાત લીધી હતી. ગામની અને ગામમાં સ્થિત તળાવો અને જળાશયોની સફાઈ કર્યા પછી પણ તેમને તેમના કામમાં કંઈક ખૂટતું હોય એવું લાગ્યું. એવામાં તેમણે 'વાવો' અભિયાન ચાલુ કર્યું અને વૃક્ષો વાવવાનું કાર્ય હાથ ધર્યું.

હજુ પણ ગામમાં ઊંચા ઊંચા કચરાના પર્વતો પર્યાવરણ પર અસર કરતા હતા, પાણી અને લોકોના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર વર્તાતી હતી. કામ ક્યાંથી શરૂ કરવું એ વિચાર આવતો હતો તેથી કૉલેજના વિદ્યાર્થીઓએ ટીમ બનાવીને કાર્યની વહેંચણી કરી. એક-બે વિદ્યાર્થી ગામના લોકોને સમજાવવા નીકળી પડ્યા તો બીજી ટીમે ઓનલાઈન ફંડ એકઠું કરવાનું શરૂ કર્યું.

આખરે મહેનત રંગ લાવી. આજે અંબાપુરનું ચિત્ર બદલાઈ ગયું છે. તે પ્રાચીન છે અને તેનું પ્રાકૃતિક રહેઠાણ અકબંધ છે. એક એનજીઓ સાથે જોડાઈને કેટલાક વિદ્યાર્થીઓએ સમગ્ર ગામમાં જાગૃતિ અભિયાન ચલાવીને ઘેર ઘેરથી કચરાનો સંગ્રહ કરવાની વ્યવસ્થા ગોઠવી. કમ્પોસ્ટિંગ, રિસાઈક્લિંગ કેવી રીતે કરાય તે વિશેના સમાધાન ગ્રામીણ જનતાને જણાવ્યા અને શીખવ્યા. હવે, અંબાપુરનું વાતાવરણ સ્વાસ્થ્યવર્ધક અને ખુશનુમા છે. લોકો સ્વસ્થ છે. કચરો શોધ્યો જડતો નથી. એનજીઓ અને કૉલેજના વિદ્યાર્થીઓના સંયુક્ત પ્રયત્નોથી અંબાપુર ગામના લોકોમાં સકારાત્મક પરિવર્તન આવ્યું.

**બસ, આપણે સૌ, કચરો ભેગો કરનારા લોકો, સરકારના નિર્ધારિત અધિકારીઓ સાથે મળીને સફાઈ અભિયાન ચલાવીશું તો 'આપણું શહેર, સ્વચ્છ શહેર'માં સૌ પ્રથમ આવી જશે. જરૂર છે માત્ર થોડી મહેનત અને મનમાં સ્વચ્છતાનો જુસ્સો લાવવાની.**

**યાદ છે ને--સ્વચ્છતા પર ગાંધીજીના અગણિત સૂત્રો છે, પણ અહીં એક જ કાફી છે**

**'જે જગ્યાએ હશે ગંદકી, ત્યાં નહી ફળે બંદગી'.**

# HUF



CA દીપાલી કાનાણી

# દ્વારા અનુગામી આયોજન

**A. HUF શું છે?**

- HUF એટલે હિન્દુ અવિભાજિત કુટુંબ. ભારતમાં ઘણા હિન્દુ પરિવારો છે, જે હજુ સુધી ભાગલા પાડી શક્યા નથી અને તે પરિવારો દ્વારા એકઠા કરવામાં આવેલી આવકને સંયુક્ત આવક માનવામાં આવે છે. બૌદ્ધ, હિન્દુઓ, શીખ અને જૈન જેવી હિન્દુ વંશીયતા ધરાવતા ભારતીય નાગરિકો HUFની રચના કરવામાં સક્ષમ છે અને HUF બનાવીને સારી રકમનો કર બચાવી શકે છે.

**B. HUF વિશેની મૂળભૂત બાબતો–**

- લોકોમાં સૌથી સામાન્ય ગેરસમજ એ છે,કે કોઈ વ્યક્તિના મૃત્યુ પછી તેની સંપત્તિ HUFની સંપત્તિ તરીકે સ્થાનાંતર કરવામાં આવે છે. આ ખોટું છે, ભૂતકાળમાં, લોકોએ તેના પિતાના મૃત્યુ પછી મૃત પિતાનું HUF બનાવેલ છે.
- Hindu Succession Act, 1956, મુજબ, જો કોઈ વ્યક્તિ વસિયતનામા વગર મૃત્યુ પામે, તો તે વ્યક્તિના મૃત્યુ પછી તેની સંપત્તિ તેમના કાનૂની વારસદારોને તેમની વ્યક્તિગત ક્ષમતામાં તબદીલ કરવામાં આવે છે.

**C. HUFની રચના–**

- સામાન્ય રીતે લોકો પૂછે છે HUFની રચના કેવી રીતે કરવી? Hindu Act મુજબ, પક્ષોના કોઈ કામ દ્વારા HUFની રચના કરી શકાતી નથી. પરંતુ એકવાર કોઈ વ્યક્તિ લગ્ન કરે,ત્યારે Hindu Undivided Family અસ્તિત્વમાં આવે છે.




- Income Tax Actમાં આ HUFને માન્યતા નથી, પણ HUFનું પોતાનું PAN આવે પછી તે અસ્તિત્વમાં આવે છે.
- As per Income Tax, HUFમાં ઓછામાં ઓછા ૨ સહ-હિસ્સેદાર હોવા જોઈએ. પત્ની ક્યારેય તેના પતિના HUFમાં સહહિસ્સેદાર બની શકતી નથી, જો કે, તે તેના પિતાના HUFમાં સહહિસ્સેદાર બની શકે છે.
- HUF ફક્ત વંશજ એટલે કે બાળકો સાથે હોઈ શકે છે. ૦૯-૦૯-૨૦૦૫ પછી, પુત્ર અને પુત્રી બંનેને HUFમાં સહ-હિસ્સેદાર બનવાનો અધિકાર છે. HUF ફક્ત પુરુષ વ્યક્તિગતથી હોય છે અને તે ક્યારેય સ્ત્રી વ્યક્તિગતથી હોઈ શકે નહી. ૨ ભાઈઓ HUFની રચના કરી શકતા નથી.

**C. સહ-હિસ્સેદાર અને સભ્યો વચ્ચેનો તફાવત–**

- સહહિસ્સેદાર એ વ્યક્તિ છે, જે ભાગલા માટે કહી શકે છે.
- સભ્યો ભાગલા માટે કહી શકતા નથી પરંતુ સહ-હિસ્સેદાર ભાગલા માટે કહી શકે છે. પત્ની ભાગલા માટે કહી શકતી નથી. પરંતુ ભાગલા સમયે પત્ની સંપત્તિમાં ભાગ લઈ શકે છે.

**E. Income Tax Act હેઠળ HUF બનાવવાની પદ્ધતિઓ :**

- જ્યારે કોર્પસ અથવા મૂડી હોય, જે આવક ઉત્પન્ન કરીને આપે,ત્યારે HUF ઉપયોગી થાય છે. પૂર્વજોની સંપત્તિ HUFનું ફંડ અથવા કોર્પસ બનાવી શકતી નથી.
- HUFમાં કોર્પસ અથવા મૂડી લાવવાની ફક્ત ૨ રીત છે – વસિયત અને ભેટ.
- તમારા સંબંધી કે બહારના કોઈપણ વ્યક્તિની વસિયતના આધારે HUFમાં મૂડી લાવી શકાય છે, આ વસિયતમાં સ્પષ્ટપણે લખાણ હોવું જોઈએ કે, વ્યક્તિના મૃત્યુ પછી તેની સંપત્તિ "ABC HUF" અથવા "HUF of ABC"માં સ્થાનાંતર થશે.
- HUFમાં મૂડી લાવવાની બીજી રીત, HUFના સભ્ય પાસેથી HUFને મળેલી ભેટ.

- Section 56(2) of Income Tax Ac મુજબ HUF તેના સભ્યો પાસેથી Rs.50,000 કે તેથી વધુની ભેટ મેળવે,તો તેને Income taxમાં છૂટ આપવામાં આવે છે.
- આ ઉપરાંત, Section 64(2) of Income Tax Act મુજબ જો સ્વહસ્તગત સંપત્તિને HUFની સંપત્તિમાં રૂપાંતરિત કરવામાં આવે અથવા HUFની સંપત્તિ તરીકે ગણવામાં આવે, તો આવી રૂપાંતરિત સંપત્તિમાંથી પેદા થતી આવક ટ્રાન્સફર કરનારની આવક જોડવામાં(Clubbing) આવશે. તેથી આ ફળદાયી નથી.
- ઉદાહરણ તરીકે કોઈ એક સભ્ય Rs. 1 કરોડ તેના HUFને કોર્પસ અથવા કેપિટલ ફંડ માટે આપે તો, Section 64(2) મુજબ HUF દ્વારા પ્રાપ્ત થતી વ્યાજની આવક સભ્યની આવકમાં જોડવામાં (Clubbing) આવશે અને તે મુજબ Tax લેવામાં આવશે. જો કે, આ વ્યાજની આવક પર વધુ રોકાણ કરીને વધુ આવક પ્રાપ્ત થાય તો, તે આવક સભ્યની આવકમાં જોડવામાં (Clubbing) આવશે નહીં.
- ઉપરોક્ત દ્રશ્યને ટાળવા માટે, બહારના લોકો પાસેથી ભેટ લેવી ફળદાયી છે. ભેટમાં સ્પષ્ટપણે લખાણ હોવું જોઈએ કે "હું આ ભેટ દ્વારા રૂ. ____ABC HUF or HUF of ABCને આપું છું."
- HUF કોઈને ભેટ આપી શકશે નહીં, કેમકે તે આંશિક વિભાજન માનવામાં આવશે.
- સામાન્ય રીતે, Rs. 2,51,000ની ભેટ લેવા માટેની સલાહ આપવામાં આવે છે. તેના ઉપર Rs. 52નો Tax આવશે.

### F. HUFના કોર્પસ અથવા મૂડી મેળવવા માટેની સાવધાની :

- પ્રાપ્ત થયેલ ભેટની રકમ Genuine હોવી જોઈએ, એટલે કે ભેટનો સ્રોત ઓળખી શકાય તેવો હોવો જોઈએ,નહીં તો ભેટની રકમ u/s. 68 / 69/69Aમાં ઉમેરવામાં આવશે અને કર જવાબદારીની ગણતરી u/s. 115BBE @ 78% કરવામાં આવશે. ઉપરાંત, જો આ ભેટની આવકની જાણ કરવામાં ન આવે તો, 10% દંડ વસૂલવામાં આવશે.
- U/s. 269ST મુજબ રોકડ ભેટ Rs. 2,00,000/- થી વધુ લઈ શકાશે નહિ.

### G. HUFના સભ્યોના અધિકાર / સભ્યપદ

- ૯-૯-૨૦૦૫ પછી સહહિસ્સેદાર પુત્રીનો અધિકાર સહહિસ્સેદાર પુત્ર જેટલો જ રહેશે. સહહિસ્સેદાર પુત્રીને આ અધિકાર જન્મથી આપવામાં આવેલ છે.
- પરિણીત પુત્રી (જીવનસાથી તરીકે) તેના પતિના HUFમાં ક્યારેય સહહિસ્સેદાર બની શકતી નથી, જો કે, તે તેના પિતાના HUFમાં સહહિસ્સેદાર બની શકે છે.
- ઉદાહરણ તરીકે, એક પરિવારના પિતાનો એક HUF છે, આ HUFના સહહિસ્સેદાર કોણ હશે?
  પિતા, પુત્ર, પુત્રી, પુત્રનાં સંતાન, પુત્રના પુત્રનાં સંતાન, પુત્રની પુત્રીઓ ૪ પેઢી સુધી. કોઈ પણ પેઢી સભ્ય હોઈ શકે છે, પરંતુ સહહિસ્સેદાર નથી. જીવનસાથી સહહિસ્સેદાર બની શકતા નથી.

### H. HUFમાં કર્તાની ભૂમિકા -

- HUF માં કર્તા કોણ હોઈ શકે ? પુત્રી હોય કે પુત્ર, મોટું સંતાન કર્તા બનશે. સુપ્રીમ કોર્ટે નિર્ણય લીધો છે કે સૌથી મોટી દીકરી પણ (લગ્ન કરેલી હોય કે અપરિણીત), કર્તા બની શકે છે. જો કે, પુખ્તવયના સભ્યો, પુત્રી સિવાય અન્ય કોઈ સભ્ય કર્તા બનશે એ નક્કી કરી શકે છે, જો પુત્રી કર્તા બનવા તૈયાર ન હોય તો.
- એક વ્યક્તિ એકથી વધારે (multiple) HUFનો કર્તા હોઈ શકે છે.
- **કેસ - ૧ : ચાર વ્યક્તિઓ સાથેનો HUF** - પતિ, પત્ની, ૨ બાળકો (સગીર), પતિનું મૃત્યુ પામે છે, કર્તા કોણ હશે ? પત્ની કર્તા ન બની શકે, પરંતુ બાળક પુખ્તવયનું ન થાય ત્યાં સુધી પત્ની HUFની બાબતોની દેખભાળ માટે મેનેજર બની શકે છે. આ બાળક પુખ્તવયનું થયા પછી કર્તા બનશે.
- **કેસ - ૨ : ચાર વ્યક્તિઓ સાથેનો HUF** - પતિ, પત્ની, ૨ બાળકો (સગીર), પતિ અને પત્ની બંને મૃત્યુ પામે છે, કર્તા કોણ હશે? કોર્ટ એક વાલીની નિમણૂક કરશે, જે બાળકની પુખ્તવય ન આવે ત્યાં સુધી HUFની બાબતોની દેખભાળ માટે મેનેજર બની શકે છે. આ બાળક પુખ્તવયનું થયા પછી કર્તા બનશે.

### I. શું HUF કોઈ વ્યવસાય પ્રવૃત્તિ કરી શકે છે?

- HUF તેના ભંડોળ (કોર્પસ અથવા મૂડી) માંથી વ્યાપાર પ્રવૃત્તિ કરી શકે છે.
- સામાન્ય રીતે, બેંકો દ્વારા HUFને લોન આપવામાં આવતી નથી.
- HUF વેચાણ પર કમિશન આવક મેળવી શકે છે.
- HUF કોઈ વ્યવસાય (profession) કરી શકતો નથી.
- HUF રોકાણ અને F&O તરીકે શેર ખરીદી અથવા વેચી શકે છે. (This is not for practicing CA who is Karta of a HUF – ICAI Code of Ethics.)
- HUF કર્તા દ્વારા ભાગીદાર બની શકે છે. HUF દ્વારા પ્રાપ્ત મહેનતાણું કર્તાની વ્યક્તિગત આવક તરીકે માનવામાં આવશે- રસિકલાલ જજમેન્ટ. મૂડી પરના વ્યાજને HUFની આવક તરીકે ગણી શકાય. HUF તેના સભ્ય/કર્તા દ્વારા શેર પ્રાપ્ત કરી શકે છે

પરંતુ HUFની ક્ષમતામાં શેર પ્રાપ્ત કરી શકે નહિ.

- જો HUF વ્યવસાય કરે,તો કર્તા તેનું મહેનતાણું લઈ શકે છે.

**J.HUF ના ફાયદા—**

- HUFનો ઉપયોગ ટેક્સ બચત ટૂલ તરીકે કરી શકાય છે — ટેક્સ દરની જૂની અને નવી પદ્ધતિ મુજબ તપાસો.
- HUFમાં કોર્પસ અથવા મૂડી (10-15 લાખ) એકત્રિત ન કરવાની સલાહ આપવામાં આવે છે. જો ત્યાં નાણાંનો સંગ્રહ થાય, તો ચાલુ વર્ષની આવક વહેંચવાની સલાહ આપવામાં આવે છે. Section 10(2) મુજબ—HUFની આવકમાંથી નફા ના શેરને સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવે છે. તેમાં પણ સમાન અથવા અસમાન વિતરણ હોઈ શકે છે.
- HUFના નામે સ્થાવર મિલકત ન રાખવાની સલાહ આપવામાં આવે છે.
- HUF વ્યાજ સાથે અથવા તે વિના લોન લઈ શકે છે અથવા આપી શકે છે.

**K. HUFનું વિસર્જન (dissolution) -**

- બાળકો Release Deed દ્વારા HUFથી બહાર નીકળી શકે છે.
- HUFનું વિભાજન થાય અથવા કોઈ એક સભ્ય બચ્યું હોય ત્યાં સુધી HUF ચલાવી શકાય છે
- પિતાના HUFના ભાગલાના કિસ્સામાં, બાળકોના HUFમાં સમાન વિતરણ વહેંચી શકાય.
- HUF ત્રણ પેઢી સુધી અસ્તિત્વમાં હોઈ શકે છે જેની બહાર સૌથી જૂની HUFનું વિસર્જન (dissolution) કરવું પડે છે.

**L. પ્રકરણ VI-A હેઠળ કપાત**

- 80C-HUF દ્વારા કુટુંબના કોઈપણ સભ્યના જીવન પર ચૂકવવામાં આવેલ જીવન વીમા પ્રીમિયમ.
- 80C-HUFના કોઈ પણ સભ્યના ખાતા માટે HUF દ્વારા PPFનું યોગદાન.
- 80C-HUFના કોઈપણ સભ્યના ખાતા માટે HUF દ્વારા UTIના ULIPમાં યોગદાન.
- 80C-HUFના કોઈપણ સભ્યના ખાતા માટે HUF દ્વારા LICના MF માટે યોગદાન.
- 80D-HUF દ્વારા મેડિકલેમ ઇન્સ્યુરન્સ પ્રીમિયમની ચૂકવણી અથવા HUFના કોઈ પણ સભ્યના સ્વાસ્થ્ય પર વીમો લાગુ રાખવા.
- 80D-HUFના કોઈપણ સભ્યના સ્વાસ્થ્ય પર HUF દ્વારા તબીબી ખર્ચની ચૂકવણી.
- 80D-HUF દ્વારા તબીબી સારવાર માટે ચિકિત્સા ખર્ચ અથવા ચુકવણી અથવા LIC પાસે ડિસેબિલિટી અથવા ગંભીર અપંગતાના નિર્ભરતાની જાળવણી માટે ચૂકવણી.
- 80 DDB-Specified રોગ માટે HUF દ્વારા તબીબી સારવાર તરફની ચુકવણી.
- 80 GGA — વૈજ્ઞાનિક સંશોધન અથવા ગ્રામીણ વિકાસ માટે દાન.
- 80 GGC — રાજકીય પક્ષોને દાન.
- 80 TTA — બચત બેંકખાતાની વ્યાજની આવક.

**M. HUF સાથે કર બચત —**

| Heads of Income | Mr. A (no HUF) | Mr. A with HUF | HUF of Mr. A | Total |
|---|---|---|---|---|
| Salary Income | 20,00,000 | 20,00,000 | - | 20,00,000 |
| House Property Income | (2,00,000) | (2,00,000) | - | (2,00,000) |
| Capital Gains | 1,00,000 | - | 1,00,000 | 1,00,000 |
| Other Sources | 5,50,000 | - | 5,50,000 | 5,50,000 |
| **Gross Total Income** | **24,50,000** | **18,00,000** | **6,50,000** | **24,50,000** |
| Dedn under VI-A | | | | |
| 80C | (1,50,000) | (1,50,000) | (1,50,000) | (3,00,000) |
| 80D | (50,000) | (50,000) | (50,000) | (1,00,000) |
| 80TTA | (10,000) | (10,000) | (10,000) | (20,000) |
| **Net Taxable Income** | **22,40,000** | **15,90,000** | **4,40,000** | **20,30,000** |
| Taxes | 5,03,880 | 3,01,080 | 52,520 | 3,53,600 |
| **Tax Saved** | | | | **1,50,280** |



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

સરદારધામ સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

## આપના વિચારો રજૂ કરવાની સુવર્ણ તક

**નમસ્કાર અમારા આત્મીય પાટીદાર બંધુ-ભગિનીઓ,**

સરદારધામ વિચારયાત્રામાં વધુ ને વધુ લોકો તન-મન-ધનથી જોડાય તેમજ લોકોને તેમના વિચારો રજૂ કરવાની તક મળે તેવા શુભ આશયથી **'સરદારધામ એક વિચાર ઇ-મેગેઝિન'**માં નીચેના વિષયો પર અસરકારક, ઉપયોગી, મુદ્દાસર લેખ મંગાવવાનું મેગેઝિન કમિટી તરફથી નક્કી કરેલ છે. આવેલ લેખમાંથી કમિટી દ્વારા પસંદ કરાયેલ લેખ જે તે વ્યક્તિના નામ અને ફોટા સાથે મેગેઝિનમાં પ્રકાશિત કરવામાં આવશે. લેખ મોકલવાની **છેલ્લી તારીખ દરેક મહિનાની ૨૦ તારીખ** રહેશે. ત્યારબાદ આવેલ લેખ જો પસંદ થશે તો આગામી અંકમાં પ્રકાશિત થશે.

આપનો લેખ magazine.sardardham@gmail.com પર Word ફોર્મેટમાં આપના નામ, નંબર, વિષય અને ફોટા સાથે મેઇલ કરવો.

**લેખ માટેના વિષય નીચે મુજબ રહેશે.**

૧) સ્ત્રીસશક્તિકરણ
૨) બિઝનેસ
૩) મોટીવેશનલ
૪) શિક્ષણ
૫) સરકારની આગામી યોજનાઓ
૬) ફેશન
૭) સક્સેસ સ્ટોરીઝ
૮) ભાવિ પડકારો
૯) તંદુરસ્તી
૧૦) પ્રવાસ
૧૧) પ્રશ્નોત્તરી - કાનુન / મહેસુલ / સમાજ / ખેતી / જનરલ
૧૨) પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ખેતી)
૧૩) સ્પોર્ટ્સ




**મેગેઝિનમાં લેખ માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭/ ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham

# સરદારધામ ભવનના ગૌરવવંતા ભામાશાશ્રીઓ



ડૉ. ગોવિંદભાઈ એલ. ધોળકિયા
શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ, સુરત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી રમેશભાઈ એમ.પટેલ
મેઘમણિ ગ્રૂપ
અમદાવાદ



શ્રી લવજીભાઈ ડી. ડાલિયા
(બાદશાહ) અવધ-અંજનિ ગ્રૂપ, સુરત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



સ્વ. શ્રી પોપટભાઇ એન. ડુંગરાણી
જયફન પાર્ક પ્રા. લિ., સુરત



CA વી.વી. પટેલ
યુ. આર. એનર્જી
અમદાવાદ



શ્રી જશવંત એ. પટેલ
શ્યામલ ડેવલપર્સ-અમદાવાદ (સ્થાપક ટ્રસ્ટીશ્રી)
સિવિલ સર્વિસ સેન્ટરના નામકરણના દાતાશ્રી

# સરદારધામના ગૌરવવંતા દાતાશ્રીઓ



શ્રી પારૂલભાઈ એલ. કાકડિયા
નિશાંત એન્ટરપ્રાઈઝ પ્રા.લી., વડોદરા
સ્થાપક ટ્રસ્ટીશ્રી
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત



શ્રી રમેશભાઈ એ. પટેલ
રમેશ પટેલ બિલ્ડર્સ પ્રા. લી., વડોદરા
સ્થાપક ટ્રસ્ટીશ્રી
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત



શ્રી વિપુલભાઈ વી. ગજેરા
નીલ પીગમેન્ટ પ્રા.લી., અંકલેશ્વર
સ્થાપક ટ્રસ્ટીશ્રી
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત



શ્રી દુષ્યંતભાઈ આર. પટેલ
એસ્ટ્રલ સ્ટેરીટેક પ્રા. લિ. વડોદરા
સ્થાપક ટ્રસ્ટીશ્રી
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત



શ્રી પ્રભુલાલભાઈ એમ. ધોળુ
પી.સી. પટેલ ઈન્ફ્રા પ્રા. લી.
સ્થાપક ટ્રસ્ટીશ્રી
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત



શ્રી રમેશભાઈ કે. બલર
ઍરોસ્પેસ એન્જિનિયર
યુ.એસ.એ.
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી રણછોડભાઈ જોઈતારામ પટેલ
રણજીત બિલ્ડકોન લિ. પરિવાર
(સરદાર સાહેબની પ્રતિમાના દાતાશ્રી)
સ્થાપક ટ્રસ્ટીશ્રી
અમદાવાદ



શ્રી લાલજીભાઈ ટી. પટેલ
ધર્મનંદન ડાયમંડ, સુરત
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી કાંતિભાઈ વી. ઉકાણી
ભૂમિ ડેવલોપર્સ, અમદાવાદ
ડાઈનિંગ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



ડૉ. ચિતરંજનભાઈ એ. પટેલ
યુ.એસ.એ.
ઈ-લાઈબ્રેરીના દાતા



શ્રી માધવજીભાઈ ડી. માંગુકિયા
લેન્ડ માર્ક , સુરત
કન્યા છાત્રાલય વિંગના દાતાશ્રી



શ્રી દર્શનભાઈ એન. પટેલ
વિની કોસ્મેટીક્સ પ્રા. લી.
અમદાવાદ
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી

# સરદારધામના ગૌરવવંતા સ્થાપક ટ્રસ્ટીશ્રીઓ


શ્રી કંદર્પભાઈ કે. અમીન
આર્ચિત ઓર્ગેનાસીસ લી.
અમદાવાદ


શ્રી પરેશભાઈ એમ. ગજેરા
શિવમ ડેવલોપર્સ એન્ડ ક્રેડાઈ
ગુજરાત પ્રેસિડન્ટ, રાજકોટ


શ્રી ભરતભાઈ કે. બોઘરા
ધ્રુવ કોટન પ્રોસેસિંગ પ્રા. લી.
જસદણ


શ્રી નંદલાલભાઈ એલ. માંડવિયા
મે. નંદલાલ એલ. માંડવિયા
રાજકોટ


શ્રી શેખરભાઈ જી. પટેલ
ગણેશ હાઉસીંગ લી.
અમદાવાદ


શ્રી મયંકભાઈ એસ. પટેલ
વડોદરા


શ્રી હરેશભાઈ ડી. પરવાડિયા
સુરત


શ્રી મનસુખભાઈ એમ. કપોપરા
રૂદ્ર ડેવલોપર્સ
અમદાવાદ


શ્રી મનહરભાઈ જે. સાંચપરા
યુરો ફુડ્સ
સુરત


શ્રી રમેશભાઈ પાટીદાર
(બહેરીનવાળા) સન હોટેલ
એન્ડ રિસોર્ટ, રાજસ્થાન


શ્રી વિવેકભાઈ પી. પટેલ
આયર્ન ડેવલોપર્સ
અમદાવાદ


શ્રી કિરીટભાઈ ડી. પટેલ
બરોડા બુશીંગ એન્ડ ઈન્સ્યુલેટર્સ
એલ.એલ.પી., વડોદરા


શ્રી ભુપતભાઈ કે. ભાયાણી
એમ. એમ. યાર્નસ પ્રા. લી.
જસદણ


શ્રી કમલેશભાઈ કે. ગોંડલિયા
તક્ષશિલા ડેવલોપર્સ
અમદાવાદ


શ્રી પ્રવિણભાઈ એસ. પટેલ
આદર્શ એન્ટરપ્રાઈઝ
વડોદરા


શ્રી દિનેશભાઈ બી. પેથાણી
(બાપુનગર વોર્ડ કોર્પોરેટર)
દેવમ ડેવલોપર્સ, અમદાવાદ


શ્રી ભૂપેશભાઈ એસ. પટેલ
મધરલેન્ડ ઈન્ટીગ્રેટેડ
અમદાવાદ


શ્રી અશોકભાઈ ડી. બાબરિયા
૩-બી ફિલ્મ્સ પ્રા.લિ.,
વડોદરા


શ્રી ચતુરભાઈ એન. કથીરીયા
યુ.એસ.એ.


શ્રી અરવિંદભાઈ એ. દોમડિયા
કૃણાલ કન્સ્ટ્રક્શન પ્રા. લી.
રાજકોટ


શ્રી આશિષભાઈ કે. પટેલ
આસ્થા બિલ્ડર્સ
અમદાવાદ


શ્રી કમલેશભાઈ પટેલ
અંબિકા ટ્રેડર્સ
વડોદરા


શ્રી ગોપાલભાઈ ડી. પટેલ
મયંક બ્રાસફીટ પ્રા. લી.- જામનગર એવમ્
પ્રમુખશ્રી કાલાવાડ અકબરી કન્યા છાત્રાલય
જામનગર


શ્રી ઘનશ્યામભાઈ પી. હિરપરા
અમદાવાદ


શ્રી ચતુરભાઈ આર. ચોડવડિયા
પુષ્કર ગ્રૂપ
અમદાવાદ


શ્રી જગદીશભાઈ ડી. સંઘાણી
બાબરીયા ઈસ્ટીટ્યુટ ઓફ
ટેકનોલોજી, વડોદરા


શ્રી જગદીશભાઈ બી. પટેલ
પ્રેસીડન્ટ, રાજપથ કલબ
અમદાવાદ


શ્રી જીતુભાઈ એસ. વાઘાણી
એમ.એલ.એ.
ભાવનગર


ડૉ. જગદીશભાઈ સખિયા
સખીયા સ્કીન ક્લીનીક
સુરત


શ્રી ત્રિકમભાઈ જે. પટેલ
પ્રેસીડન્ટ - ઈન્ફ્રા
અમદાવાદ


શ્રી દિલીપભાઈ બી. પટેલ
કાવ્યરત્ન ગ્રૂપ
ગાંધીનગર


શ્રી ધીરૂભાઈ પી. ઉકાણી
શિવમ્ એન્ટરપ્રાઈઝ
સુરત


શ્રી નાનુભાઈ કે.સાવલિયા
સુખવીલા ડેવલપર્સ
સુરત


શ્રી નારાયણભાઈ વી. પટેલ
પૂર્વ ચેરમેન સરદાર
સરોવર/વુડા, વડોદરા


શ્રી નિરવભાઈ ડી. ખૂંટ
પુષ્પ ગ્રૂપ
અમદાવાદ


શ્રી બાબુભાઈ એન. પટેલ
સરસ્વતી રાઈસ મિલ
અમદાવાદ

# સરદારધામના ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ


શ્રી મહેન્દ્રભાઈ એલ. પટેલ
ઓરબીસ એલીવેટર
અમદાવાદ


શ્રીમતી આશાબેન વી. પટેલ
વી. વી. પટેલ એન્ડ કં.
અમદાવાદ


શ્રી હર્ષ વી. પટેલ
વી વી પટેલ એન્ડ કં.
અમદાવાદ


શ્રી રાજીવકુમાર કાંતિલાલ પટેલ
અમરનાથ ગ્રૂપ
અમદાવાદ


શ્રી હરીભાઈ બી. ઉકાણી
વાસુ હેલ્થકેર
વડોદરા


શ્રી સુરેશભાઇ એમ. ભીંગરાડિયા
રામદેવ કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ
અંકલેશ્વર


શ્રી મહેન્દ્રભાઈ જે. વડોદરિયા
મહાવીર ડેવલપર્સ
અમદાવાદ


શ્રી કરમશીભાઈ ડી. પીઢડિયા
સિદ્ધાર્થ ઈન્ટરકેમ પ્રા.લિ.
અંકલેશ્વર


શ્રીમતી હંસાબેન કે. પીઢડિયા
સિદ્ધાર્થ ઈન્ટરકેમ પ્રા.લિ.
અંકલેશ્વર


શ્રી અજીતભાઈ ટી. પટેલ
અપોલો ગ્રૂપ
મહેસાણા


શ્રી રીપલભાઈ એન. પટેલ
પેરાગોન ઓર્ગેનિક્સ
વડોદરા


શ્રી મફતભાઈ બી. પટેલ
રાજકમલ ગ્રૂપ
અમદાવાદ


શ્રી જગદીશભાઈ બી. પટેલ
યુનિવર્સલ મેડીકેપ લી.
વડોદરા


શ્રી મનસુખભાઈ ડી. ઝાલાવાડિયા
યુનિટી કોર્પોરેશન
રાજકોટ


શ્રી પોપટભાઈ આર. ભાલાળા
જય શ્રી રામ એલ.એલ.પી.
યુ. એસ. એ.


શ્રીમતી ઉર્મિલાબેન પી. ભાલાળા
યુ.એસ.એ.


શ્રી ભરતભાઈ બી. વઘાસિયા
કો. સેક્ટરેટરી સૌરાષ્ટ્ર લે. પટેલ
અમદાવાદ


શ્રી દિનેશભાઈ બી. શ્યાણી
અવધેશ રિઅલ એસ્ટેટ ડેવલપર્સ
અમદાવાદ


શ્રી અરવિંદભાઈ કે. પટેલ
અનમોલ ઈન્ફ્રાબિલ્ડ એલએલપી
(અમરનાથ ગ્રૂપ) અમદાવાદ


શ્રી ભીખુભાઈ જે. ગઘેથરિયા
મારૂતિ સ્ટોન ક્રશર કંપની
અંકલેશ્વર


શ્રી પ્રણયભાઈ અમીન
યુ. એસ. એ.


શ્રી ભરતભાઈ વી. ડોબરિયા
યુ. એસ. એ.


શ્રી કમલેશભાઈ પી. સાવલિયા
શાલિગ્રામ ગ્રૂપ
અમદાવાદ


શ્રી જયેશભાઈ પી. પટેલ
અગ્રણી બિલ્ડર
અંકલેશ્વર


શ્રી કાંતિભાઈ વી. ભુવા
ડિમ્પલ પોલીમર્સ
વલ્લભવિદ્યાનગર


ડૉ. આર. જી. પટેલ
સન ફ્લાવર હોસ્પિટલ
અમદાવાદ


શ્રી શૈલેષભાઈ એમ. પટેલ (ચત્રભુજ)
ભુદરદાસ સેવાનિધિ ચેરિટેબલ
ટ્રસ્ટ, અમદાવાદ


શ્રી જયેશભાઈ સી. પટેલ
વિમલ ગ્રૂપ
અમદાવાદ


CA શ્રી બી. કે. પટેલ
બી. કે. પટેલ એન્ડ કં.
અમદાવાદ


શ્રી માવજીભાઈ પી. લુણાગરિયા
શારદા ઈન્ફ્રા
અમદાવાદ


શ્રી પંકજભાઈ એમ. ઉકાણી
એમટેક્ષ ડાય-કેમ
અમદાવાદ


શ્રી નાગજીભાઈ એન. શિંગાળા
શિવાલય કોર્પોરેશન
અમદાવાદ


શ્રી ભરતભાઈ ટી. પટેલ
રચના ડાયકેમ
અંકલેશ્વર


શ્રી રાજેશભાઈ બી. પાદરિયા
સૂર્યમ ગ્રૂપ
અમદાવાદ


શ્રી મફતભાઈ એમ. પટેલ
વિહિતા કેમ પ્રા. લી.
અંકલેશ્વર


શ્રી દિનેશભાઈ એ. પટેલ
ઊંઝા-એ.પી.એમ.સી.
મહેસાણા

# સરદારધામના ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ


શ્રી જીણાભાઈ આર. દુધાત
રૉયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
વડોદરા


શ્રી દીલીપભાઈ એમ. પટેલ
નેતાજી-માનદ્‌મંત્રીશ્રી
ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા


પ્રૉ.ડૉ. જાગૃતિબેન જે. પટેલ
કન્વીનર-દીકરી સ્વાવલંબન
યોજના, સરદારધામ અમદાવાદ


શ્રી સંજયભાઈ સી. પટેલ
પંચમ ગ્રૂપ
વડોદરા


શ્રી લક્ષ્મણભાઈ આઈ. પટેલ
આલ્ફા કોલેજ ઓફ એન્જિ.
અમદાવાદ


શ્રી જીગ્નેશભાઈ એમ. પટેલ
ક્રીએટીવ સ્ટુડિયો
અમદાવાદ


શ્રી દિલીપભાઈ જી. પટેલ
આર્યવત ડેવલોપર્સ
અમદાવાદ


શ્રી હર્ષદભાઈ જે. પટેલ
ઈન્ડો એલ્યુમિનિયમ પ્રા.લિ.
અમદાવાદ


શ્રી ભાઈલાલભાઈ જી. જાગાણી
દીપ કલર્સ પ્રા.લી.
વડોદરા


શ્રી અરવિંદભાઈ પી. પટેલ
ડેકોરા ગ્રૂપ
રાજકોટ


શ્રી અરવિંદભાઈ કે. પટેલ
મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી.
કડી


શ્રી અરવિંદભાઈ ડી. અકબરી
હર્ષ કન્સ્ટ્રક્શન
અમદાવાદ


શ્રી અરવિંદભાઈ એમ. પટેલ
ભાયલી


શ્રી કમલેશભાઈ બી. પટેલ
એશિયન ગ્રેનાઈટો ઈન્ડિયા લી.
અમદાવાદ


શ્રી કલ્પેશભાઈ એમ. પટેલ
(જય રણછોડ)
મ્યુનિસિપલ કોર્પોરેટર વડોદરા - આશ્રય ગ્રૂપ
વડોદરા


શ્રી કુમનભાઈ બી. વરસાણી
શ્રીજી કૃપા પ્રોજેક્ટ્સ
રાજકોટ


શ્રી ગોપાલભાઈ કે. પટેલ
શ્યામલ ડેવલોપર્સ
અમદાવાદ


શ્રી ચતુરભાઈ એસ. સતાસિયા
સ્વસ્તિક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક
અમદાવાદ


શ્રી જગદીશભાઈ આર. કોટડિયા
ફાલ્કન ગ્રૂપ
રાજકોટ


શ્રી જયંતિભાઈ એમ. ઝાકાસણિયા
બેકબોન ગ્રૂપ
અમદાવાદ


શ્રી જયેશભાઈ પટેલ
ક્રિષ્ના ડેવલોપર્સ
સુરત



શ્રી જયંતિભાઈ એમ. પોકર
જે. પોકર ગ્રૂપ
મુંબઈ


ડૉ. અંકુર બી. પાંચાણી
રાજકોટ


ડૉ. ડી. જી. પટેલ
સન ફ્લાવર લેબોરેટરી
અમદાવાદ


શ્રી દિવ્યેશભાઈ સાવલિયા
જીઈબી એન્જિનિયર્સ એસો.
જેતપુર


શ્રી નરેન્દ્રભાઈ જે. પટેલ
સોહમ ગ્રૂપ
અમદાવાદ


શ્રી નવનીતભાઈ એલ. પટેલ
પ્રસંગ તથા પ્રીત પાર્ટી પ્લોટ
વડોદરા


શ્રી નારણભાઈ એન. પટેલ
ગુડ લક (અર્બન બેંક)
મહેસાણા


શ્રી પ્રબોધભાઈ બી. પટેલ
કાંગારૂ ઈન્ડસ્ટ્રીઝ
અંકલેશ્વર


શ્રી પ્રવિણભાઈ આર. પટેલ
ચેરમેનશ્રી નિયોટેક ટેકનીકલ
કેમ્પસ-વડોદરા


શ્રી પ્રવિણભાઈ એન. બવાડિયા
સિટી એસ્ટેટ મેનેજમેન્ટ
અમદાવાદ


શ્રી પ્રવિણભાઈ એન. શેરસિયા
યુનિક ફોર્ગીંસ (ઇ) પ્રા.લિ.
આણંદ


શ્રી ફુલાભાઈ બી. કોટડિયા
શ્રીનંદ સીટી
અમદાવાદ


શ્રી બિરેનભાઈ વી. બવાડિયા
સુપિરીયર ફેરોકાસ્ટ
સુરત


શ્રી ભરતકુમાર આર. પટેલ
ફેમીલી વેલફેર કન્સલટન્ટ
વડોદરા


શ્રી ભરતભાઈ એ. નારોલા
દુબઈ

## સરદારધામના ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ



શ્રી કૌશિકભાઈ એન. પટેલ
કિંગ એસિડ કેમિકલ
અંકલેશ્વર



શ્રી કલ્પેશભાઈ કોઠિયા
REINE LIFESCIENCE
અંકલેશ્વર



શ્રી સુરેશભાઈ એમ. પટેલ
સુફાર્મા કેમ
અંકલેશ્વર



શ્રી રામજીભાઈ એમ. માંગુકિયા
એગ્રીલેન્ડ બાયોટેક લિ.
વડોદરા



શ્રી રવિન્દ્રભાઈ એસ. પટેલ
શ્રી ગાયત્રી એન્ટરપ્રાઈઝ
વડોદરા



શ્રી વિનુભાઈ પી. પડશાળા
હિરામણી બિલ્ડકોન
અમદાવાદ



# સરદારધામ અમદાવાદ - ૨૦૨૧




## આપણાં સૌનું સહિયારું લક્ષ્ય સરદારધામ મધ્ય ગુજરાત (વડોદરા) - ૨૦૨૨




**JOIN US ON SOCIAL MEDIA PLATFORM**

SardardhamOfficial | SardardhamOfficial | sardardham_official | +91 7575001428 | sardardham_ | SardardhamOfficialGroup


**સરદારધામ મધ્યસ્થ કાર્યાલય**

સરદારધામ , વૈષ્ણોદેવી સર્કલ , એસ.પી.રીંગ રોડ , અમદાવાદ-૩૮૨૪૨૧
Mo – 7575001548 / 1596 / 1438
Email - info.sardardham@gmail.com | hostel@sardardham.org

**સરદારધામ મધ્ય ગુજરાત કાર્યાલય**

સરદારધામ મધ્ય ગુજરાત, એલ એન્ડ ટી નોલેજ સિટીની બાજુમાં,
વાઘોડિયા ક્રોસિંગ પાસે, નેશનલ હાઈવે-8A, વડોદરા - ૩૯૦૦૨૦
Mo – 7575033001
Email - sardardham.baroda@gmail.com

**સરદારધામ દક્ષિણ ગુજરાત કાર્યાલય**

સરદારધામ દક્ષિણ ગુજરાત, ૪થો માળ , પ્રભુ પ્રસાદ,
ન્યૂ SRK હાઉસ ની નજીક, હિન્દૂ મિલન મંદિર ની સામે,
કાસાનગર ત્રણ રસ્તા, કાસા નગર, કતારગામ-૩૯૫૦૦૪
Mo- 7575007186 • Email - sardardhamsurat@gmail.com

**સરદારધામ સૌરાષ્ટ્ર કાર્યાલય**

સરદારધામ સૌરાષ્ટ્ર, મારવાડી સ્ટોક એક્ષ્ચેન્જ સામે,
ટ્રીનીટી હોસ્પિટલની બાજુંમાં, નાના મવા મેઈન રોડ,
રાજકોટ -૩૬૦૦૦૪ ● Mo – 7575009796
Email - sardardham.rajkot2019@gmail.com

**સરદારધામ ઉત્તર ગુજરાત કાર્યાલય**

સરદારધામ GPBO હોલ, એપોલો આર્કેડ,
વિશ્વકર્મા વાડી સામે, મોઢેરા રોડ, મહેસાણા
Mo – 7575001774
Email - gpbomehsana@gmail.com

GPBO અંગે માહિતિ માટે - 7575007183

યુવા તેજ તેજસ્વિની અંગે માહિતિ માટે - 7575007184

દિકરી સ્વાવલંબન યોજના અંગે માહિતિ માટે - 7575001428

સિવિલ સર્વિસ કેન્દ્ર - 7575008386 / 7184
Email - csc@sardardham.org

Website – www.sardardham.org



Registration Under FCRA & 80G – Sardardham

PAN - AAPTS3354N

GSTIN : 24AAPTS3354N1ZU